بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**ઓગસ્ટ-૨૦૨૦**

ઝીલ કૂઅદ-ઝીલ હજ્જ
હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૭, અંક : ૦૮, સળંગ અંક : ૧૯૯

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **મૌત નિશ્ચિત છે પણ આપણી શું તૈયારી છે ?** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 04 | શરહે હદાઈકે બખ્શિશ | 15 |
| 05 | ફુતૂહુલ ગયબ *(એટલે ગૌષ પાક رحمۃ اللہ علیہ ના વઅઝ)* | 19 |
| 06 | لَیۡسَ مِنَّا 'તે અમારો નથી' | 23 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 26 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ | 30 |
| 09 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 33 |
| 10 | દીનની દા'વત સંબંધે અમુક અપીલો | 38 |
| 11 | હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ અને શરીઅતની પાબંદી | 45 |
| 12 | સોશિયલ ડિસ્ટન્સ કે સાથ નમાઝ પળ્હને કા હુકમ | 49 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


હુસૈન કે નામે પાક પર આજ નૂરી મેલા જો સજ ગયા હૈ
યહ નૂરે અહમદ કા હૈ તસદ્દુક હર એક નૂરી બના હૂવા હૈ
દરે નબી પર હુસૈન આએ હૈં, અર્ઝ કરને સલામે રૂખસત
લિપટ લિપટ કર મઝાર સે અબ, નવાસા નાના કા રો રહા હૈ
નબી કા યે લાડલા નવાસા, ખળા હૈ મૈદાં મેં ભૂકા પ્યાસા
વો જિસ્કા કૌષર પે હૈ ઈજારા, ઉસીકા સુખા હુઆ ગલા હૈ
ભતીજે બેટે હૈં ગિરતે જાતે, જિગર કે ટુકળે હૈં કટતે જાતે
હુસૈન આગે હૈં બળ્હતે હૈં જાતે, રવાં જિનાં કો યે કાફિલા હૈ
યઝીદિયોં કો પરે હટાએ, ફુરાત પર વો ઈમામ આએ
મગર યે પાની પિયે તો કૈસે, ખયાલ ઝૈનબ કા આ ગયા હૈ
હમારી સારી નમાઝે કુર્બાં, ઉસ એક સજદે કી અઝમતોં પર
વો સજદા જો ફાતિમા કે બેટેને કર્બલા મેં અદા કિયા હૈ
ખુદા કે રસ્તે મેં ઘર લૂટાના, હમેશા હક્ક કા હી સાથ દેના
યે વો સબક હૈ હુસૈનને જો, ગલા કટાકર હમેં દિયા હૈ
હુસૈન કા નામ ઔર માતમ ! નહીં યે એહલે સુનન કા શેવા
શહીદ મરતે નહીં હૈ **'નઝમી'** કુર્આન એલાન કર રહા હૈ

રઝ : હઝરત આલે રસૂલ સૈયદ હસનૈનમિયાં નઝમી મારહરવી رحمۃ اللہ علیہ

# મૌત નિશ્ચિત છે

## પણ આપણી શું તૈયારી છે ?

*તંત્રી લેખ........*

**મૌત સે કિસ કો રાસ્તગારી હૈ**
**આજ ઉસ્કી કલ હમારી બારી હૈ**

વર્તમાન સમયમાં દુનિયાભરમાં એક ભય છવાય ગયો છે અને તે છે મૌતનો ભય ! 'કોરોના' નામની બીમારીના નામથી લોકો ડરી રહ્યા છે. આજે તા. ૧૧-૭-૨૦૨૦ના રોજના આંકડા પ્રમાણે વર્લ્ડમાં ૧,૨૬,૮૩૮૭૪ કેસો અને ૫,૬૪,૪૮૫ મરણ થયાં છે. અને ઈન્ડિયામાં કોરોનાના કન્ફર્મ પોઝિટિવ કુલ કેસો ૮,૪૨,૯૯૯ અને કુલ મૃત્યુ આંક ૨૨૫૫૪ દર્શાવે છે. ૩૦ જાન્યુ. ૨૦૨૦ના રોજ પ્રથમ કોરોના વાયરસ કેસ રિપોર્ટ થયો હતો. ૩ ફેબ્રુઆરીએ ફકત ત્રણ કન્ફર્મ કોવિડ-૧૯ કેસો હતા, પછી માર્ચના બીજા અઠવાડિયાથી કેસો વધવા માંડયા. ૧૦ માર્ચે ૫૦ થયા, ૨૦ માર્ચે ૧૯૬ કેસો થયા, ૨૫-માર્ચે ૬૦૬, ૩૧ માર્ચે-૧૩૯૭ થયા. વધતાં વધતાં આજે ગુજરાત ૪૧ હજારનો આંકડો પાર કરી ગયું છે અને ૨૦૩૩ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે અને રોજ બરોજ એમાં વધારો થતો જઈ રહ્યો છે. મૌતનું તાંડવ જગતભરમાં છવાયું છે. ઈન્ડિયામાં ગુજરાત, મહારાષ્ટ્ર, યુ.પી., કર્ણાટક, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ તથા દિલ્હી વગેરેમાં આ વબા અધિક ફેલાયી છે અને ગુજરાતમાં અમદાવાદ-૩૬૮૫, સૂરત-૨૮૩૪, નવસારી-૧૧૭, રાજકોટ-૪૫૬, વડોદરા-૮૬૫, વલસાડ-૨૧૫, ભરૂચ-૧૭૬, ભાવનગર-૩૬૭, ગાંધીનગર-૨૩૪ કેસો દર્શાવાય છે અને લોકોના મૃત્યુનો આંક દિન પ્રતિ દિન વધી રહ્યો છે. દિવસ, બે દિવસ, પાંચ દિવસમાં સાજા સમા માણસોના મૃત્યુના સમાચાર આવવાનુ સામાન્ય થતુ જાય છે. હજી સુધી કોઈ ખાસ દવા આ વબા માટે શોધાયી નથી. કહેવામાં આવે છે કે આવનારા દિવસોમાં આ બીમારી હજી અધિક ફેલાતી જશે અને કહે છે ઈન્ડિયામાં ૭૦% ફેલાય જશે, જે બચશે તે બચશે જે જશે તે જશે !

### ★ મૌત તો ગમે ત્યારે નિશ્ચિત છે જ ! ★

રબ તઆલાના ફર્માન : كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ "દરેક જીવે મૌત ચાખવાની છે." (સૂરએ આલે ઈમરાન, ૩/૧૮૫)ના મુજબ મૌત અનિવાર્ય ચીજ છે, ચાહે વહેલુ આવે કે થોડુ મોડુ આવે, ચાહે હાલની વબાથી આવે કે અન્ય કારણસર આવે, પણ આવશે અને આવશે જ ! અને આ દુનિયા આપણે છોડવાની છે જ. દરેક બીમારીની દવા થઈ શકે છે પણ મૌતની કોઈ દવા જ નથી તે આવશે અને આવશે જ ! એ વાત સહીહ છે કે આપણે હાથે કરીને સામે ચાલીને મૌતને ભેટવા ન જવું જોઈએ જેથી જે જે સૂચનો હાલ આ કોરોના વાયરસની વબાથી બચવા માટેનાં છે તેના પર દરેકે અમલ જરૂર કરવો જોઈએ અને બેપરવા કે બહાદુર ન બનવું જોઈએ કે હવે એકવાર જ મરવાનું છે ને ! કેમ કે જ્યારે મૌત નજીક આવી જાય છે તો એવાઓની બહાદુરી ક્યાં સંતાય જાય છે અને જીવવા ફાંફાં મારવા લાગે છે. **અગત્યની બાબત એ છે કે આપણુ મૌત ઈમાન પર થાય એના માટે સતત સાવચેત તથા ચિંતિત રહેવું જોઈએ** કેમ કે **ઈમાન પર ખાત્મો નહીં થાય તેને હમેશાંની જહન્નમમાં સળગવાનું છે.** આપણા બુઝુર્ગો ઈમાન પર મૌત માટે કેટલા ચિંતિત હતા તે જુઓ :

ઈબ્ને અબી દુન્યાએ ઉમ્મુદ દરદાથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે અબૂ દરદાની આ ટેવ હતી કે જ્યારે કોઈ નેક આદમીની વફાત થતી તો આપ ફર્માવતા કે હે કાશ ! હું તારી જગ્યાએ હોત ! તો એના પર તેમના માંએ કોઈ વાંધો ઉઠાવ્યો તો આપે ફર્માવ્યું, **તમે નથી જાણતાં કે આદમી સવાર ઈમાનની હાલત પર કરે છે અને સાંજે મુનાફિક થઈ જાય છે અને તેનું ઈમાન અજાણતામાં તેનાથી છીનવી લેવામાં આવે છે.** એટલા માટે હું આ મૈયત પર રશ્ક (એ ઈચ્છા છે કે જે વસ્તુ બીજાને પ્રાપ્ય છે મને પણ મળે) કરું છું અને તેને એ જિંદગી પર અગ્રિમતા આપુ છું જેમાં નમાઝ, રોઝા હોય. કેમ કે અગર કુફ્ર થઈ ગયું તો નમાઝ રોઝા સર્વ વ્યર્થ તથા બરબાદ જશે. *(શરહુસ્સુદૂર)* સારાંશ કે ઈમાનની સલામતી વિશે હમેશાં સાવધાન તથા ચિંતિત રહેવું જોઈએ.

## ★ સૌથી વધુ બુદ્ધિશાળી કોણ ?! ★

વર્તમાનકાળમાં લોકો તેને બુદ્ધિશાળી તથા હોશિયાર તથા ચાણક્ય બુદ્ધિવાળો ! કહે છે જે કાળુ ધોળુ કરીને કે લોકોને છેતરીને પોતે માલ કમાય લે કે અવનવા કાવાદાવા કરીને સત્તા પ્રાપ્ત કરી લે તેને ચતુર તથા ચાલાક કહેવાય છે કે જબરો ખેલ પાડી દીધો ! પણ ભાઈઓ ! દુનિયાની ગંદી પોલીસીઓના પ્રવાહમાં તણાશો નહીં, કેમ કે આપણે મુસલમાન છીએ અને આપણા માટે હિદાયતનો તથા સત્ય માર્ગ તે જ છે જેના પર ચાલવા અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَએ આપણને હુકમ આપ્યો છે. જાણી લો ! **સૌથી વધુ બુદ્ધિશાળી કોણ છે ?** ઈબ્ને માજહએ હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે સૌથી વધુ બુદ્ધિશાળી કોણ છે ? આપે ફર્માવ્યું, **જે મૌતને સૌથી વધુ યાદ રાખે અને મૌત પછીના માટે સૌથી સારી તૈયારી કરે એ જ બુદ્ધિશાળી છે.**

બીજી હદીષમાં તિર્મિઝીએ શદ્દાદ બિન અવસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બુદ્ધિશાળી તે છે જે પોતાના નફ્સને પોતે બદલો આપે (એટલે તેની પકડ કરે) અને મૃત્યુ પછીના માટે કામ કરે અને લાચાર (મૂર્ખ) તે છે જે નફ્સની પયરવી કરે અને અલ્લાહથી જાત જાતની ઉમ્મીદો રાખે. *(શરહુસ્સુદૂર)*

અલ્લાહના પ્યારા રસૂલ ﷺના આ માર્ગદર્શન હેઠળ આજે આપણે આપણી પોતાની જાત તેમજ આપણા સમાજનું નિરીક્ષણ કરીએ તો જોવા મળે છે કે રસૂલુલ્લાહ ﷺની સાચા બુદ્ધિશાળીની વ્યાખ્યા હેઠળ જુઝ જ લોકો આવી રહ્યા છે. આજે નફ્સની પયરવી કરીને ગુનાહોની રાહે ચાલનારા, હરામ કામોમાં ડૂબેલા અને હરામ કમાયને, કોઈનો હક્ક઼ મારીને, જૂઠ, છેતરપિંડી, બદ્નઝરી, ઝિનાખોરી, ચોરી, બુરી સોહબત, નબી, વલી, સહાબા તથા અહલે બયતના ગુસ્તાખો સાથે સગાઈ, દોસ્તી તથા સોહબત, તથા નમાઝો છોડીને **હરામ કામોમાં જિંદગીની કિંમતી ઘડીઓને વ્યતીત કરીને પણ લોકો અલ્લાહથી જાત જાતની ઉમ્મીદો બાંધીને બેઠેલા છે !** જો આપણે આપણી દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઈએ તો **આપણે આપણી જાતનું નિરીક્ષણ કરી લેવું જોઈએ કે અલ્લાહના રસૂલની દર્શાવેલ વ્યાખ્યા પ્રમાણે હું બુદ્ધિશાળી છું કે બેવકૂફ છું ?!** જો બીજી ચીજ આપણા પર ફીટ થાય છે તો આજે જ તૌબા કરીને સાચા બુદ્ધિશાળીની યાદીમાં નામ નોંધાવી લેવું જોઈએ.

## ★ મૌતની તૈયારી કેવી રીતે કરશો ? ★

મૌતથી માણસ ગભરાતો ફરે છે, મૌતને સામે જોઈને સામાન્યતઃ સૌના હાંજા ગગડી જાય છે, જ્યારે કે મૌત આપણા માટે એક દુનિયામાંથી બીજી દુનિયામાં બદલીનો ઝરીયો છે. અમલની દુનિયાથી વિદાય લઈને બદલાની દુનિયામાં જવાનો ઝરીયો છે, છતાં લોકો કેમ મૌતથી બીએ છે ?! તો જાણી લો કે જો તમને કોઈએ દા'વત આપી પણ જેણે તમને દા'વત આપી છે તેની પાસેથી તમે ઉછીના લીધેલા પૈસા પરત કર્યા નથી અથવા તેના વિરુદ્ધમાં તમે અમુક કામો કરેલાં છે તો તેને ત્યાં જવામાં તમે ખચકાશો, તમને દિલમાં ગભરાહટ રહેશે કે ક્યાંક પેલી વાત ન કાઢી બેસે ! અને જો તમે દા'વત આપનારના ફેવરાઈટ હોવ અને તે ખુશ થાય એવાં કામો તમે તેના માટે કરેલાં હોય તો તમે ખુશી આનંદમાં તેને ત્યાં દા'વતમાં જવા ક઼દમ ઉપાડશો. એ જ દષ્ટાંત રબના તરફથી તેડાનુ છે કે જેણે રબના ફર્માનો પ્રમાણે, કુર્આન હદીષ પ્રમાણે, ખુદા વ રસૂલના ફર્માબરદાર બનીને ખુદાના ડરમાં જીવન વીતાવ્યું હશે તો રબની રહમતથી એક ઉમ્મીદ હશે કે આખેરતના અઝાબોથી છૂટકારો મળી જશે જેથી તે મૌતથી ગભરાશે નહીં.

જેમ કે હસનથી મરવી છે કે તેમણે કહ્યું, તમારા આ શહેરમાં એક આબિદ (ઈબાદતગુઝાર) હતો તે મસ્જિદથી નીકળ્યો. જ્યારે તેણે પોતાનો પગ પેંગડામાં મૂક્યો તો તેની પાસે મલકુલ મૌત આવી ગયા. તો તે આબિદે કહ્યું કે સારું થયું કે તમે આવ્યા ! હું આપને મળવા માટે ખૂબ જ આતુર હતો. મલકુલ મૌતે આ સાંભળીને રૂહ ક઼બ્ઝ કરી લીધી. *(શરહુસ્સુદૂર)* એટલે કે અલ્લાહના નેક બંદા એટલી હદે નેક અમલોમાં મગ્ન રહે છે કે કોઈપણ સમયે મૌત આવી જાય તો તેને ખુશ આમદિદ ! કહે છે.

અને જો આપણે રબ તઆલાના તથા રસૂલેપાક ﷺનાં ફર્માનો વિરુદ્ધ રસૂલેપાક ﷺની સુન્નતો વિરુદ્ધ જીવન જીવતા હોઈશું તો મૌતથી આપણને ખૂબ જ નફરત થશે, મૌતનું સાંભળીને ગભરાય ઉઠીશું. જેથી આપણે જોઈએ કે મૌતને હમેશા યાદ કરતા રહીએ, તેને નજરો સમક્ષ રાખીને જીવીએ તો બંને જહાનમાં સુકૂન મળશે. અમુક બુઝુર્ગાને દીનનું કહેવું છે કે જેણે મૌતને ખૂબ યાદ કર્યુ તેણે ત્રણ ઈનામો મેળવ્યાં : (૧) તૌબાની જલ્દી તૌફીક઼ થશે. (૨) દિલમાં ક઼નાઅત (જે મળે તેમાં, થોડામાં રાજી થવું) નસીબ થશે. (૩) ઈબાદતમાં ખુશી થશે. અને જેણે મૌતને ભૂલાવી દીધું તેના પર ત્રણ મુસીબતો આવશે : (૧) તૌબામાં મોડુ (૨) બેસબરી (૩) ઈબાદતમાં સુસ્તી. જેથી આપણે મરવાનું છે એને સતત યાદ રાખીને અલ્લાહ વ રસૂલના ફર્માબરદાર બની મૌતની તૈયારીમાં લાગેલા રહેવું જોઈએ.

## ★ હાલનો સમય ખૂબ જ ઈબ્રતનાક છે ! ★

હાલમાં ફેલાયેલા કોરોના વાયરસની વબામાં બીમારો તથા મૃત્યુની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અફસોસની વાત એ છે કે મુસલમાન મૈયતને મૃત્યુ બાદ ખૂબ જ તા'ઝીમ તથા કાળજી સાથે ગુસ્લ, કફન, નમાઝે જનાઝા પછી અદબ સાથે કાંધ આપીને મુસલમાનો ક઼બરમાં દફન કરે છે, પણ આ હાલની વબામાં મૃત્યુ પામનારનું મૈયત પેક કરીને ઊંડા ખાડામાં દફન કરવામાં આવે છે તેને ગુસ્લ કે નમાઝે જનાઝા પણ ઘણે ભાગે નસીબ નથી થતી કે ન તેનો ચહેરો જોવા મળે છે ન વધુ માણસો તેને દફન કરવામાં હાજર રહી શકે છે. આ ખૂબ જ ઈબ્રતનો મક઼ામ છે. આ બધુ જોઈને તો આપણે આપણા ગુનાહોથી તૌબા કરીને અલ્લાહ વ રસૂલ જેમાં રાજી રહે તેવી રીતે જીવન

જીવવા કોશિશ કરવી જોઈએ. કોને ખબર કે આ મરનારાઓ જેમાં યુવાન વૃદ્ધ બધાં જ સામેલ છે તેમાં હજી કોણ ને ક્યારે મરણ પામશે ! જેથી સમગ્ર ગુનાહોથી તૌબા કરીને શરીઅતના માર્ગે અડગતાથી ચાલવું જોઈએ. આપણી નજરો સમક્ષ રોજ લાશો ઉઠી રહી છે તો આપણે પણ કૃબ્રમાં જવાનું છે એ ન ભૂલવું જોઈએ. અને કૃબ્રના હાલાત વિશે પણ જાણો અને હજી સમય છે, આપણા શ્વાસો ચાલુ છે જેથી એના માટે તૈયારીમાં લાગી જાવ.

## ★ મૈયતના કૃબ્રમાં શું હાલ થાય છે તેની ઝલક ★

નેક શખ્સના તથા બદ્ શખ્સના કૃબ્રમાં શું હાલ થાય છે તેને વાંચો અને બોધ ગ્રહણ કરો :–

ઈબ્ને અબીદુન્યાએ 'કુબૂર'માં મુહમ્મદ બિન સબીહથી રિવાયત કરી કે જ્યારે મુડદાને કૃબ્રમાં રાખવામાં આવે છે અને તેને અઝાબ થાય છે તો તેના પડોશી મુડદાં તેને પોકારીને કહે છે કે, **હે દુનિયાથી આવવાવાળા ! શું તેં અમારાથી નસીહત પ્રાપ્ત ન કરી, શું તેં ન જોયું કે અમારા આ'માલ કેવા ખતમ થયા અને તને અમલ કરવાનો મોકો હતો પરંતુ તે ટાઈમ તેં બરબાદ કર્યો ?!** કૃબ્રના ખૂણામાંથી તેને પોકારીને કહે છે કે, **હે જમીન પર અકડાઈને ચાલવાવાળા ! શું તેં મરવાવાળાથી સબક હાંસલ ન કર્યો ?! શું તેં ન જોયું કે કેવી રીતે તારા નિકટવર્તીઓને લોકો કૃબરો સુધી લઈ ગયા ?!** *(શરહુસ્સુદૂર)*

## ★ કૃબ્ર મુડદાને શું કહે છે તે સાંભળો ! ★

તિર્મિઝીએ અબૂ સઈદ થકી રિવાયત કરી (અને તેને હસન કહી) કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લિજ્જતોને તોડવાવાળી ચીજનું ઝિક્ર વધુ પ્રમાણમાં કરો, કેમ કે કૃબ્ર દરરોજ વાતચીત કરે છે કે હું એકલતા અને મુસાફરીનું ઘર છું, હું કીડા અને માટીનું ઘર છું. અને જ્યારે મો'મિન દફન થાય છે તો કૃબ્ર 'મર્હબા !' કહે છે, અને કહે છે કે તું મારી પીઠ પર ચાલવાવાળાઓમાં સૌથી અધિક મહબૂબ હતો અને હવે તું મારામાં સમાય ગયો છે. તો હવે તું મારું વર્તન તારી સાથે જોઈશ. પછી તે કૃબ્ર તેના માટે જ્યાં સુધી નજરો પહોંચી શકે ત્યાં સુધીની પહોળી થઈ જાય છે અને તેના માટે જન્નત સુધી એક દરવાજો ખુલી જાય છે. અને જ્યારે ગુનેહગાર તથા કાફિર ઈન્સાન દફન થાય છે તો કૃબ્ર નાખુશી વ્યક્ત કરે છે અને કહે છે કે તું મારી પીઠ પર ચાલવાવાળાઓમાં મારી દૃષ્ટિએ સૌથી બુરો હતો અને હવે તું મારામાં સમાઈ ગયો તો હવે તું મારું વર્તન પોતાની સાથે જોઈશ. તો હવે તે કૃબ્ર તેના પર બંધ થઈ જાય છે અને તેની પાંસળીઓ એકબાજુથી બીજી બાજુ નીકળી જાય છે. રાવી કહે છે કે હુઝૂર ﷺએ પોતાની અમુક આંગળીઓને અમુકમાં નાખીને તે મંઝર દેખાડયો. અને ફર્માવ્યું કે અલ્લાહ ﷻ તેના પર સિત્તેર અજગર નિયુક્ત ફર્માવે છે તેમાંનો જો કોઈ એક પણ જમીન પર એક ફેણ મારે તો તે કદી લીલોતરી ન ઉગાડે, એવા અજગર તેને ડસે છે, એટલે સુધી કે કૃયામતનો દિવસ આવી જાય છે. રાવી કહે છે કે રસૂલુલ્લાહ علیہ السلامએ ફર્માવ્યું કે કૃબ્ર અથવા તો જન્નતના બાગોમાંનો એક બાગ છે, ક્યાં તો જહન્નમના ખાડાઓમાંનો એક ખાડો છે. *(શરહુસ્સુદૂર)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ અગમચેતીઓ તથા ગયબની વાતો અલ્લાહના રસૂલ ﷺએ આપણી ભલાઈ માટે પહેલેથી જણાવી આપી છે તો આપણે તેના પર ઈમાન રાખી નેક રાહ પર જીવન ન જીવતાં કાફિરો જેમ ગુનાહિત કામો કરતા રહીશું તો વિચારો આપણો શો હાલ થશે ?! માટે આજથી જ હમણાથી જ સર્વ ગુનાહોથી તૌબા કરી લો.

## ★ હઝરત સિદ્દીકે અકબરની આજીજી અને આપણે ?! ★

જરા વિચારો કે નબીઓ પછી ઉમ્મતીઓમાં સૌથી ઉચ્ચ મર્તબો જેમનો છે તે હઝરત **સિદ્દીકે અકબર** رضی اللہ عنہ **યારે ગારે નબી પાક** ﷺ એટલા મહાન દરજ્જે છે કે દુનિયામાં જ હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ જેમને જન્નતી હોવાનું જણાવ્યું, અશરએ મુબશ્શિરામાંથી છે. આપ ઈસ્લામના પ્રથમ ખલીફા હોવા છતાં રબની બારગાહમાં **આપની આજીજી તો જુઓ કે ખુદ રડતાં રડતાં કહે છે કે, ઈલાહી ! મારું શું થશે ? મારી પાસે કોઈ નેકી નથી !** (મિર્અતુલ મનાજીહ, ૨/૪૪) તો હે મારા દીનીભાઈઓ ! બહેનો ! આપણે કેટલું રડવું જોઈએ ! આપણે તો સરાપા ગુનેહગાર છીએ, આપણે કોઈ નેકી પર ગર્વ કરી શકીએ તેમ નથી, બલ્કે ગુનાહોના પહાડો આપણે ખડા કરી આપ્યા છે તો હવે પછી ક્યારે આપણે તૌબા કહીશું ? મૌત દરવાજે ટકોરા મારી રહ્યું છે છતાં આપણે નહીં સુધરીએ ?! સાંભળો ! હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ આપણને શું કહી રહ્યા છે ? :–

ફર્માવે છે : **હે લોકો ! તમારી જિંદગીનો કારવાં દિન પ્રતિ દિન મૌતની તરફ કૂચ કરી રહ્યો છે અને મૌતનો ઈલ્મ તમારાથી છુપો રાખવામાં આવ્યો છે, જેથી જો સારા અમલો કરતાં કરતાં મૌતની આગોશમાં પનાહ લઈ શકો છો તો એવું જ કરો. પણ રબની તૌફીકથી જ એવું થઈ શકે છે. જેથી હે લોકો ! હજી તમને મોહલત મળેલી છે તેને કામમાં લગાડો અને પોતાને સારા અમલોથી સજાવી લો !** નહીં તો મોહલતના આ દિવસો ખૂબ જ જલ્દી તમારાથી રુખસદ થઈ જવાના છે, પછી જો જો કે તમારાં કુકર્મો તમારો શો હાલ કરે છે !

તે માર્યો ગયો જેનો સમય ગફલતોને ભેટ ચઢી ગયો અને કામયાબ તે જ છે જેણે પોતાના સમયનો સહીહ ઉપયોગ કર્યો. **જેથી જલ્દી કરો ! કેમ કે તમારી પાછળ એક આવનારો (મલકુલ મૌત) આવશે અને પળ ઝપકતાં પોતાનુ કામ કરી જશે.** *(બહવાલા વક્ત હઝાર નેઅમત, તારીખુલ ખુલફા, સિયૂતી, ૧/૪૦)* હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ આ દુઆ કર્યા કરતા હતા :

اللّٰھم لا تدعنا فی غمرۃٍ و لا تأخذنا علی غرۃٍ ولا تجعلنا من الغافلین۔ "હે અલ્લાહ ! અમને સખ્તીમાં ન છોડતો, અને અમને ગફલતની હાલતમાં ન પકડતો અને અમને ગાફિલ તથા બેપરવા લોકોમાંથી ન કરતો."

## ★ મુસલમાને ટાઈમ પાસ કેવી રીતે કરવો જોઈએ ? ★

આજકાલ ટાઈમ પાસના નામ પર હજારો લાખો ગુનાહો આપણી કોમ કરી રહી છે. કુર્આન–હદીષ પર ઈમાન રાખનારા કોઈ ટાઈમ પાસના નામે ટી.વી. પર ડ્રામા, પિકચરો, ક્રિકેટની ફૂટબોલની વગેરે રમતો જુએ છે તો કોઈ મોબાઈલ પર ગેમો રમે છે, નગ્ન ફિલ્મો જુએ છે અને પોતાની આંખોમાં આગ ભરે છે અથવા હરામ રમતો, હરામ ધંધાઓ પાછળ, ગીબત કરવા પાછળ, નવરા બેસીને ગપ્પાં હાંકવા પાછળ પોતાનો સમય ગુજારે છે કે જેની પળે પળનો હિસાબ રબને ત્યાં આપવાનો છે. તો આવો આપણી જ હિદાયત માટે આવેલ કિતાબ કુર્આને ટાઈમ પાસ કરવાનો શો માર્ગ દર્શાવ્યો છે તે જુઓ અને ગુનાહોથી તૌબા કરી લો.

કાઝી શુરૈહ બિન હારિષ કંદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૭૮) ઈદના દિવસે કેટલાક નવયુવાનો પાસે થઈને

પસાર થયા જેઓ એકદમ ખેલકૂદમાં મગ્ન હતા અને એકબીજા સાથે હસી મજાક કરીને બેકાર સમય વેડફી રહ્યા હતા. આપે આશ્ચર્યભેર પૂછયું, "તમે લોકો ક્યારથી રમી રહ્યા છો ? અને બધો સમય ઉછળકૂદમાં કેમ ગુમાવી રહ્યા છો ?" બોલ્યા, "આજે ઈદનો દિવસ છે, નવરા જ હતા, કોઈ કામ ન હતું તો વિચાર્યું કે કાંઈક ખેલકૂદ જ કરી લઈએ. નવરાશનો સમય કોઈ ન કોઈ રીતે પસાર તો કરવાનો જ છે !" તેમનો આ જવાબ સાંભળીને આપે અફસોસ વ્યક્ત કર્યો અને ઘણી જ પ્યારી વાત કહી કે, "શું નવરાશનો સમય આવી રીતે જ પસાર કરવામાં આવે છે ?! ઈસ્લામે નવરાશની પળો પસાર કરવાનો જે ખયાલ આપ્યો છે એ તો અલગ જ છે !" અને પછી કુર્આને પાકની આ આયત તિલાવત કરી : فَإِذَا فَرَغْتَ فَانْصَبْ ۝ وَإِلَىٰ رَبِّكَ فَارْغَبْ ۝ "પછી જો આપ નવરાશવાળા હોવ તો (ઝિક્ર તથા ઈબાદતમાં) મહેનત કર્યા કરો અને પોતાના રબની તરફ આકર્ષિક થઈ જયા કરો." *–સૂ. ઈન્શિરાહ, ૯૪/૭,૮*

*(હિલ્યતુલ અવલિયા, ૪/૧૩૪ વગેરે, વક્ત હઝાર નેઅમત)*

આ લખાણ ચાલતુ હતું એ દરમ્યાન જ અમારા એક મુહિબ્બનો મેંગ્લોરથી "વોઈસ મેસેજ" આવ્યો કે, "ભાઈ સાહબ ! પ્યારા હબીબ ﷺના સદકામાં દુઆ કરો ! દસ દિવસથી કોરોનામાં સપડાયને હોસ્પિટલમાં છું, હવે બોલવાની પણ શક્તિ નથી !" મને ખૂબ જ દુઃખ થયું અને તંદુરસ્તીની દુઆ ગુજારી, આપ પણ દુઆ કરશો કે રબ તઆલા તેના મહબૂબોના સદકામાં એમને તથા એવા સર્વ ઈમાનવાળાઓને શિફા આપે. પણ વિચારો ! સાજા સમા માણસને ક્યારે શું થઈ જાય તે નક્કી નથી અને હાલના શું હાલાત છે તે તો તમો પણ નજરે જોઈ રહ્યા જ છો. તો આપણી ભલાઈ એમાં છે કે આખેરતની તૈયારીમાં લાગી જઈએ. બહુ થયું દુનિયાનું ! હવે ગુનાહોથી તૌબા કરીને સર્વ ગોરખધંધા છોડીને, ગુનાહોને ત્યજીને અલ્લાહ વ રસૂલની યાદમાં લાગી જઈએ એમાં જ આપણી ભલાઈ છે. અંતમાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની બારગાહમાં ખિરાજે અકીદતરૂપે બે શબ્દો રજૂ છે.

## ★ મૌતની તૈયારી અને ઈમામે હુસૈન رضی اللہ عنہ ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપણે હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہના આશિક હોવાનો દાવો કરીએ છીએ તો આપણે એમની જિંદગીને આપણા માટે આઈડિયલ બનાવવી જોઈએ. આપ رضی اللہ عنہએ પોતાના નાનાજાન, અલ્લાહના રસૂલ ﷺની શરીઅત પર હમેશાં અમલ કર્યો અને નાનાજાનની શરીઅતની હિફાઝતના માટે જ આપે ખાનદાને અહલે બયતના નૂરાની સિતારાઓ, પોતાના જિગરના ટુકડાઓને શહીદ થવા દીધા અને છેવટમાં પોતે પણ શહાદતનો જામ નોશ ફર્માવ્યો પણ યઝીદ પલીદ ફાસિક, ફાજિરની બયઅત ન કરી, આ રીતે નાનાજાનની શરીઅતની રક્ષા કરી. દીને હક્કના માટે આપની આ કુર્બાનીની યાદ કયામત સુધી મનાવાતી રહેશે, અને આપણે મનાવીએ છીએ પણ આપણે કેવળ રસ્મી યાદ ન મનાવીએ કેમ કે આપે મૌતની, કબ્રની તથા આખેરતની તૈયારી રૂપે જ આ કુર્બાનીઓ આપી હતી, તો આપણે પણ દીને હક્ક માટે તથા શરીઅતની પાબંદી માટે જિદ્દો જેહદ કરીને આપણી મૌત પછીની જિંદગીને આસાન બનાવવા, આખેરતને ખુશનુમા બનાવવા કોશિશ કરવી જોઈએ. આપણે ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદતના હેતુને સમજવો જોઈએ કે નાનાજાનના દીન પર, શરીઅત પર મુસલમાનો ચાલે એટલા માટે જ યઝીદ પલીદ સાથે ટક્કરમાં આ મહાન કુર્બાની આપે આપી હતી. તો આપણે પણ ગુનાહોથી તૌબા કરી શરીઅત પર પાબંદ થઈને મૌત માટેની તૈયારીમાં લાગી જવું જોઈએ.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ مَاۤ اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا لِیُطَاعَ بِاِذْنِ اللّٰهِؕ وَ لَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِیْمًا(۶۴) فَلَا وَ رَبِّكَ لَا یُؤْمِنُوْنَ حَتّٰى یُحَكِّمُوْكَ فِیْمَا شَجَرَ بَیْنَهُمْ ثُمَّ لَا یَجِدُوْا فِیْۤ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَیْتَ وَ یُسَلِّمُوْا تَسْلِیْمًا(۶۵) وَ لَوْ اَنَّا كَتَبْنَا عَلَیْهِمْ اَنِ اقْتُلُوْۤا اَنْفُسَكُمْ اَوِ اخْرُجُوْا مِنْ دِیَارِكُمْ مَّا فَعَلُوْهُ اِلَّا قَلِیْلٌ مِّنْهُمْؕ وَ لَوْ اَنَّهُمْ فَعَلُوْا مَا یُوْعَظُوْنَ بِهٖ لَكَانَ خَیْرًا لَّهُمْ وَ اَشَدَّ تَثْبِیْتًا(۶۶) وَّ اِذًا لَّاٰتَیْنٰهُمْ مِّنْ لَّدُنَّاۤ اَجْرًا عَظِیْمًا(۶۷) وَّ لَهَدَیْنٰهُمْ صِرَاطًا مُّسْتَقِیْمًا(۶۸) وَ مَنْ یُّطِعِ اللّٰهَ وَ الرَّسُوْلَ فَاُولٰٓىٕكَ مَعَ الَّذِیْنَ اَنْعَمَ اللّٰهُ عَلَیْهِمْ مِّنَ النَّبِیّٖنَ وَ الصِّدِّیْقِیْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِیْنَۚ وَ حَسُنَ اُولٰٓىٕكَ رَفِیْقًا(۶۹) ذٰلِكَ الْفَضْلُ مِنَ اللّٰهِؕ وَ كَفٰى بِاللّٰهِ عَلِیْمًا(۷۰) یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا خُذُوْا حِذْرَكُمْ فَانْفِرُوْا ثُبَاتٍ اَوِ انْفِرُوْا جَمِیْعًا(۷۱) وَ اِنَّ مِنْكُمْ لَمَنْ لَّیُبَطِّئَنَّۚ فَاِنْ اَصَابَتْكُمْ مُّصِیْبَةٌ قَالَ قَدْ اَنْعَمَ اللّٰهُ عَلَیَّ اِذْ لَمْ اَكُنْ مَّعَهُمْ شَهِیْدًا(۷۲) وَ لَىٕنْ اَصَابَكُمْ فَضْلٌ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને અમે કોઈ રસૂલ ન મોકલ્યા પણ એટલા માટે કે અલ્લાહના હુકમથી તેની તાબેદારી કરવામાં આવે,[૧૦૨] અને જો જ્યારે તેઓ પોતાના પ્રાણો પર જુલ્મ કરે,[૧૦૩] તો હે મહબૂબ! તમારી સમક્ષ હાજર થાય પછી અલ્લાહ પાસે માફી માગે, અને રસૂલ તેમની શફાઅત ફર્માવે, તો અવશ્ય અલ્લાહને ખૂબ તવબહ કબૂલ કરનાર, મહેરબાન પામે[૧૦૪] (૬૪) તો હે મેહબૂબ! તમારા રબના સોગંદ, તેઓ મુસલમાન નહીં થાય, જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ નહીં બનાવે. પછી જે કંઈ તમે હુકમ ફર્માવી દો તેના માટે પોતાના હૃદયોમાં રૂકાવટ ન પામે, અને (ખરા) જીવથી માની લે[૧૦૫] (૬૫) અને જો અમે એમના પર ફર્ઝ કરત કે પોતે જ પોતાનો વધ કરો, અથવા પોતાનાં ઘરબાર મૂકીને નાસી જાવ[૧૦૬] તો એમનામાં થોડાક જ એવું કરત. અને જે વાતની તેમને નસીહત કરવામાં આવે છે (તેને જો) તેઓ કરત,[૧૦૭] તો એમાં એમનું ભલું અને ઈમાન પર ખૂબ જામી જવાનું હતું (૬૬) અને એવું થાત તો અવશ્ય અમે એમને આપત પોતાના પાસેથી મોટા સવાબ (૬૭) અને અવશ્ય એમને સીધા

*માર્ગનું માર્ગદર્શન આપત (૬૮) અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને તો તેને એવાઓનો સાથ સાંપડશે જેમના પર અલ્લાહે કૃપા દ્રષ્ટિ કરી, એટલે કે નબીઓ,[૧૦૮] અને સિદ્દીકો,[૧૦૯] અને શહીદ,[૧૧૦] અને નેક લોકો.[૧૧૧] આ કેટલા સારા સાથી છે (૬૯) આ અલ્લાહની કૃપા છે, અને અલ્લાહ પૂરતો છે જાણનાર (૭૦) હે ઈમાનવાળાઓ ! હોશિયારીથી કામ લો,[૧૧૨] પછી શત્રુ પ્રતિ થોડા થોડા થઈને નીકળો, અથવા એકત્રિત થઈને ચાલો (૭૧) અને તમારામાં કોઈ તે છે જે જરૂર વાર લગાડશે,[૧૧૩] પછી જો તમારા પર કોઈ આફત પડે, તો કહે, ખુદાનું મારા પર એહસાન હતું કે હું એમની સાથે હાજર ન હતો (૭૨) અને જો તમને અલ્લાહની કૃપા મળે,[૧૧૪] તો અવશ્ય કહે,[૧૧૫] જાણે કે તમારામાં તેમાં કોઈ મૈત્રી (જ) ન હતી, કેવું સરસ થાત જો હું તેમની સાથે હોત, તો મોટી મુરાદ પામત (૭૩) તો તેમણે અલ્લાહના માર્ગમાં લડવું જોઈએ, જેઓ દુનિયાનું જીવન વેચીને આખિરત લે છે. અને જે અલ્લાહના માર્ગમાં લડે, પછી માર્યો જાય, અથવા જીતે, તો નજીકમાં જ અમે તેને મહાન સવાબ આપીશું (૭૪).*

**૧૦૨** : જ્યારે રસૂલ મોકલ્યા જ એટલા માટે કે તેમની તાબેદારી કરવામાં આવે, અને તેમની ઈતાઅત ફર્ઝ થાય તો (પછી) જે તેમના હુકમથી રાજી ન થાય, તેણે રિસાલતને ન માની, તે કાફિર છે અને તેને કત્લ કરવો વાજિબ છે.

**૧૦૩** : નાફરમાની અને ગુનાહ કરીને.

**૧૦૪** : આનાથી જણાયું કે ખુદાના દરબારમાં હુઝૂર ﷺની શફાઅત અને આપનો વસીલો કામ બનાવવા માટે ઝરીયો છે. રસૂલુલ્લાહ ﷺની વફાત

مِّنَ اللّٰهِ لَيَقُوْلَنَّ كَاَنْ لَّمْ تَكُنْۢ بَيْنَكُمْ وَ بَيْنَهٗ مَوَدَّةٌ يّٰلَيْتَنِيْ كُنْتُ مَعَهُمْ فَاَفُوْزَ فَوْزًا عَظِيْمًا ﴿۷۳﴾ فَلْيُقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ الَّذِيْنَ يَشْرُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا بِالْاٰخِرَةِ ؕ وَ مَنْ يُّقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ فَيُقْتَلْ اَوْ يَغْلِبْ فَسَوْفَ نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ﴿۷۴﴾

પછી એક અઅરાબી (ગામનો રહેવાસી) આપના રોઝા મુબારક પર હાજર થયો. રોઝા શરીફની માટી પોતાના માથા પર નાખીને કહેવા લાગ્યો, "યા રસૂલલ્લાહ ! જે તમે ફર્માવ્યું તે અમે સાંભળ્યું, અને જે આપના પર ઉતર્યું તેને અમે માન્યું, તેમાં આ આયત પણ છે, وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا *(સૂરએ નિસાઅ્, ૪/૬૪)* બેશક ! મેં મારા પ્રાણ પર જુલ્મ કર્યો, હું આપની સમક્ષ અલ્લાહના દરબારમાં મારા ગુનાહની માફી માંગવા હાજર થયો છું, તો મારા રબ પાસેથી મારા ગુનાહની માફી મેળવી આપો. ત્યારે કબ્ર શરીફમાંથી અવાજ આવ્યો કે, "તને માફ કરવામાં આવ્યો !" આનાથી અમુક મસાઈલ જણાયા.

**મસ્અલો** : કબ્ર શરીફ પર હાજત લઈને જવું પણ 'જાઉક...'માં દાખલ છે, અને ખયરૂલ કુરૂનમાં થતી આવેલી વસ્તુ છે.

**મસ્અલો** : અલ્લાહના મકબૂલ બંદાઓને તેમની વફાત પછી 'યા' શબ્દથી પોકારવા જોઈઝ છે.

**મસ્અલો** : મકબૂલ બંદાઓ મદદ કરે છે, અને તેમની દુઆથી હાજતો પૂર્ણ થાય છે.

**૧૦૫** : અર્થ એ છે કે જ્યાં સુધી તમારા ફેંસલા અને હુકમને સાચા દિલથી ન સ્વીકારી લે, ત્યાં સુધી મુસલમાન બની શકતા નથી. સુબ્હાનલ્લાહ ! આનાથી હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાન જણાઈ આવે છે.

**શાને નુઝૂલ** : પર્વતોથી આવતા પાણીમાં હઝરત ઝુબેર અને એક અન્સારીનો બગીચાઓમાં તે

પાણી વાળવા બાબતનો ઝગડો હતો. હુઝૂર ﷺના દરબારમાં મામલો રજૂ કરવામાં આવ્યો. હુઝૂરે ફર્માવ્યું, "હે ઝુબેર ! તમે પોતાના બગીચાને પાણી પાઈ ચૂકો, ત્યાર બાદ પોતાના પાડોશી માટે તેને છૂટું કરો. "અન્સારીને વાત ગમી નહીં, તેના મોઢેથી નીકળી ગયું કે, "હા ! ઝુબેર તમારા ફોયાઈ છે." ફેંસલામાં હુઝૂરે ઝૂબેરને અન્સારી સાથે એહસાન કરવાનો આદેશ આપ્યો હોવા છતાં, અન્સારીએ તેની કદર કરી નહીં, તેથી હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઝુબેરને કહ્યું, "પોતાની વાડીને પાણી આપ્યા પછી પણ પાણી રોકી લો." કારણ કે ન્યાયની દ્રષ્ટિએ નજીકવાળો જ (વરસાદ)ના પાણીનો વધારે હકદાર હોય છે, તે બાબત આ આયત ઉતરી.

**૧૦૬** : જેવી રીતે કે બની ઈસ્રાઈલને મિસરથી નીકળી જવાનો, અને તવબહ કબૂલ થવાની શરત રૂપે પોતાના જ પ્રાણોને કતલ કરવાનો હુકમ આપ્યો હતો.

**શાને નુઝૂલ** : ષાબિત બિન કૈસ બિન શમાસ ને એક યહૂદીએ કહ્યું, "અલ્લાહ તઆલાએ અમારા પર પોતાના ઘરબાર છોડવાનું અને પોતાના પ્રાણોની આહૂતિ આપવાનું ફર્ઝ કર્યું હતું, અમે તેને બજાવી લાવ્યા. ત્યારે ષાબિતે કહ્યું, અમારા પર જો અલ્લાહ ફર્ઝ કરત તો અમે પણ જરૂર બજાવી લાવત. તે બાબત આ આયત ઉતરી.

**૧૦૭** : અર્થાત રસૂલે કરીમ ﷺની તાબેદારી અને આપની ફર્માબર્દારીની.

**૧૦૮** : જેથી નબીઓ પ્રત્યે નિખાલસ અને ફર્માબરદાર લોકો જન્નતમાં તેમના સાથ અને દર્શનથી વંચિત નહીં રહે.

**૧૦૯** : સિદ્દીક઼ નબીઓના સાચા અનુયાયીને કહે છે, જેઓ નિખાલસપણે તેમના માર્ગને વળગી રહે. પણ આ આયતમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامના શ્રેષ્ઠ અસ્હાબ મુરાદ છે, જેમ કે હઝરત અબ્રબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ.

**૧૧૦** : જેમણે ખુદાના માર્ગમાં પ્રાણ આપી દીધા.

**૧૧૧** : એવા દીનદાર લોકો, જેઓ બંદાઓ અને અલ્લાહ બન્નેના હક્કો અદા કરતા હોય, અને જેમની હાલતો, કાર્યો, તેમજ તેમનું અંતર અને બાહ્ય સ્વચ્છ અને પવિત્ર હોય.

**શાને નુઝૂલ** : હઝરત ષૌબાન સૈયદે આલમ ﷺ સાથે હદ દરજ્જાની મહોબ્બત ધરાવતા હતા, વિયોગ વેઠી શકતા ન હતા. એક દિવસ એટલા બધા ચિંતાતુર અને નરવશ થઈને હાજર થયા કે મુખનો રંગ બદલાઈ ગયો હતો, હુઝૂરે પૂછ્યું, "આજે રંગ કેમ બદલાયેલો છે. ?" તેમણે વિનવ્યું.

"ન મને કોઈ રોગ છે, ન તો કોઈ દુઃખ સિવાય કે જ્યારે હુઝૂર સામે નથી હોતા, ત્યારે હદ દરજ્જાની વ્યગ્રતા અને પરેશાની થઈ જાય છે, જ્યારે આખિરતનો વિચાર કરું છું, ત્યારે એ ચિંતા થાય છે કે ત્યાં હું કઈ રીતે દર્શન પામી શકીશ, આપ તો ઉચ્ચતમ સ્થાને હશો. મને અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી જન્નત આપી તો પણ તે ઉચ્ચ સ્થાન સુધી પહોંચ કયાં ?"

ત્યારે આ આયતે કરીમા ઉતરી અને તેમને સાંત્વન આપવામાં આવ્યું કે દરજ્જાઓમાં તફાવત છતાં આજ્ઞાંકિતોને હાજરી અને સાથની નેઅમતથી માલામાલ કરવામાં આવશે.

**૧૧૨** : શત્રુના નિશાનથી સાવધ રહો, અને તેને તમારા પર (હુમલો કરવાનો) મોકો ન આપો. એક કથન એ છે કે હથિયાર સાથે રાખો.

**મસ્અલો** : આનાથી જણાયું કે દુશ્મનના મુકાબલામાં પોતાના બચાવની તદબીર કરવી જાઈઝ છે.

**૧૧૩** : એટલે કે મુનાફિકો.

**૧૧૪** : તમારો વિજય થાય, અને તમને ગનીમત (યુદ્ધમાંથી પ્રાપ્ત થયેલી દોલત અને સાધન સામગ્રી) મળે.

**૧૧૫** : તે એ કે જેની બોલીથી પુરવાર થાય છે.

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મસ્જિદમાં થૂકવું ગુનો છે તેનો કફ્ફારો એને દફન કરી દેવું છે[૧]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ પરથી જાણવા મળ્યું કે મસ્જિદ પાકા ફલોર તથા તેની ચટાઈઓ, મુસલ્લાઓ પર કદાપી ન થૂકે, કેમ કે ત્યાં તેને દફન કરી શકશે નહીં. આ તે મસ્જિદો માટે હુકમ હતો જ્યાંની ફર્શો (ફલોર) કાચા હતાં. અને તે પણ સખત જરૂરતના મોકા પર જ્યારે નમાઝમાં ખંખાર આવી જાય અને બહાર જવાનો મોકો ન હોય. વિના કારણે ત્યાં થૂકવું મના છે, અને બેઅદબી માટે ત્યાં થૂકવું 'કુફ્ર' છે.

*હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મારા પર મારી ઉમ્મતના સારા બુરા અમલો રજૂ કરવામાં આવ્યા[૧] તો મેં તેમના સારા અમલોથી તકલીફદાયક ચીજને રસ્તાથી દૂર કરી આપવાનુ પામ્યું અને તેમના બુરા અમલોમાંથી એ થૂકને પામ્યુ જે મસ્જિદમાં હોય કે દફન ન કરવામાં આવ્યું.[૨] (મુસ્લિમ)*

**૧.** એટલે કે કયામત સુધી મારો જે ઉમ્મતી જે સારો બુરો અમલ કરશે તે સર્વ મને દેખાડી દેવામાં આવશે. આ પરથી જાણવા મળ્યું કે નબી صلی اللہ علیہ وسلم પોતાના દરેક ઉમ્મતી અને તેના દરેક અમલથી ખબરદાર છે. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની નિગાહો અંધારાં, અજવાળાં, ખુલી, છુપી, મૌજૂદ, ગૈર મૌજૂદ દરેક ચીજને જોઈ લેતી હોય છે. જેની આંખમાં 'માઝાગ'નો સુરમો હોય તેની નિગાહો આપણા ખ્વાબો ખયાલથી અધિક તેજ છે. અમે ખ્વાબો ખયાલમાં દરેક ચીજને જોઈ લઈએ છીએ, હુઝૂર صلی اللہ علیہ وسلم નિગાહ વડે દરેક ચીજનો મુશાહિદો કરી લે છે. સૂફીઓ ફર્માવે છે કે અહીં અમલોમાં દિલના અમલો પણ સામેલ છે, જેથી હુઝૂર صلی اللہ علیہ وسلم આપણા દિલોની દરેક કૈફિયતથી ખબરદાર છે. તેની તેહકીક અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ–૧)માં જોઓ.

**૨.** مَسَاوِیٔ سُوْءٌ નું બહુવચન છે, અર્થ બુરાઈ. જેમ કે مَسَاوِیٔ سَعْیٌ નું બહુવચન છે. તેની ی હમ્ઝાની હોઝ છે. આ રસ્તાથી મુસલમાનોનો રસ્તો મુરાદ છે, એટલે કે જે રસ્તાથી મુસલમાન પસાર થાય છે અથવા પસાર થઈ શકતા હોય, ત્યાંથી કાપવું, ઈંટ પથ્થર દૂર કરી દેવું સવાબ છે. જાનવરો, જિન્નાત, હર્બી કાફિરોનો રસ્તો મુરાદ નથી. (જંગના સમયે) એમના રસ્તાઓમાં કાંટા, દારૂગાળો બિછાવવો, તેમના પુલો તોડવા, ધડાકાથી રસ્તા ઉડાડી દેવા સર્વ કાંઈ ઈબાદત છે, કેમ કે જેહાદમાં આ સર્વ કાંઈ થાય છે.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ નમાઝ માટે ઉભો થાય તો પોતાની સામે ન થૂકે કે તે જ્યાં સુધી નમાઝમાં છે અલ્લાહથી વાતચીત કરી રહ્યો છે. અને ન જમણી બાજુ થૂકે કે એ બાજુ ફરિશ્તો છે, પોતાની ડાબી બાજુ કે પગની નીચે થૂકે, પછી તેને દફન કરી આપે.*

*અને અબૂ સઈદ رضی اللہ عنہ ની રિવાયત છે કે પોતાના ડાબા પગની નીચે થૂકે[1]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે રહમતે ઈલાહી નમાઝી પર ખાસ રીતે સામે આવે છે. બીજુ એ કે નમાઝમાં જરૂરતમાં જમણે ડાબે મોં ફેરવી શકે છે, કેમ કે આ થૂકવાના માટે મોં ફેરવવાની ઈજાઝત આપવામાં આવી. ત્રીજુ એ કે જમણા હાથનો ફરિશ્તો એટલે કે નેકીઓ લખવાવાળો ડાબા હાથના ફરિશ્તાથી અફઝલ છે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે જમણા હાથવાળો હાકિમ છે ડાબાવાળો મહકૂમ. જમણી બાજુવાળો રહમતનો ફરિશ્તો છે ડાબો ગઝબનો. ચોથુ એ કે મોટાની અદબ પણ મોટી છે.

*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હુઝૂર નબી કરીમ ﷺ એ પોતાની એ બીમારીમાં જેનાથી ઉઠયા નહી[1] ફર્માવ્યું કે યહૂદી તથા ઈસાઈ પર ખુદા લઅનત કરે, તેમણે પોતાના પયગંબરોની ક઼બરોને સજદાગાહ બનાવી લીધી[2]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે વફાત શરીફ વેળાની બીમારીમાં. જેથી આ હદીષ મોહકમ છે, મન્સૂખ નથી.

**૨.** એ રીતે કે તેમની ક઼બરોની તરફ સજદો કરવા લાગ્યા, બલ્કે અમુક તે જ ક઼બરોને પૂજવા લાગ્યા. આ બંનેવ કામો શિર્ક છે. અથવા તેમની ક઼બરોને તોડી નાખીને મસ્જિદના ફર્શમાં સામેલ કરી લીધી અને એના પર ઉભા થઈને નમાઝ પઢવા લાગ્યા. એ પણ હરામ છે કે એમાં ક઼બ્રની તૌહીન છે. યાદ રાખશો કે બુઝુર્ગોના આસ્તાનાની જોડે મસ્જિદ બનાવવી અને બરકતના માટે ત્યાં નમાઝો પઢવી કુર્આન શરીફ તથા ઘણી હદીષોથી સાબિત છે. સૂરએ કહફમાં છે : لَنَتَّخِذَنَّ عَلَيْهِمْ مَّسْجِدًا "મુસલમાનોએ કહ્યું કે અમે અસ્હાબે કહફની ગુફા પર મસ્જિદ બનાવીશું." હુઝૂર ﷺ ના રોઝએ અન્વર તેમજ મોટાભાગના સહાબીઓના મઝારોની પાસે મસ્જિદો છે, એ ખુદ સહાબા તથા સાલેહીને બનાવી. હવે અવલિયા અલ્લાહના મઝારોની પાસે આમ મુસલમાનો મસ્જિદો બનાવે છે. મક઼બૂલોના કુર્બ (નિકટ)માં નમાઝો અધિક ક઼બૂલ થાય છે. મસ્જિદે નબવીમાં એક નમાઝનો સવાબ પચાસ હજાર છે. હુઝૂરે અકરમ ﷺ ના કુર્બના કારણે. રબ તઆલાએ ગુનેહગારો ઈસ્રાઈલીઓને ફર્માવ્યું : وَّادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّقُوْلُوْا حِطَّةٌ એટલે કે બયતુલ મુક઼દસના દરવાજામાં સજદા કરતા ઘુસો અને ત્યાં જઈને તૌબા કરો, અંબિયાની કબરોની બરકતથી તૌબા ક઼બૂલ થશે. ઝકરિયા علیہ السلام નો બનાવ વર્ણવે છે : هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ "ત્યાં બીબી મરયમની પાસે ઉભા રહીને ઝકરિયા علیہ السلام એ પુત્રની દુઆ માગી." આ આયતોથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની નિકટ (કુર્બ)માં તૌબા તથા દુઆ ખૂબ જ ક઼બૂલ થાય છે. એ પણ યાદ રાખશો કે ક઼બ્ર ઉપર ઉભા રહીને નમાઝ પઢવી મના છે, પરંતુ જો ક઼બ્ર પર પીલર ઉભા કરી તેના પર સ્લેબ ભરી ફર્શ બનાવી લેવામાં આવે તો ત્યાં વિના કરાહતે નમાઝ જાઈઝ છે જેમ કે કાબાતુલ્લાહના મતાફમાં ૭૦ નબીઓના મઝારો છે, જેના પર તવાફ, નમાઝ થાય છે તેમજ કા'બાના પરનાલાની નીચે હઝરત ઈસ્માઈલ علیہ السلام નો મઝાર શરીફ છે, જ્યાં રાત દિવસ નમાઝો પઢવામાં આવે છે. ત્યાં આ જ કારણ છે. *(મિર્ક઼ાત વ અશિઅહ)*

*હઝરત જુન્દુબથી રિવાયત છે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે ખબરદાર રહો ! તમારા આગલા પોતાના નબીઓ તથા નેકોની ક઼બરોને સજદાગાહ બનાવી લેતા હતા. ખબરદાર ! તમે કબરોને સજદાગાહ ન બનાવશો, હું એનાથી તમને મના કરું છું[1]. (મુસ્લિમ)*

**૧.** શયખે લમ્આતમાં ફર્માવ્યું કે જો ક઼બ્ર નષ્ટ પણ થઈ ગઈ હોય પણ મશહૂર હોય કે અહીં ક઼બ્ર હતી ત્યાં પણ નમાઝ ન પઢે, પરંતુ બુઝુર્ગની ક઼બરની પાસે નમાઝ પઢવી જેથી તેની રૂહથી મદદ લઈને નમાઝને અધિક ક઼બૂલને પાત્ર બનાવે એ ઘણુ જ બેહતર છે. *(લમ્આત)*

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

આ નઅતનું નામ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ "હુઝૂર જાને નૂર" રાખ્યું છે. હિ.સ. ૧૩૨૪ *વસ્લે અવ્વલ 'રંગ ઈલ્મી' (આલિમાના અંદાઝ) જુઓ. –મલ્ફૂઝ, ૨/૩૩*

**શુક્રે ખુદા કે આજ ઘળી ઉસ સફર કી હૈ**
**જિસ પર નિષાર જાને ફલાહો ઝફર કી હૈ**

**અર્થાત :** હે અલ્લાહ ! તારો ઘણો જ શુક્ર છે કે તેં આજે આ બાબરકત સફરનો મોક઼ો અતા કર્યો છે (મદીને કા સફર હૈ ઔર મૈં નમદીદા નમદીદા) કે જે મુક઼દ્દસ સફર પર કેવળ કામયાબી જ નથી બલ્કે કામયાબીઓ અને કામરાનીઓની જાન પણ કુર્બાન કરી દેવામાં આવે તો પણ ઓછુ છે.

**આ'લા હઝરતનો હજ્જ અને આપના વાલિદા માજિદાનો ઝિક્ર ખૈર :-**

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ નઅત હજ્જે બયતુલ્લાહ શરીફની હાજરી તથા મદીના શરીફની ઝિયારતના મોક઼ા પર લખી એટલા માટે એને જો આપનું સફરનામાએ હરમૈન શરીફૈન સમજી લેવામાં આવે તો પણ દુરુસ્ત છે. પરંતુ આ'લા હઝરતના હજ્જના સફરની રુદાદ આપના સાહબઝાદા મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના અશ્શાહ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہએ વિસ્તારપૂર્વક લખી છે, જેનું નામ તેમણે "હુવૈદાદે હજ્જે ઈમામ અહમદ રઝા" રાખ્યું છે. ખૂબ જ આશિક઼ાના તથા આલિમાના વિગત છે.

આ'લા હઝરતે પ્રથમ હજ્જ હિ.સ. ૧૨૯૩માં પોતાના વાલિદૈન કરીમૈનની સાથે કર્યો, જે વખતે આપની ઉમર લગભગ ત્રેવીસ વરસ હતી. એ જ પ્રથમ હજ્જનો બનાવ છે કે હજ્જથી વાપસી પર સમુદ્રનુ જહાઝ ત્રણ દિવસ સખત તોફાનની અંદર સપડાયેલુ રહ્યું. ઝિયારત કરવાવાળા મુસાફરો તદ્દન નિરાશ થઈ ગયા અને સૌએ કફન પહેરી લીધાં. આ'લા હઝરતે પોતાનાં વાલિદૈનને પણ અન્ય ઝાઈરીનની જેમ પરેશાન જોયાં અને અર્ઝ કરી, પરેશાન ન થાવ ઈન્શા અલ્લાહ ! આ જહાઝ ડૂબશે નહીં, અને ખુદાની ક઼સમ ! ખાઈને કહ્યું કે નહીં ડૂબે. ફર્માવે છે કે મેં અલ્લાહની બારગાહની તરફ રજૂઅ કર્યું અને હુઝૂર صلی اللہ علیہ وسلمથી મદદ ચાહી તો ત્રણ દિવસ સતત ચાલવાવાળુ સખત તોફાન બે ઘડીઓમાં બંધ પડી ગયું અને જહાઝે મુક્તિ મેળવી. ફર્માવે છે કે મેં જે ક઼સમ ખાઈને કહ્યું કે ખુદાની ક઼સમ જહાઝ નહીં ડૂબે, તો એનું કારણ એ હતું મેં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ફર્માન પ્રમાણે કશ્તી (વહાણ) પર સવાર થવાની દુઆ સવાર થતી વખતે પઢી લીધી હતી અને મને હદીષમાં વર્ણન કરેલા હુઝૂર صلی اللہ علیہ وسلمના સાચા

વાયદા પર સંપૂર્ણપણે ઈત્મિનાન હતું.

પરત આવ્યા તો ઘરમાં કદમ રાખતાં જ અમ્મીજાને ફર્માવ્યું કે અહમદ રઝાએ ફર્ઝ હજ્જ અદા કરવાની સઆદત (નેક નસીબી) તમને અતા ફર્માવી દીધી અને તે પણ માબાપની સાથે, બસ હવે મારી જિંદગીમાં બીજીવાર હજ્જના સફરનો ઈરાદો કરવાની જરૂરત નથી. ફર્માવે છે કે મા બાપની મના પર નફલી હજ્જ જાઈઝ નથી, એટલા માટે મજબૂરી હતી. પરંતુ વાલિદા માજિદાની જિંદગીમાં જ આપના સાહબઝાદા હઝરત હામિદ રઝા ખાં અને નાના ભાઈ નન્નેમિયાં જ્યારે પોતાના સંબંધીઓ સાથે હજ્જ માટે રવાના થયા તો આ'લા હઝરત લખનૌ સુધી તેમની સાથે ગયા અને પાછા આવી ગયા પણ યાદે મદીનાએ ખૂબ સતાવ્યા. છેવટે વાલિદા માજિદાના કદમો પર માથુ રાખીને ઈરાદો જાહેર કર્યો તો તેમણે ખુશીભેર ઈજાઝત આપી દીધી. માની મમતા પર કુર્બાન ! આપ ફર્માવે છે કે હજ્જથી પરત આવ્યો તો માલૂમ પડયું કે હજી આપ સ્ટેશન પર પણ પહોંચ્યા ન હતા કે વાલિદા સાહિબાએ ફર્માવ્યું, એને બોલાવી લો, હું ઈજાઝત પાછી લઉં છું. (એ જ સમંદરી તોફાન દિમાગમાં ફરતુ હતું !) પણ હું તો નીકળી ચૂક્યો હતો. ફર્માવે છે કે જતી વખતે મેં જે ટબમાં વુઝૂ કર્યું હતું, મારી માએ એ પાણી પણ સંભાળીને રાખ્યું હતું કે મારા બેટાના વુઝૂનું પાણી છે. સુબ્હાનલ્લાહ !

**ગરમી હૈ તપ હૈ દર્દ હૈ કુલ્ફત સફર કી હૈ**
**નાશુક્રિયા તૂ દેખ અઝીમત કિધર કી હૈ**

*(કુલ્ફત = તકલીફ, અઝીમત = નિશ્ચય)*

**અર્થાત** : (પોતાના નફ્સ તથા તબીઅત તથા મિઝાજને ધમકાવતાં કહે છે) માન્યું કે ગરમી પણ છે, તને તાવ પણ છે અને સફરની તકલીફ પણ છે, પણ નાશુક્રા ક્યાંના ! એ તો જો કે નિય્યત કઈ બાજુની છે ?! જ્યાં રહમતોનો દરેક વખતે નુઝૂલ થાય છે. તારી ગરમી ખત્મ થઈ જશે. તયબહ નગરની માટી ખાકે શિફા છે, તારો તાવ મટી જશે અને રોઝએ અન્વરના નઝારાઓથી તારી સર્વ તકલીફો દૂર થઈ જશે. અરે પાગલ ! આ સઆદત દરેક જણને નસીબ થતી નથી, ન દરેક સમયે નસીબ થતી રહે છે. મોકાથી ફાયદો ઉઠાવ અને તયબહ તરફ ખુશ થઈને જા. દરેક તકલીફ સ્વીકારી લે અને કહેતો જા :–

*તેરે રોઝે કી નૂરી જાલિયોં કો–લબોંસે ચુમતા હૈ કોઈ કોઈ*
*ખિલે હૈં ફૂલ ગુલશનમેં હઝારોં–નિગાહોંમેં જચા હૈ કોઈ કોઈ*

**કિસ ખાકે પાક કી તૂ બની ખાકે પા શિફા**
**તુઝ કો કસમ જનાબ મસીહા કે સર કી**

*(મસીહા = હઝરત ઈસા علیہ السلام)*

**અર્થાત** : હે મદીનાની ખાક (માટી) એક વાત તો બતાવ ! કે તું ક્યારની ખાકે શિફા બની છે ? બોલતી કેમ નથી ? અરે ! એવું કેમ નથી કહેતી કે જ્યારે મારા ઉપર મુસ્તફા ﷺના કદમ લાગ્યા છે તો હું માટીથી ખાકે શિફા બની ગઈ છું. તને ઈસા علیہ السلامના માથાની અથવા મસીહાઈની કસમ છે, જવાબ આપ ! શું હું સાચી કહી રહ્યો છું ?!

હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : غبار المدینۃ فیہ شفاء "મદીનાની માટી પણ સરાસર શિફા છે."

**આબે હયાત રૂહે હૈ ઝરકા કી બુંદ બુંદ**
**અકસીરે આ'ઝમ મસે દિલે ખાક દર કી હૈ**

*(આબે હયાત = જીવંત રાખનાર પાણી, ઝરક઼ા = મદીના શરીફની નહેરનું નામ, અકસીરે આ'ઝમ = દરેક બીમારીથી શિફા આપનાર)*

**અર્થાત :** એમાં શક નથી કે મદીના શહેરની નહેર ઝરક઼ાના પાણીનું એક એક ટીપુ રૂહના માટે આબે હયાત છે, જેને પીવાથી રૂહાની જિંદગી નસીબ થાય છે. પરંતુ મારા આક઼ાના દરવાજાની ખાક દિલની દુનિયાને આબાદ કરવા માટે અકસીરે આ'ઝમનો દરજો ધરાવે છે. એટલે કે દરેક બીમારીનો ઈલાજ પણ છે, આંખોનું નૂર પણ છે અને દિલનો સુરૂર (ખુશી) પણ છે. યાદ રાખશો કે આ નઅતના કેટલાય શેઅરોની સ્પષ્ટતા આ'લા હઝરતે ખુદ ફર્માવી છે જેને આ શરહમાં સામેલ કરી લેવામાં આવેલ છે.

**હમકો તો અપને સાએ મેં આરામ હી સે લાએ**
**હીલે બહાને વાલોં કો યહ રાહ ડરકી હૈ**

*(કુલ્ફત = તકલીફ)*

**અર્થાત :** (એ દૌરમાં હજનો સફર ખૂબ જ ખતરાઓથી ભરપુર હતો. એ ખતરાઓ તરફ ઈશારો કરતાં ફર્માવે છે) આપણા આક઼ા ﷺએ ઘરથી લઈને મદીના શરીફ પહોંચતા સુધી અમારી હિફાઝત કરી અને પોતાની રહમતના સાયામાં ઘણી જ સહૂલત સાથે અમને મદીના શરીફ પહોંચાડયા. પરંતુ જેઓ હીલા બહાનાં બનાવવાવાળાઓ છે અને ઈબ્ને તયમિયહ તથા ઈબ્ને કૈયિમની જેમ રોઝાએ પાકની ઝિયારતની નિય્યત કરવાવાળાઓને ગુનેહગાર કહે છે, તો દુનિયા તથા આખેરતની સર્વ રાહો એ જ લોકો માટે પુરખતર હશે.

*મદીને કી હર શય નફાસત ભરી હૈ–મદીનેસે ક઼ાબે કો ઈઝ્ઝત મિલી હૈ*
*વહીં કી તો ફૂલોં મેં ખુશ્બુ બસી હૈ–સબા વજૂદમેં ઝુમ કર કહ રહી હૈ*
*અજબ દિલ કુશા હૈં મદીનેકી ગલિયાં–મોઅત્તર હૈં યૂં જૈસે ફૂલોંકી કલિયાં*
*–(સૂફી જમીલુર્રહમાન રઝવી)*

**લુટતે હૈં મારે જાતે હૈં યૂં હી સુના કીયે**
**હર બાર દી વો અમ્ન કી ગૈરત હઝરકી હૈ**

*(લુટતે હૈં = લૂટી લેવામાં આવે છે, હઝર = રોકાણની સ્થિતિ, સફર નહીં)*

**અર્થાત :** બહું સાંભળ્યું હતું કે મદીના શરીફ જતા ક઼ાફલાઓને લૂટી લેવામાં આવે છે. ક઼ાફલાવાળાઓને મારવામાં આવે છે, ક઼ત્લ કરી દેવામાં આવે છે, આમ થઈ જાય છે, તેમ થઈ જાય છે, પણ કાંઈ જ ન થયું ! અમારા ક઼ાફલાને દરેક વખતે (પહેલીવાર પણ અને આ વખતે પણ) આક઼ા ﷺએ એવો અમ્ન બખ્શ્યો છે કે ઘરમાં રહેવું એટલે કે ઘરમાં રોકાણની સ્થિતિ અમારા આ સફર પર રશ્ક કરી રહી છે કે આટલુ સુકૂન તો ઘરમાં પણ નથી મળતુ જેટલુ અમને સફરમાં મળી રહ્યું છે, કેમ ન મળે ? મદીનાનો સફર છે !

*મદીનેસે હોતી હૈ તક્સીમ નેઅમત–વહીંસે બટા કરતી હૈ સારી દૌલત*
*ફિદા ઉસપે હોતી હૈ હર વક્ત જન્નત–બરસતી હૈ દિનરાત વાં હક્કી રહમત*
*અજબ દિલકુશા હૈં મદીને કી ગલિયાં–મોઅત્તર હૈં યૂં જૈસે ફૂલોંકી કલિયાં*
*–(જમીલુર્રહમાન રઝવી)*

**વો દેખો જગમગાતી હૈ શબ ઔર કૃમર અભી**
**પહરોં નહીં કે બસ્ત વ ચહારૂમ સફરકી હૈ**

**અર્થાત :** હે મદીનાના ઝાઈરો ! (ઝિયારત માટે આવનારાઓ !) જરા જુઓ તો ખરા નૂરવાળા આકાનો દરબાર કેવો ચમકી રહ્યો છે, જ્યારે કે રાત છે અને રાત પણ ૨૪ સફરની જેમાં ચાંદનું નામો નિશાન પણ (એ સમય સુધી) નથી હોતુ. યકીનન ! આ નૂરવાળા આકાના દરબાર પર ફરિશ્તાઓના જુલૂસ આવેલા છે જેઓ આકાના ગુલામો માટે રોશનીનો ફરીઝો અંજામ આપી રહ્યા છે.

આટલી બધી રોશની તથા નૂર વરસી રહ્યું છે છતાં પણ એક આશિકનું દિલ એટલા માટે નથી જામી રહ્યું કે એની માન્યતા એ છે કે રોશનીઓ, ફરિશ્તાઓ, નૂરનાં દશ્યો એની જગાએ બરાબર, પણ હું શું કરું કે :

*અબ મેરી નિગાહોં મેં જચતા નહીં કોઈ–જૈસે મેર સરકાર હૈ ઐસા નહીં કોઈ*

**ચાહે મદીના અપની તજલ્લી અતા કરે**
**યહ ઢલતી ચાંદની તો પહર દો પહરકી હૈ**

**અર્થાત :** જેથી અર્ઝ કરે છે, મને તો માહે મદીના (મદીનાના ચાંદ, મહબૂબે ખુદા ﷺ) જ પોતાની એક તજલ્લી ઈનાયત ફર્માવી આપે તો મારો દામન ભરાય ! આ રોશનીનું તો શું ? એ તો ઢળતી ચાંદની છે, હમણા ખત્મ થઈ જશે. સિરાજે મુનીરની રોશની છે જે ખત્મ થનારી નથી.

**મન્ઝાર તુર્બતી વજબત્ લહૂ શફાઅતી**
**ઉન પર દુરૂદ જિનસે નવેદ ઉન બશરકી હૈ**

**અર્થાત :** હુઝૂર ﷺનો પોતાનો ઈર્શાદે ગિરામી છે : مَنْ زَارَ تُرْبَتِیْ وَجَبَتْ لَهٗ شَفَاعَتِیْ "જેણે મારી કબ્રે અન્વરની ઝિયારત કરી એના પર મારી શફાઅત વાજિબ થઈ ગઈ." કુર્બાન એ જાત પર ! જે આલમે બશરિયતને બશારતો પર બશારતો સંભળાવતા જઈ રહ્યા છે.

**ઉસકે તુફૈલ હજ ભી ખુદાને કરા દીયે**
**અસ્લે મુરાદ હાઝરી ઉસ પાક દરકી હૈ**

**અર્થાત :** મને (અહમદ રઝાને) જો કોઈ પૂછે કે હજ્જે બયતુલ્લાહ શરીફ અને રોઝએ પાકની ઝિયારતમાંથી કોણ અસલ છે અને કોણ તુફૈલી અથવા શાખ છે ? તો હું તો એવું જ કહીશ. ફર્ઝ હજ તો ફર્ઝ થયો તો મેં બિહમ્દિલ્લાહિ તઆલા હિ.સ. ૧૨૯૩માં મારાં વાલિદૈનની સાથે કરી લીધો અને આ હજ્જ નફલી છે. આ હોય કે તે હોય સૌ મહબૂબે ખુદા ﷺના સદકા તથા તુફૈલથી છે, અસલમાં દરે રસૂલની હાજરીનો હેતુ છે, એ અલગ વાત છે કે એ દરની હાજરીના કારણે અલ્લાહે હજની સઆદત (સદ્નસીબી) પણ અતા કરી આપી. *(ક્રમશઃ)*

# કુતૂહુલ ગયબ

એટલે..... ગયબને જાહેર કરવું

## ગૌષપાકના رضی اللہ عنہ વાઅઝોનો સંગ્રહ

**હપ્તો : ૦૪**


❑ શરહકર્તા ❑

શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

❑ ઉર્દૂ અનુવાદક ❑

મૌલાના ઝહૂર અહમદ જીલાની-પાક.

❑ ગુજરાતી અનુવાદક ❑

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


*"સુલ્તાનુલ્ અવલિયા ગૌષપાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ ની નૂરાની વઅઝોનો સંગ્રહ અત્રે રજૂ થઈ રહેલ છે. આપની વાણીમાં એવી રૂહાની અસર હતી કે હજારો કાફિરો આપના વઅઝોમાં કુફ્રથી તૌબા કરી ઈમાન લઈ આવતા હતા અને અસંખ્ય ગુનેહગારો તૌબા કરી ઈસ્લામના શરીઅતના તાબેદાર બની જતા હતા. તો આપણે પણ એ નિય્યતથી એને વાંચીએ કે આપણને પણ ખૌફે ખુદા સાથે નેક જિંદગી નસીબ થાય અને આપણી દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જાય."*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ બાતિની (મઅનવી) મૌત ★

**વઅઝ નં. ૪ :** હઝરત رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે તમે મખ્લૂકાતથી ફાની (બેનિયાઝ) થઈ જશો[૧] તો અલ્લાહ તઆલાની બારગાહમાં કહેવામાં આવશે[૨] કે તમારી ઉપર ખુદાની રહમતો થાય અને નફસની ઈચ્છાઓથી મુર્દા થઈ જાવ.[૩] અને જ્યારે તમે ખ્વાહિશથી ફાની થઈ જશો તો તમને ફર્માવવામાં આવશે કે અલ્લાહ તઆલા તમારા પર રહમત કરે અને તમને ઈરાદાઓ અને તમન્નાઓથી મૌત આપી દે[૪] અને જ્યારે તમે ઈરાદાઓ તથા આરઝૂઓથી ફાની થઈ જશો તો તમને કહેવામાં આવશે, અલ્લાહ તઆલા તમારા પર રહમ કરે અને તમને પોતાની ઝાત અને પોતાના ઈરાદાની સાથે બાકી તથા ઝિંદા રાખે.[૫] આ મકામ પર તમને દાઈમી (કાયમી) જિંદગી અતા કરવામાં આવશે જેના બાદ મૃત્યુ નથી અને એવી ગના (સંતોષ) હાંસલ થાય છે કે જેના બાદ હાજત કે જરૂરત નથી. અને એવી નેઅમતો અતા થશે જેના પછી મના નથી અને એવી રહમતોથી નવાઝવામાં આવશે જેના બાદ કોઈ તકલીફ તથા ગમ નથી. નાઝ તથા નેઅમત અને નેકી તથા નરમીની સાથે એ રીતે નવાઝવામાં આવશે જેના બાદ મહેનત તથા સખ્તી નથી. અને તેને ઈલ્મે લદુન્ની વડે નવાઝવામાં આવશે જેના બાદ જેહાલત નથી. તમામ ખતરાઓથી સુરક્ષિત કરી દેવામાં આવશે કે બાદમાં ખૌફ નહીં થાય અને નેક બખ્ત કરી દેવામાં આવશે કે બાદમાં બદબખ્તીનું નામો નિશાન રહેશે નહીં. તે ઈજ્જત આપવામાં આવશે જેના બાદ કોઈ બેઈજ્જતી નથી. તમને બારગાહે રબ્બુલ ઈઝ્ઝતની નજીક કરવામાં આવશે, પછી દૂર કરવામાં નહીં આવે અને આ'લા મર્તબાઓ પર બુલંદી અતા કરવામાં આવશે, પછી તેના પરથી પાડવામાં નહીં આવે, એ અઝમત (બુઝુર્ગી) આપવામાં આવશે જેના બાદ નીચાપણુ નથી અને સર્વ માનવસહજ ખરાબીઓ તથા અયબો તથા ખામીઓથી સંપૂર્ણપણે પાક કરી દેવામાં આવશે, પછી ખરાબ કરવામાં નહીં આવે.[૬]

અને તમારા બારામાં આરઝૂઓ સાબિત તથા દુરુસ્ત થશે[7] અને તમારા બારામાં અન્ય લોકોની વાતો સાચી ઠરશે[8] અને તમે લાલ ગંધક બની જશો[9] કે તમારો મર્તબો ઓળખી શકાશે નહીં.[10] ફર્દુલ ફર્દ (એક એકલા)[11] એક એકી ગયબુલ ગયબ અને સિર્રુલ સિર્ર રહસ્યના રહસ્ય બની જશો.[12] તો એ વખતે તમે સર્વ રસૂલો, નબીઓ તથા સિદ્દીક઼ોના વારિસ બની જશો[13] અને તમારી સાથે પોતાના જમાનામાં વિલાયતના મર્તબા ખત્મ કરી દેવામાં આવશે[14] અને અબ્દાલ તમારી તરફ રુજૂઅ કરશે.[15]

અને તમારા દમ ક઼દમથી જીવલેણ સખ્તીઓ દૂર કરવામાં આવશે અને વજૂદ તથા દુઆની બરકતથી લોકો પર રહમતની વર્ષા નાઝિલ થશે, અને ખેતીઓ ઉગાડવામાં આવશે અને તમારી ઈમદાદ તથા મદદથી સરહદો પર ક઼ાયમ લોકો[16] ચરવાહાઓ, સલ્તનતના વાલીઓ[17] પ્રજા તથા ક઼ૌમના લીડરો, તેમના અનુયાયીઓ[18] તથા બાકી સર્વ મખ્લૂક઼થી તકલીફો તથા મુસીબતો દૂર કરવામાં આવશે તો તમે શહેરો અને શહેરોના રહેવાસીઓના વાલી બની જશો.[19]

૦૧. તેની મના તથા અતા, પ્રશંસા તથા ટીકા, નેક તથા બદ સર્વ હાલતોથી ફાની તથા બેતઅલ્લુક થઈ જશો.

૦૨. મલકૂતે આ'લામાં તમારા માટે દુઆ કરવામાં આવશે. અથવા બનાવ અથવા મામલો અથવા ઈલ્હામ તથા ઈશારામાં બતાવી દેવામાં આવશે. અલ્લાહ તઆલાની રહમત તથા ફઝ્લ અને પહેલાં કરતાં બુલંદ મક઼ામની ખુશખબરી આપવામાં આવશે.

૦૩. વાસનાઓ તથા નફસની લિજ્જતોથી ફાની થઈ જાવ જેથી કરીને ખ્વાહિશ સંપૂર્ણપણે હક્ક઼ના તાબે થઈ જાય અને તેના વિરોધનો માર્ગ ન અપનાવે.

૦૪. જેથી દિલમાં કોઈ ખ્વાહિશ કે આરઝૂ ન રહે. એનાથી એ ખ્વાહિશ તથા ઈરાદો મુરાદ છે જે તમે પોતાના તરફથી પોતાના માટે તદબીર અને અશક્ય અંદેશાઓ, બુધ્ધિ તથા ચિંતન વડે ઈખ્તિયાર કરો, નહીં તો અલ્લાહ તઆલાની તરફથી બંદાઓના માટે નિશ્ચિત કરેલ વઝીફાઓ તથા ઈબાદતો તથા આજ્ઞાપાલનમાં પણ તદબીરો તથા ઈખ્તિયારોનો ઈરાદો બંદગીના તરીક઼ાની વિરૂધ્ધ નથી. બુઝુર્ગોના કથન "બંદાનો પોતાનો ઈરાદો ન હોવો જોઈએ" તેનો એ જ મતલબ છે.

અને જે તલબ હક્ક઼ની તલબની પ્રમાણેની હોય તે બંદાની તલબ નથી, બલ્કે એ અલ્લાહ તઆલાની ચાહત તથા હુકમ છે કે બંદો એ મક઼ામ પર તલબ કરે. અલ્બત્ત આદમીની ખ્વાહિશ એ જ હોવી જોઈએ જે મૌલાની મરજી તથા મામૂર પ્રમાણે હોય. જો એની તલબ નહીં કરે તો બંદો નહીં રહે અને મામૂર તથા મહકૂમ (તાબેદાર) ન રહેશે. શયખે કબીર અબુલ હસન શાઝલી رحمۃاللہ علیہ ફર્માવે છે કે શરીઅતે અપનાવેલી અને ગોઠવણી કરેલ કોઈ ચીજમાં તમારી કોઈ દખલ નથી, તે અલ્લાહ તઆલાની તમારા હક્ક઼માં તદબીર છે, જેથી એને સાંભળીને અમલ કરતા થઈ જાવ અને આજ્ઞાંકિત બની જાવ.

**ફારસીનો અર્થ** : જે ચીજને કરવાનો હુકમ આપે તે કરો, જે ચીજના વિશે કહે કે ન કહો તે ન કહો. તેની વાત પર સંપૂર્ણપણે ધ્યાનિત થઈ જાવ, વસવસો છોડી દો અને પરેશાન વાતો ન કરો.

સુલ્તાનુલ આરિફીન બાયઝીદ બુસ્તામી رحمۃاللہ علیہનો ક઼ૌલ છે : اُرِیْدُ اَنْ لَّا اُرِیْدَ "હું ચાહું છું કે કાંઈ ન ચાહું." જે લોકોએ આપના પર એ વાંધો ઉઠાવ્યો કે ખ્વાહિશનું ન રહેવાની આરઝૂ પણ તો એક ખ્વાહિશ છે ?! તેમણે આપની વાત સમજી જ નથી, અને સુલ્તાનુલ આરિફીન رحمۃاللہ علیہના કલામ (વાત)ના રહસ્યને ન જાણતા હોવાથી આ સવાલ કર્યો છે.

૦૫. કેમ કે ફનાને બક઼ા લાઝિમ છે, અને જ્યારે બંદો પોતે પોતાનાથી ફાની થઈ જાય તો હક્ક઼ની સાથે બાક઼ી થઈ જાય છે. જ્યારે અંધારુ ચાલ્યુ જાય છે તો રોશની આવી જાય છે. جَاءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ

ذَهَبَ الزُّوْرَ مَا وَمن باشد، دَخَلَ النُّوْرُ ذو المنن باشد (અર્થ) : જુલ્મ તથા જહલ, જ્યારે કે "હું" અને "અઝ" કહેવાનું નીકળી જાય તો નૂર દાખલ થઈ જાય છે અને અલ્લાહ તઆલાનો જલ્વો થાય છે.

હઝરત ગૌષે આ'ઝમના પવિત્ર કલેમાતથી છે કે જ્યારથી મારા પર કામની હકીકત જાહેર થઈ અને આ મામલામાં સમઝબુઝ પેદા થઈ તો એ સમયથી મારી સૌથી ઉમદા ખ્વાહિશ એ જ છે કે એવી મૌત હાંસલ થાય જેમાં હયાત ન હોય, અને એવી હયાત મળે જેમાં મૌત ન હોય. એટલે કે પોતે પોતાનાથી સંપૂર્ણપણે મૌત કે જેના બાદ કોઈ ખ્વાહિશ કે આરઝૂ ન રહે અને હક્ક તઆલાની સાથે (એવી) હયાત કે નફસની તરફ રૂજૂઅ ન થઈ શકે.

આ કલેમાત અમુક અગાઉ વર્ણન થયેલ મકાલાતમાં વર્ણન થઈ ચૂકેલા છે. એની વધુ સ્પષ્ટતા તથા ખુલાસો આગળ જતાં થશે, ઈન્શાઅલ્લાહ !

૦૬. સારાંશ કે ઝુલ્માતે બશરીયત (માનવસહજ કમીઓ) નીકળી જાય તો રબૂબિયતની સિફતોના અન્વાર જલ્વાગર થઈ જાય છે. અને રબૂબિયતની સિફતો યકીનન ! હમેશાંની તથા બાકી છે, તેના પર ઝવાલ (અસ્ત થવું) નથી આવી શકતો. એનાથી જાણવા મળ્યું કે : اَلْفَانِیْ لَایُرَدُّ اِلٰی اَوْصَافِهٖ બશરીયતની સિફતોથી નાબૂદ થનારને પોતાની સિફતો તરફ પલ્ટાવવામાં નથી આવતો.

**ફારસીનો અર્થ** : હું તો ઈશ્કના જામથી મસ્ત થઈ ચૂક્યો છું પારસાઈ કેવી રીતે કરું ? મેં શાહી લિબાસ પહેરી રાખ્યો છે ગદાઈ (ભીખ માગવું) કેવી રીતે કરું ?!

જો સાલિક રાઝથી મેહરૂમ થઈ જાય તો તેના માટે વાપસીના રસ્તા બંધ કરી દેવામાં આવે છે. કોઈએ કારૂનના ખજાનાનો રસ્તો નથી પામ્યો અને જો પહોંચી પણ જાય તો વાપસીનો રસ્તો ન પામે.

મશાઈખે કિરામ رحمۃ اللہ علیہم اجمعین ફર્માવે છે : مَارَجَعَ مَنْ رَجَعَ اِلَّا مِنَ طَرِیْقٍ "હકીકત સુધી પહોંચ મેળવનાર કદી પરત નથી થયો, જે પરત થયો છે તે રસ્તેથી જ પલટી આવ્યો છે.

૦૭. એટલે કે જે શખ્સ જે આરઝૂ પણ ધરાવતો હોય અને જે મુરાદ તથા હેતુ ચાહતો હશે તે તારાથી પામશે.

૦૮. એટલે કે તારી ખૂબી તથા પ્રશંસામાં જે કાંઈ કહીશું તે દુરુસ્ત હશે.

૦૯. કે જેનાથી તાંબુ સોનુ બની જાય છે, એટલે કે કમાલના મર્તબાથી તકમીલ (પૂર્ણતા)ના મર્તબામાં આવી જાય અને દૂર લોકોને નજીક, વિખૂટા થયેલાને મિલનવાળા, નાદાનોને દાના, નાબીનાઓને બીના, અજનબીઓને ઓળખીતા અને બદબખ્તોને નેકબખ્ત બનાવી દેશો.

હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہના મુબારક શબ્દો છે : اَلشَّیْخُ مَنْ یُّسْعِدُ الشَّقِیَّ **"શયખે કામિલ તે છે જે બદબખ્તને નેકબખ્ત બનાવી દે."**

જે લોકો એક નિગાહથી ખાકને કીમિયો બનાવી દે છે, તો બની શકે છે કે આપણી તરફ પણ ધ્યાનિત થાય ?

૧૦. કે ઈજ્જતનો મકામ, ઉચ્ચ શાન તથા ઉમદા હાલતને જોવી, જાણવી અને પામી લેવી કોઈના માટે શક્ય ન થશે અને અવલિયા અલ્લાહને બારગાહે ઈલાહીમાં જે મકામ હાંસલ છે, હકીકતમાં કોઈને એના માર્ગનો ઈલ્મ તથા માહિતી હાંસલ નથી. આ મખ્લૂકનો હિસ્સો ફક્ત અમુક જાહેરી સિફતોનો મુશાહેદો (જોવું, અનુભવવું) છે, દા.ત. અન્વારે ઈસ્તિકામતનો અલગ અને આષારે કરામતનો અલગ. اَوْلِیَائِیْ تَحْتَ قَبَائِیْ لَا یَعْرِفُهُمْ غَیْرِیْ "મારા અવલિયા મારી કબા (કોટ)ની નીચે છે, જેમને મારા સિવાય કોઈ નથી જાણતું." શબ્દો આમ છે પણ જેને અલ્લાહ તઆલા માહિતગાર કરી દે હકીકતમાં મઅરેફતે અવલિયા, મઅરફતે હક્કના અંદાઝા પ્રમાણે હોય છે.

હિકમે અતાઈય્યહમાં લખેલ છે :

سُبْحَانَ مَنْ لَمْ يَجْعَلِ الدَّلِيْلَ عَلىٰ اَوْلِيَائِهٖ اِلاَّ مِنْ حَيْثُ الدَّلِيْلِ عَلَيْهِ وَ لَمْ يُوْصِلْ اِلَيْهِمْ اِلاَّ مَنْ اَرَادَ اَنْ يُّوْصِلَ اِلَيْهِ

''પાક છે તે જાત જેણે પોતાના અવલિયા પર તે દલીલ કાઈમ કરી છે જે તેની પોતાની જાત પર દલીલ છે. અને તેના સુધી એમને પહોંચ આપી જેને પોતાનો વાસિલ બનાવવાનો ઈરાદો કર્યો.''

૧૧. જેમ કે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી નકલ થયેલ છે કે આપે મૃત્યુવેળાની બીમારીમાં ફર્માવ્યું :

اَنَا مِنْ وَّرَاءِ عُقُوْلِكُمْ فَلَا تَقِيْسُوْنِىْ عَلىٰ اَحَدٍ وَلَا تَقِيْسُوْا اَحَدًا عَلَىَّ ''મારો મામલો તમારી બુધ્ધિથી પર છે જેથી મને કોઈના પર કયાસ ન કરો અને ન તો કોઈને મારા પર કયાસ કરો.''

હકીકતમાં આ વાઅઝોમાં આપે જે કાંઈ ફર્માવ્યું તે આપે આપની તરીકત તથા સુલૂકનું વર્ણન કર્યું છે અને પોતાના મર્તબા તરફ નિર્દેશ કર્યો છે.

خوشتر آن باشد کہ سرِّ دلبراں۔ گفتہ آید در حدیث دیگراں **(અર્થ)** : આ વાત કેટલી ઉમદા છે કે મહબૂબોની વાતો અન્યોની ચર્ચા વર્ણન કરવામાં આવે.

૧૨. એટલે એકાંતપણુ તથા એકાકીપણુ, નાયાબી તથા ગુપ્તતામાં એ મકામ સુધી પહોંચી જશો કે સમયના અવલિયામાંથી કોઈ પણ તમારા જેમ તથા બરાબર થઈ શકશે નહીં, અને તમારો કદમ સૌથી આગળ હશે. તમારા હાલની હકીકત અને અલ્લાહ તઆલાથી રાઝો નિયાઝથી કોઈ માહિતગાર થશે નહીં, અને તમારો મકામ સૌથી બુલંદ થશે. આ કુત્બુલ અકતાબના મકામની તરફ ઈશારો છે.

૧૩. એટલે કે ઈલ્મ તથા દીનનો મર્તબો અને ઈર્શાદો હિદાયતના સ્થાનથી તેમના અનુગામી થવાનું તમને હાંસલ થશે. કેમ કે વિલાયત નબુવ્વતનું પ્રતિબિંબ છે અને તેના પછી છે. અને સિદીકિયત નબુવ્વતના મર્તબાના નીચેવાળો મર્તબો છે. મશહૂર એ છે કે આ બે મર્તબાઓની વચ્ચે કોઈ અન્ય મકામ આડ નથી, કેમ કે એ વિલાયતના મર્તબાઓમાં બુલંદતર છે. એટલા માટે એને અલગ વર્ણવ્યો.

૧૪. તમારા જમાનામાં વિલાયતનો મર્તબો સંપૂર્ણ તથા મુકમ્મલ કરી દેવામાં આવશે અથવા મોહર લગાડી દેવામાં આવશે અને તમારો કમાલ સર્વના કમાલોથી બુલંદ અને તમારો કદમ સૌની ગરદનો પર હશે.

૧૫. આ મકામ પર બિરાજમાન થયા બાદ વર્ણવે છે કે અબ્દાલ અવલિયાના એક ગિરોહનું નામ છે. હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہના આગલાં વઅઝોમાંની વાતોથી માલૂમ પડે છે કે અબ્દાલનો મર્તબો વલીથી વધીને છે. અબ્દાલના માટે કુતુબની ખિદમતમાં હાજરી વાજિબ છે. એઓ કુતુબના હુકમો મખ્લૂકમાં લાગુ કરે છે, એટલે એમને કુત્બે અબ્દાલ કહે છે અને કુત્બે ઈર્શાદ બીજો શખ્સ હોય છે જેના માથે ઈલ્મે ઈલાહીની તાલીમ તથા તેના તરફ માર્ગદર્શન હોય છે. અને ક્યારેક એક જાત કુત્બે અબ્દાલ કુત્બે ઈર્શાદ પણ હોય છે.

૧૬. દારુસ્સલામ અને દારુલ હર્બની વચ્ચે આવેલી સરહદ પર રહેતા મુસલમાન જેઓ કાફિરો સાથે લડાઈ માટે તૈયાર રહે છે અને તેમને દારુલ ઈસ્લામમાં પ્રવેશની ઈજાઝત નથી આપતા.

૧૭. ''રઈય્યત'' (પ્રજા) અસલમાં ચરાવવામાં આવતાં જાનવરોને કહે છે અને ઉર્ફમાં આમ લોકો (પબ્લિકી) મુરાદ લેવામાં આવે છે. અહીં બંને અર્થોની સંભાવના છે. ''રાઈ''થી મુરાદ જો ''ચરવાહા'' છે તો ''રિઆયા''થી મુરાદ ''ચરનારાં'' થશે, અને જો ''રાઈ''થી મુરાદ સલ્તનતનો વાલી છે તો રિઆયાથી મુરાદ આમ લોકો (પ્રજા) થશે.

૧૮. ''ઉમ્મત'' શબ્દ કોશના લેહાઝથી પ્રાણી જાતીથી સંબંધ રાખનાર ગિરોહને કે કૌમને કહે છે, અને શરીઅતમાં ઉમ્મતથી મુરાદ જમાઅત જેમની તરફ પયગંબર મોકલવામાં આવે.

૧૯. ''શિહના'' સુલ્તાનની તરફથી નિયુક્ત કરેલ શહેરના મુતવલ્લીને કહે છે જેના માથે શહેરની વ્યવસ્થા હોય છે.

# لَيْسَ مِنَّا

## 'તે અમારો નથી'

હપ્તો : ૦૮


**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)


### શકિત હોવા છતાં નિકાહ ન કરવા

નિકાહ એક મનુષ્યની જરૂરત છે એટલા માટે કે એનાથી જ સમાજ અને ખાનદાન બલ્કે દુનિયાની સલામતી છે. આ સર્વ અંબિયાએ કિરામની સુન્નતે મુબારકા છે. બલ્કે જોવામાં આવે તો મનુષ્યો વચ્ચે જે સંબંધો સ્થાપિત છે તે સૌ દુનિયામાં બન્યા છે કેવળ પતિ પત્નીનો સંબંધ એવો છે જે જન્નતમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો. નિકાહ મનુષ્યો પર અલ્લાહ તબારક વ તઆલાનું મહાન ઈનામ છે કે આ ઈનામ જન્નતમાં જન્નતીઓ ઉપર પણ કરવામાં આવશે. દુનિયાની ઔરતો સિવાય જન્નતમાં હૂરે ઈન (મોટી મોટી આંખોવાળી) પણ નિકાહમાં આપવામાં આવશે.

નિકાહને આક઼ાએ કૌનૈન عليه الصلوة والسلام એ અડધુ ઈમાન ઠરાવ્યો છે. જેમ કે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ મરવી છે કે સરવરે કાઈનાત ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :

مَنْ تَزَوَّجَ فَقَدِ اسْتَكْمَلَ نِصْفَ الْإِيمَانِ، فَلْيَتَّقِ اللّٰهَ فِي النِّصْفِ الْبَاقِي۔

"જેણે નિકાહ કરી લીધો તેણે અડધુ ઈમાન સંપૂર્ણ કરી લીધું. હવે એને જોઈએ કે બાકી અડધા વિશે અલ્લાહથી ડરે."

*(અલ્મોઅજ્મુલ અવસત લિત્તબ્રાની, ૭/૩૩૨)*

નિકાહના વિવિધ પરિસ્થિતિઓમાં વિવિધ હુકમો છે. જેની વિગત સદરુશ્શરીઅહ્ બદરુત્તરીક઼હ્ હઝરત અલ્લામા મુફતી અમજદ અલી رحمۃ اللہ علیہ આ પ્રમાણે વર્ણન ફર્માવે છે :–

૦૧. મધ્યમ સ્થિતિમાં એટલે કે ન વાસનાનો અત્યંત ગલ્બો (પ્રભાવ) હોય, ન નામર્દ હોય અને મહેર તથા કપડાં, ખાવા, પીવા વગેરેના ખર્ચ ઉઠાવવાની શક્તિ પણ હોય તો નિકાહ **સુન્નતે મોઅક્કદા** છે કે નિકાહ ન કરવા પર અડી રહેવું **ગુનોહ** છે. અને જો હરામથી બચવા અથવા સુન્નતનુ અનુસરણ અને શરીઅતના હુકમ પર અમલ કરવા અથવા ઔલાદ પ્રાપ્તિનો હેતુ હોય તો સવાબ પણ પામશે અને જો કેવળ લિજ્જત અને શેહવત પૂરી કરવાનો હેતુ હોય તો સવાબ નહીં મળે.

૦૨. શેહવતની અધિક્તા હોય કે નિકાહ ન કરે તો મઆ઼ઝલ્લાહ ! ઝિનાનો ખતરો છે અને મહેર તથા ખર્ચની શક્તિ ધરાવતો હોય તો નિકાહ **વાજિબ** છે. એ જ રીતે ગૈર તથા સ્ત્રી તરફ નિગાહ ઉઠાવવાથી રોકાય નથી શકતો અથવા મઅ઼ઝાલ્લાહ ! હાથથી કામ લેવું પડશે તો પણ નિકાહ **વાજિબ** છે.

૦૩. એ યક઼ીન હોય કે નિકાહ ન કરવામાં ઝિના થઈ જશે તો **ફર્ઝ** છે કે નિકાહ કરે.

૦૪. જો એ ભય હોય કે નિકાહ કરશે તો ખર્ચ નહીં ઉઠાવી શકે અથવા જે જરૂરી બાબતો છે તેમને પૂરી નહીં કરી શકે તો **મકરૂહ** છે અને આ વાતોનું

યકીન હોય તો નિકાહ કરવું **હરામ** પરંતુ નિકાહ તો થઈ જશે.

**૦૫.** નિકાહ અને તેના હક્ક અદા કરવામાં અને **ઔલાદની તર્બિયતમાં મશ્ગૂલ રહેવું, નવાફિલમાં મશ્ગૂલ થવાથી બેહતર** છે.

*(બહારે શરીઅત, ૭/૫,૪)*

આ વર્ણનથી નિકાહના હુકમો જ ખૂબ સ્પષ્ટ થઈ ગયા. જે વ્યક્તિ નિકાહ કરી શકતો હોય અને નિકાહ પછી બીવી બચ્ચાંઓનો ખર્ચ પણ ઉઠાવી શક્તો હોય તેને નિકાહ કરી હુઝૂર રહ્મતે આલમ ﷺની આ મહાન સુન્નત પર અમલ કરવો જોઈએ.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :—

مَنِ اسْتَطَاعَ مِنْكُمُ الْبَاءَةَ فَلْيَتَزَوَّجْ فَإِنَّهُ اَغَضُّ لِلْبَصَرِ وَاَحْصَنُ لِلْفَرْجِ وَمَنْ لَمْ يَسْتَطِعْ فَعَلَيْهِ بِالصَّوْمِ فَإِنَّهُ لَهُ وِجَاءٌ۔

"તમારામાંથી જે કોઈ નિકાહ કરી શકે છે તે નિકાહ કરી લે, એટલા માટે કે (નિકાહ) નિગાહોને નીચી કરનાર અને શરમગાહની હિફાઝત કરનાર છે, અને જેનામાં તેની શક્તિ નથી તેણે રોઝા રાખવા જોઈએ એટલા માટે કે તે શેહવતને તોડનાર છે. *(સુનને ઈબ્ને માજા, ૧/૫૯૨)*

એક જગાએ ઈર્શાદ ફર્માવ્યો :—

تَزَوَّجُوا تَوَالَدُوا تَنَاسَلُوا فَإِنِّي مُبَاهٍ بِكُمُ الْاُمَمَ يَوْمَ الْقِيَامَةِ۔

"નિકાહ કરો, બાળકો પેદા કરો, વંશવેલો વધારો, યક઼ીનન ! ક઼યામતના દિવસે હું તમારા (અધિક હોવા)થી બીજી ઉમ્મતો પર ગર્વ કરીશ."

*(તફસીરે ઈબ્ને કષીર, ૬/૫૧)*

આજના જમાનામાં એવા લોકોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે જેઓ નિકાહથી દૂર રહી સિંગલ રહેવા ઈચ્છે છે, ભલે તેની આડમાં નાજાઈઝ સંબંધો અને ઝિનાકારીમાં સપડાય જાય. નિકાહથી દૂરી કરવાવાળા પર હદીષે પાકમાં ચેતવણીનું વર્ણન છે.

હઝરત અબૂ નુજૈહથી મરવી છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું :—

مَنْ قَدَرَ عَلَى اَنْ يَّنْكِحَ فَلَمْ يَنْكِحْ فَلَيْسَ مِنَّا۔

"જે નિકાહ પર શક્તિ હોવા છતાં નિકાહ ન કરે તે **અમારામાંથી નથી.**" *(સુનને દારમી, ૩/૧૩૮૩)*

એક રિવાયત હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاથી છે કે સૈયદે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

اَلنِّكَاحُ مِنْ سُنَّتِي فَمَنْ لَّمْ يَعْمَلْ بِسُنَّتِي فَلَيْسَ مِنِّي، وَتَزَوَّجُوا فَإِنِّي مُكَاثِرٌ بِكُمُ الْاُمَمَ وَمَنْ كَانَ ذَا طَوْلٍ فَلْيَنْكِحْ، وَمَنْ لَمْ يَجِدْ فَعَلَيْهِ بِالصِّيَامِ، فَإِنَّ الصَّوْمَ لَهُ وِجَاءٌ۔

"નિકાહ મારી સુન્નત છે, જેણે મારી સુન્નત પર અમલ ન કર્યો તે અમારામાંથી નથી. શાદી કરો એટલા માટે કે હું તમારી અધિક્તાના કારણે બીજી ઉમ્મતો પર ગર્વ કરીશ. જેનામાં શક્તિ હોય તે નિકાહ કરી લે અને જે ન કરી શકે તે રોઝા રાખે કે રોઝો તેની શેહવતને (વાસનાને) તોડનાર છે." *(સુનને ઈબ્ને માજા, ૧/૫૯૨)*

## ★ શાદીમાં આનાકાનીથી બચવું પણ જરૂરી છે ★

ઘણી બધી જગ્યાએ એ પણ માહોલ છે કે પુત્રી જવાન છે અને યોગ્ય રિશ્તો પણ મળી રહ્યો છે, પરંતુ રિવાજ પૂરા કરવા માટે રૂપિયા નથી તો એ નહીં થાય કે રિવાજ છોડી દે અને પુત્રીની શાદી કરે, તેના હાથ પીળા કરી આ જિમ્મેદારી પૂરી કરી દે અને ફિત્નાઓના દરવાજા બંધ થાય. હવે ખાનદાની રિવાજો પૂરા કરવા માટે ભીખ માગવાનો વિચાર કરે છે અને એ ખયાલમાં કે ક્યાંથી કાંઈ મળી જાય તો પુત્રીની શાદી રચાવીએ, શાદીની ખુશીઓ મનાવીએ જેથી સમાજમાં નામના થાય, એ

વિચારમાં જ વરસો વિતાવી દે છે. પરિણામ એ નીકળે છે કે પુત્રીની તંદુરસ્તી બગાડે છે, તેની જવાની ઢળી જાય છે, તેનું દિલ મુંઝાય છે અને તેના પર અધિક એ કે ભાતભાતની વાતો ઉડાડવામાં આવે છે અને અફવાઓ ફેલાવવામાં આવે છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર રહ્મતે આલમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યું :–

اِذَا خَطَبَ اِلَيْكُمْ مَّنْ تَرْضَوْنَ دِيْنَهٗ وَخُلُقَهٗ فَزَوِّجُوْهُ اِلَّا تَفْعَلُوْا تَكُنْ فِتْنَةٌ فِي الْاَرْضِ وَفَسَادٌ عَرِيْضٌ۔

"એવો વ્યક્તિ નિકાહનો પૈગામ મોકલે જેની દીનદારી અને અખ્લાક઼ને તમે પસંદ કરો છો તો નિકાહ કરી દો, જો નહીં કરો તો જમીનમાં ફિત્નો અને મહાન બગાડ ઉત્પન્ન થશે." *(સુનને તિર્મિઝી, ૩/૩૮૬)*

હઝરત અલી બિન અબી તાલિબ رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ રહ્મત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

يَا عَلِيُّ ثَلَاثٌ لَا تُؤَخِّرْهَا: اَلصَّلٰوةُ اِذَا اٰنَتْ وَالْجَنَازَةُ اِذَا حَضَرَتْ، وَالْاَيِّمُ اِذَا وَجَدْتَّ لَهَا كُفْئًا۔

"હે અલી ! **ત્રણ વાતોમાં મોડુ ન કરો**, જ્યારે નમાઝનો સમય થાય તો નમાઝ પઢવામાં, જ્યારે જનાઝો હાજર થઈ જાય તો કફન દફનમાં અને જ્યારે બરાબરનો રિશ્તો મળે તો દીકરીની શાદી કરવામાં."

*(સુનને તિર્મિઝી, ૨/૩૨૦)*

## ★ શાદીમાં આનાકાની કરવા પર લા'નત ★

નિકાહ પર સમાજની મજબૂતી અને ભલાઈ નિર્ભર છે એટલા માટે જ નિકાહને ખૂબ ખૂબ રિવાજ આપવાનો હુકમ આવ્યો છે. ખુદ કુર્આને પાકમાં તેનો હુકમ નાઝિલ થયો. ઈર્શાદે રબ્બાની છે :–

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَاِمَآئِكُمْ ط اِنْ يَّكُوْنُوْا فُقَرَآءَ يُغْنِهِمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ○

"અને નિકાહ કરી દો પોતાનામાંથી તેમનો જે નિકાહ વગરના હોય અને પોતાના લાયક ગુલામો અને કનીઝોનો, **જો તેઓ ફક઼ીર હશે તો અલ્લાહ તેમને ગની કરી દેશે પોતાના ફઝલથી** અને અલ્લાહ વુસ્અતવાળો (વિશાળતાવાળો) ઈલ્મવાળો છે." *(સૂ. નૂર, ૩૨)*

આ આયતમાં ફર્માવવામાં આવ્યું કે જેના નિકાહ નથી થયા અને નિકાહ માટે કોઈ શરઈ રૂકાવટ પણ નથી તો તેના નિકાહ કરી દેવા તેના સરપરસ્તોની જવાબદારી છે. ઘણા બધા લોકો એ વિચારે છે કે જ્યારે આર્થિક રીતે મજબૂત થઈ જઈશું ત્યારે નિકાહ કરીશું. તેમના વિશે ફર્માવવામાં આવ્યું કે તેઓ આ ઈન્તેજારમાં નિકાહમાં મોડુ ન કરે બલ્કે નિકાહ કરી લે, અલ્લાહ તઆલા તેમને પોતાના ફઝ્લો કરમથી ગની ફર્માવી દેશે.

હવે આ છતાં કોઈ નિકાહમાં ટાળમટોળ કરે અને નિકાહથી દૂર ભાગે તો તેનો અંજામ શું થશે ? આ હદીષે પાકમાં જુઓ.

હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે :–

لَعَنَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْمُتَبَتِّلِيْنَ مِنَ الرِّجَالِ، الَّذِيْنَ يَقُوْلُوْنَ: لَا نَتَزَوَّجُ، وَالْمُتَبَتِّلَاتِ مِنَ النِّسَاءِ اللَّائِيْ يَقُلْنَ ذٰلِكَ۔

"અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ નિકાહથી દૂર રહેનાર પુરૂષો પર લા'નત (અલ્લાહની રહ્મતથી દૂરીની દુઆ) ફર્માવી જેઓ કહે છે કે અમે નિકાહ જ નહીં કરીએ. અને નિકાહથી દૂર રહેનાર સ્ત્રીઓ પર લા'નત ફર્માવી જે એમ કહે છે કે અમે શાદી નહીં કરીએ."

*(મુસ્નદે અહમદ, ૧૩/૨૭૧)*

જાણવું જોઈએ કે સ્ત્રીઓ અને પુરૂષો માટે અલ્લાહ તઆલાએ શાદી વિવાહનો જે હુકમ આપ્યો છે તેમાં દીન વધુ પેજ 29 પર..

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૩

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક રحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ કુર્આને હકીમની તિલાવતના ફાયદા ★

હઝરત શયખુલ ઈસ્લામે મુસ્કુરાતાં હિકાયત વર્ણન કરી. એકવાર હું ખ્વાજાએ અજલ સરઝી رحمۃ اللہ علیہની ખિદમતમાં બેઠેલો હતો એવામાં ચાર દુરવેશ તેમની ખિદમતમાં હાજર થયા જેથી તેમની પાસે રહી શકે અને સોહબતનો ફયઝ ઉઠાવી શકે. એમનામાંથી એક શખ્સ એ ઈરાદાથી આવ્યો હતો કે શયખ મૌસૂફને મોકો મળતાં શહીદ કરી શકે. શયખ સરઝી رحمۃ اللہ علیہએ તે શખ્સ તરફ ચહેરો કરીને ફર્માવ્યું, હે દુરવેશ ! શું દુરવેશોના માટે મુનાસિબ છે કે દુરવેશને કત્લ કરવાના ઈરાદાથી આવે ?! દુરવેશે માથુ નમાવી લીધું અને અર્ઝ કરી કે, નહીં ! પછી ફર્માવ્યું કે આ કેવી નિય્યત છે જેને બદલી શકાય છે ! જેવી આ વાત હઝરત ખ્વાજા મૌસૂફ رحمۃ اللہ علیہએ ફર્માવી તો તે દુરવેશ ઉઠયા અને પોતાનું માથુ આપના કદમોમાં રાખી દીધું અને કહ્યું કે હુઝૂર ! ખરેખર હું આપને શહીદ કરવાના ઈરાદાથી આવ્યો હતો, પરંતુ આપ મર્દે કામિલ હોવાથી ખબરદાર થઈ ગયા તો મેં આ બુરા કૃત્યથી તૌબા કરી લીધી.

હઝરત શયખુલ ઈસ્લામે ત્યાર બાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! માણસે પોતાનો સમય કુર્આને પાકની તિલાવત સિવાય કોઈ અન્ય મામલામાં પસાર કરવો ન જોઈએ. કેમ કે આશિક તથા માશૂકના લગાવમાં વાતચીતથી વધારો થાય છે. અહલે સુલૂક લખે છે કે આ રાહમાં આ મુશાહેદાથી વધીને અન્ય કોઈ મુશાહેદો નથી. કેટલી રાહત થાય છે જ્યારે દોસ્ત દોસ્ત સાથે વાતચીત કરે છે. હે દુરવેશ ! ખુદાની વાતો કલામુલ્લાહ શરીફ જ તો છે, જેણે એ શોખ મેળવી લીધો પછી અન્ય કોઈ ચીજના ઝિક્રમાં મશગૂલ નથી થતો. જો કોઈ અન્ય ઝિક્રમાં મશગૂલ થાય તો તે સાહિબે ઝૌક (શોખવાળો) ન હશે બલ્કે જૂઠો દાવેદાર હશે અને મહોબ્બતમાં સાચો નહીં હોય. **જ્યારે માણસ કલામુલ્લાહની તરફ ધ્યાનિત થાય તો જોઈએ કે તેના અર્થોમાં ડૂબી જાય અને મખ્લૂકની તરફથી ધ્યાન હટાવી લે.** આ અંદાઝ તથા શાન સાથે જ્યારે તે તિલાવતે પાકમાં મશ્ગૂલ થશે તો એક ફરિશ્તો એક લાખ જન્નતી હૂરોની સાથે આવીને તેની સામે બેસી જશે અને જન્નતી હૂરોની સાથે તે ફરિશ્તો એવી મેહફિલ રચશે કે માણસની નજર તેને જોવાની ક્ષમતા ન ધરાવી શકશે. કુર્આને પાકની અનહદ તિલાવતની મહોબ્બતમાં તે ફરિશ્તો કારીના ચહેરા સામે, ચહેરો કરશે. અને જ્યાં સુધી તે માણસ જીવતો રહેશે ત્યાં સુધી તે ફરિશ્તો તેની ખિદમતમાં રહેશે. અને જ્યારે તેનો વિસાલ થશે તો ફરિશ્તો જન્નતી હૂરોની સાથે તે માણસ સાથે જન્નતમાં જશે.

**★ યૂં મન ગોયમ મુસલમાનમ્ બલરઝમ ★**

*(જ્યારે હું પોતાને મુસલમાન કહું છું તો કાંપુ છું !)*

ફર્માવ્યું, હે દુરવેશ ! અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم નો નિયમ એ હતો કે જ્યારે કલામે પાકની તિલાવતમાં મશગૂલ થતા તો ઝાડનાં પાંદડાંની જેમ આપના પર ધ્રુજારી છવાય જતી. દરેક આયત પર એ રીતે ઉભા થઈ જતા જાણે કે કોઈ શખ્સ કોઈના ઈન્તેઝારમાં હોય, પછી બેસી જતા. આ રીતે સાત દિવસ રાત પસાર થઈ જતા. પછી ફર્માવ્યું કે જેવી રીતે આ દુનિયામાં કારી એકલો કલામે પાકથી ઝોક તથા લિજ્જત પામે છે તો કયામતના દિવસે પણ એ જ પ્રમાણે એકલો તજલ્લિયતે મહબૂબે હકીકીથી મહઝૂઝ (ફયઝયાબ) થશે.

ગઝનીમાં એક મર્દે દુરવેશ હતા જે કુર્આનને સાત કિરાઅતો વડે પઢવાનું જાણતા હતા, અને આ કળામાં અનોખા હતા. તેમનું નામ મુહમ્મદ મુકરી હતું તેમની કરામત એ હતી કે જે શખ્સ તેમની સમક્ષ એક કુર્આની સૂરત પઢી લેતો, અલ્લાહ પાક તમામ કુર્આને પાક તેને શીખવી દેતો. જેથી આ ફકીરે પણ એક સૂરતે પાક તેમની સમક્ષ પઢી તો એ મર્દે બુઝુર્ગની બરકતથી તમામ કુર્આને કરીમ હિફ્ઝ થઈ ગયું. સારાંશ એ મૌસૂફના એક ભાઈ દમિશ્કમાં રહેતા હતો. એક શખ્સ દમિશ્કથી ગઝનીમાં આવ્યો. મૌસૂફે એ નવાંતુકને પૂછયું કે મારો ભાઈ સહી સલામત છે કે નહીં ? જ્યારે કે એમના ભાઈ વફાત પામી ચૂક્યા હતા. આવનારાએ તેમની વફાતની ખબર ન બતાવી અને કહ્યું, હા ! તે સહી સલામત છે. ત્યાર બાદ દમિશ્કના હાલાત બતાવવા શરૂ કરી આપ્યા કે જોરથી વરસાદ પડયો અને લોકોનાં ઘરો તબાહ થઈ ગયાં. એકવાર આગ લાગી અને આટલાં મકાનો સળગીને રાખ થઈ ગયાં. જ્યારે તેમણે વાત ખત્મ કરી તો ખ્વાજા મુહમ્મદ મુકરીએ કહ્યું કે ત્યારે તો મારો ભાઈ જીવતો નથી રહ્યો. તેણે કહ્યું, હા ! તે રહમતે હક્કથી જઈને મળી ગયા. ફર્માવ્યું, હે દુરવેશ ! તિલાવતે કુર્આને પાક ખત્મે સૂરએ ફાતિહાનો સવાબ હઝરત રિસાલત પનાહ ﷺ તથા દીનના ઈમામોની પાક રૂહોને નઝર કરવા માટે દરેક શખ્સે મશગૂલ રહેવું જોઈએ જેથી કલામુલ્લાહ શરીફની બરકત અને આ પાક રૂહોના વસીલાથી માણસના દીન તથા દુનિયામાં દરજાઓની પ્રગતિ થાય, ઈજ્જતના મકામ પર બિરાજમાન થાય અને સાહિબે કુર્બો તજલ્લી બની જાય.

**★ સૂરએ ફાતિહા તથા બકરહની બરકતો ★**

હે દરવેશ ! જે કોઈ સૂરએ ફાતિહાને બીમારોની શિફાયાબીના માટે અથવા કોઈ પણ મહત્વના કામના માટે ૪૧ વાર અઊઝુ તથા તસ્મિયા (બિસ્મિલ્લાહ)ની સાથે એ રીતે કે રહીમની મીમને અલ્હમ્દના અલિફ લામમાં મિલાવીને પઢે અને બીમાર પર દમ કરે તો તરત શિફા પામશે. કેમ કે સૂરએ ફાતિહાનો ખત્મ શરીફ ૪૧ વાર જ છે અને હદીષ શરીફમાં આવ્યું છે કે ફાતિહા શરીફ દરેક બીમારીની દુઆ છે.

પછી ફર્માવ્યું, સૂરએ બકરહનો ખત્મે પાક દિવસમાં એકવાર છે. જે શખ્સ ફજરની નમાઝની સુન્નતો અને ફર્ઝોની વચ્ચે ત્રણ દિવસ સુધી પઢે તો તેની જે પણ નિય્યત હશે ખુદાવંદે કુદુસ પૂર્ણ કરશે. એકવાર ખ્વાજા કુત્બુદીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہ ને અલ્લાહ તઆલાથી હાજત હતી. આપે એ સૂરએ પાકનો વઝીફો કર્યો. હજી એક પણ નમાઝ પૂરી ન થઈ હતી કે ખુદાએ કુદુસે તેમની હાજત પૂર્ણ કરી આપી.

## ★ અન્ય સૂરતોની બરકતો ★

- ❐ પછી ફર્માવ્યું, હે દુરવેશ ! **સૂરએ આલે ઈમરાન**નો ખત્મ શરીફ દિવસમાં દસ વાર છે, દસ વાર પઢવો જોઈએ.
- ❐ પછી ફર્માવ્યું કે હઝરત રસૂલે મક્બૂલ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ **સૂરએ યૂસુફ**ને પઢે તેને કુર્આને પાક યાદ થઈ જશે.
- ❐ **સૂરએ રઅદ**નો ખત્મ સાત વાર છે. એ સૂરએ પાકને દીનના દુશ્મનોના ડર તથા ભયના માટે પઢવી જોઈએ.
- ❐ **સૂરએ હજ્જ** ૭૦ વાર ખેંચ તથા પાગલપનના બીમારો પર દમ કરવાથી તરત જ શિફા થાય છે.
- ❐ **સૂરએ નહ્લ**નો વઝીફો દિવસમાં દસવાર છે. જે કાંઈ ખુદાથી માગશે તે મળશે.
- ❐ **સૂરએ બની ઈસ્રાઈલ** દિવસમાં દસ વાર પઢવી જોઈએ.
- ❐ **સૂરએ કહફ**નો ખત્મ શરીફ ૪૦ વાર છે. દર જુમ્આના પોતાની સર્વ મુશ્કેલીઓ માટે પઢે.
- ❐ **સૂરએ મરયમ** દરરોજ ૨૦ વાર ગેપ પાડયા વિના પઢવી જોઈએ મહત્વનાં કામો તથા માલ દૌલની અધિકતા માટે.
- ❐ **સૂરએ તાહા** જુમ્આની રાતે ત્રણવાર પઢવાથી એવું જણાશે કે ખુદાવંદ તઆલા ખુદ કલામ ફર્માવી રહેલ છે.
- ❐ **સૂરએ અંબિયા**નો ખત્મ ૭૫ વાર મક્હૂરી (જેના પર ગુસ્સો હોય) દુશ્મનો માટે કરવો જોઈએ.
- ❐ **ક્દ અફલહલ મુઅમિનુન** સાત વાર દીન તથા દુનિયાની નજાત માટે પઢવી જોઈએ.
- ❐ **સૂરએ નૂર**નો ખત્મ તમામ મુસીબતોને દૂર કરવા માટે દરરોજ સાત વાર કરવો જોઈએ.
- ❐ **સૂરએ ફુર્કાન** સાત વાર પઢવી જોઈએ.
- ❐ **સૂરએ શોઅરા** દીનના દુશ્મનોને દૂર કરવા ૭૫ વાર પઢવી જોઈએ.
- ❐ **સૂરએ નમ્લ** ખુદાની નેઅમતોના શુક્ર માટે પઢવી જોઈએ.
- ❐ **સૂરએ અંબિયા**નો ખત્મ શરીફ દસવાર છે. જેટલો સવાબ અંબિયાએ કિરામને થશે, એટલો જ સવાબ આ સૂરતે પાક પઢનારને થશે.
- ❐ **સૂરએ અન્કબૂત** શૈતાનના વસવસાઓને દૂર કરવા માટે દસવાર પઢવાની વ્યવસ્થા કરે.
- ❐ **સૂરએ રૂમ** દુશ્મન દફેઅ કરવાની નિય્યતથી ૨૧ વાર પઢવાનો હુકમ છે.
- ❐ **સૂરએ લુકમાન** દીન દુનિયાની સઆદતો (નેક બખ્તીઓ) હાંસલ કરવા માટે ૭૦ વાર પઢે.
- ❐ **સૂરએ સજદા** શહાદતનો મહાન દરજો હાંસલ કરવા માટે પઢે.
- ❐ **સૂરએ અલમ નશ્રહ**ની સૂરતે પાક ૭૫ વાર પઢવાથી મુશ્કેલ બાબતો દૂર થશે.
- ❐ **સૂરએ સબા**નો ખત્મ ૪૧ વાર અલ્લાહની રઝામંદી તથા દુશ્મનોથી સુલહ કરવાના માટે ૪૧ વાર પઢે.
- ❐ **સૂરએ ફાતિર** તમામ મુસીબતોથી હિફાઝતના માટે તથા બુઝુર્ગોના ઈસાલે સવાબ માટે ૭૦ વાર પઢે.
- ❐ **સૂરએ યાસીન**નો ખત્મ દરેક મુશ્કેલ કામને આસાન બનાવવા માટે ફાયદાકારક છે.
- ❐ **સૂરએ સાફ્ફાત** અમ્નો અમાનમાં રહેવા માટે ૨૧ વાર પઢે.

❒ **સૂરએ તન્ઝીલુલ કિતાબ** ખુદાની ઈતાઅતમાં સુસ્તી તથા ગફલત દૂર કરવા માટે જુમેરાતે પાંચ વાર પઢે.

❒ **સૂરએ સજદા** જાલિમોને દફેઅ કરવા માટે દસવાર પઢે.

❒ **સૂરએ હા-મીમ** તમામ મુસીબતોને દફન કરવા અને નેક નસીબી પ્રાપ્ત કરવા માટે પઢે.

❒ **સૂરએ ઝુખ્રુફ** ઈમાનની હિફાઝત માટે ૪૧ વાર પઢે.

❒ **સૂરએ મુહમ્મદ** ઈલાહી રહસ્યોના ઝહૂર માટે ૪૧ વાર પઢે.

જ્યારે હઝરત શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ અહીં સુધી પહોંચ્યા તો ફર્માવ્યું, હે દુરવેશ ! બુધ્ધિશાળી કુર્આનની તિલાવતથી ગાફેલ નથી રહી શકતો, **કેમ કે આ કુર્આને કરીમનો એક એક અક્ષર પોતાનામાં અસ્રરો અન્વારનાં ભરચક સમુદ્રો ધરાવે છે. જ્યારે કોઈ ચીજથી અલ્લાહની નેઅમત જાહેર થાય તો કેવી રીતે પોતાની જાતને તેનાથી મેહરૂમ રાખી શકે છે ?!** ફર્માવ્યું, અન્ય કુર્આની સૂરતોના ખત્મ શરીફના બારામાં કોઈ અન્ય દિવસે ખુદાની તૌફીક઼ તથા રઝાથી વર્ણન કરવામાં આવશે. જ્યારે આ ક્રમ સંપૂર્ણ કર્યો તો ઉઠયા અને અંદર તશરીફ લઈ ગયા અને આમ લોકો અને આ દુઆગો પર આવી ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ *(ક્રમશઃ)*

પેજ 25 નું ચાલુ.. અને દુનિયાની ઘણી બધી ભલાઈઓ અને જરૂરતો સમાયેલી છે. ઘણી બધી બુરાઈઓ, નુકસાનો, પરેશાનીઓ અને વિવિધ પ્રકારની બીમારીઓથી તેમાં નજાત છે. નિકાહથી સામાજિક સહૂલતો પેદા થાય છે. એકબીજાની મદદથી જીવનમાં આરામ મળે છે, હિકમતવાળા ખાલિકે દરેકની જરૂરતને બીજાથી જોડી રાખી છે એટલે કેવળ સ્ત્રી જ નહીં પતિ પણ પત્નીનો મોહતાજ છે. ખાસ કરીને ઘરનું સંચાલન પુરૂષ નથી ચલાવી શકતો. એટલા માટે એ જોવામાં આવ્યું છે કે એવા આઝાદ વ્યક્તિની ઘરેલુ જિંદગી બેકાર થઈ જાય છે. શરૂઆતમાં તો મા, બહેન વગેરેની મદદથી જીવંન પસાર થઈ જાય છે. પરંતુ તેમના મૃત્યુ પામવા પછી અથવા જીવનના અંતિમ ભાગમાં સખત પરેશાની થાય છે. સમય પર ખાવા અને બીમારીની હાલતમાં દવા તથા પરહેઝી વગેરેમાં પુરૂષને સખત પરેશાની થાય છે. શાદીનો મક઼સદ કેવળ વાસના પૂરી કરવાનો નથી હોતો બલ્કે જીવન વ્યવસ્થા અને તંદુરસ્તીને બાકી રાખવા માટે તેની સખત જરૂરત પડે છે. એટલા માટે શાદી ન કરવાવાળા પુરૂષો અને સ્ત્રીઓ પર લા'નત ફર્માવવામાં આવી છે. એટલા માટે કે તેઓ કુદરતના બંધારણથી બગાવત માટે તૈયાર થયેલા છે. *(ક્રમશઃ)*


**★ ૧૫ રૂ. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★**

❑ **લેખક : મૌલાના તત્હીર અહમદ રઝવી** ❑ **અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

**કિતાબ : મુહર્રમમાં શું જાઇઝ શું નાજાઈઝ ?** મુહર્રમમાં થતી વર્તમાન તાઝીયાદારીની ખરાબીઓના નિર્દેશ સાથે અહલે સુન્નતના ચોટીના ઉલમાના ફત્વા તથા માર્ગદર્શન હેઠળ મુહર્રમમાં કઈ રસ્મો જાઈઝ છે, કઈ નાજાઈઝ તેને દર્શાવતી કિતાબ મંગાવો, લોકોમાં વહેંચો, વાંચો વંચાવો અને સાચા હુસૈની બનો. મુર્હરમ મહિનામાં શોહદાએ કર્બલાના માટે ઈસાલે સવાબની મેહફિલો, કુર્આનખ્વાની, ઝિક્ર તથા દુરૂદની મેહફિલો વગેરે જાઈઝ કામો કરવાં જોઈએ અને શરીઅત વિરુદ્ધની વાતોથી બચવું જોઈએ. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા**, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

## તઝકેરતુલ અવલિયા

# હઝરત ઝુન્નૂન મિસ્રીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૩૧

**ઓળખ** : આપ મઅરેફતના સુલ્તાન અને તૌહીદના સમંદરના તરવૈયા હતા. અને ઈબાદત તથા રિયાઝતથી જમાનાના મશહૂર થયા પરંતુ મારેફતવાળા હમેશા આપને ઝિંદીક કહીને આપની બુઝુર્ગી તથા અઝમતના મુન્કિર રહ્યા. અને આપે પણ કદી કોઈના પર પોતાની ખૂબીઓને જાહેર કરવાની ઝેહમત ન કરી, જેના કારણે આપની હયાત સુધી આપના હાલાત પર પર્દો પડેલો રહ્યો.

**આપની તૌબાનો બનાવ** : આપની તૌબાનો બનાવ અજીબો ગરીબ છે અને તે એ કે કોઈ શખ્સે આપને ખબર પહોંચાડી કે ફલાણી જગાએ એક નવ જવાન આબિદ છે. અને જ્યારે આપ તેનાથી નિયાઝ હાંસલ કરવા ગયા તો જોયું કે તે એક ઝાડ પર ઉલ્ટો લટકેલો છે. પોતાના નફસને સતત એવું કહી રહ્યો છે કે જ્યાં સુધી તું અલ્લાહની ઈબાદતમાં મારી સાથે નહીં રહે ત્યાં સુધી હું તને આ જ પ્રમાણે તકલીફ આપતો રહીશ ત્યાં સુધી કે તારું મૌત આવી જાય. આ બનાવ જોઈને આપને એના પર એવી દયા આવી કે રડવા લાગ્યા. અને જ્યારે નવજવાન આબિદે પૂછયું કે આ કોણ છે જે એક બેહયા ગુનેહગાર પર દયા ખાયને રડી રહ્યો છે ? આ સાંભળીને આપે એની સામે જઈને સલામ કરી અને ખબર પૂછી. તેણે જણાવ્યું કે, કેમ કે આ શરીર અલ્લાહની ઈબાદત માટે તૈયાર નથી એટલા માટે તેને આ સજા આપી રહ્યો છું. આપે કહ્યું કે મને તો એ ગુમાન થયું કે કદાચ તમે કોઈને કત્લ કરી નાખ્યો છે ! અથવા કોઈ મહાન ગુનોહ થઈ ગયો છે. તેણે જવાબ આપ્યો કે સર્વ ગુનાહ મખ્લૂક સાથે ભેળસેળ કરવાથી જન્મ પામે છે. એટલા માટે હું મખ્લૂક સાથે મેળ મિલાપને ઘણો જ મોટો ગુનાહ સમજુ છું. આપે ફર્માવ્યું કે તમે તો ખેરખર ઘણા જ મહાન ઝાહિદ છો ! તેમણે જવાબ આપ્યો કે જો તમે કોઈ મહાન ઝાહિદને જોવા ચાહો છો તો સામેના પહાડ પર જઈને જુઓ. જેથી જ્યારે આપ ત્યાં પહોંચ્યા તો એક નવજવાનને જેનો એક પગ કપાયેલો બહાર પડયો હતો અને તેનું શરીર કીડાઓનો ખોરાક બનેલું હતું. અને જ્યારે આપે તેની પરિસ્થિતિ વિશે માલૂમ કર્યું તો તેણે બતાવ્યું કે એકવાર હું આ જ જગાએ ઈબાદતમાં વ્યસ્ત હતો એવામાં એક ખૂબસૂરત સ્ત્રી સામેથી પસાર થઈ જેને જોઈને હું શૈતાની ફરેબમાં સપડાય ગયો અને તેણીની નજીક પહોંચી ગયો. તે વખતે નિદા આવી કે હે બશરમ ! ત્રીસ વરસ ખુદાની ઈબાદત તથા ઈતાઅતમાં પસાર કરીને આજે શૈતાનની ઈબાદત કરવા જઈ રહ્યો છે ?! જેથી મેં તે જ વખતે પોતાનો એક પગ કાપી નાખ્યો કે ગુનાહ માટે પ્રથમ ડગલુ આ જ પગથી ઉઠાવ્યું હતું. પછી બતાવો કે તમો મુઝ ગુનેહગારની પાસે આવ્યા છો અને જો ખરેખર તમને મહાન ઝાહિદની શોધ હોય તો આ પહાડની ટોચ પર ચાલ્યા જાવ. પરંતુ જ્યારે ઊંચાઈના કારણે જ્યારે આપનું પહોંચવું અશક્ય થઈ ગયું તો તે નવજવાને પોતે જ તે બુઝુર્ગનો કિસ્સો શરૂ કરી આપ્યો. તેણે જણાવ્યું કે પહાડની ટોચ પર જે બુઝુર્ગ છે તેમનાથી એક દિવસે કોઈએ એવું કહી આપ્યું કે રોજી મહેનતથી હાંસલ થાય છે. બસ તે દિવસથી તેમણે એ નિશ્ચય કરી લીધો કે જે રોજીમાં મખ્લૂકનો હાથ હશે તેને હું ઉપયોગમાં લઈશ નહીં અને કાંઈ ખાધા વિના કેટલાક દિવસો પસાર થઈ ગયા તો અલ્લાહ તઆલાએ મધ માખીઓને હુકમ

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

આપ્યો કે તેની આસપાસ જમા રહીને તેને મધ પૂરુ પાડતી રહે. જેથી તે હમેશાં મધ જ ઉપયોગમાં લે છે. આ સાંભળીને હઝરત ઝુન્નૂને દર્સે ઈબ્રત હાંસલ કર્યો અને તે જ સમયથી ઈબાદત તથા રિયાઝત પ્રતિ ધ્યાનિત થઈ ગયા.

અને આપ જે વખતે પહાડથી નીચે ઉતરી રહ્યા હતા તો જોયું કે એક આંધળુ પક્ષી ઝાડથી નીચે આવીને બેસી ગયું. એ વખતે આપને ખયાલ આવ્યો કે ન જાણે એને રોજી ક્યાંથી પૂરી પડાતી હશે ?! પરંતું આપે જોયું કે તે પક્ષી પોતાની ચાંચ વડે જમીન ખોતરી જેમાંથી એક સોનાની પ્યાલી બહાર આવી અને એમાં તલ ભરેલા હતા અને બીજી ચાંદીની પ્યાલી જે ગુલાબના અર્કથી લબરેઝ હતી. જેથી તે પક્ષી તલ ખાયને અને ગુલાબ પીને ઝાડ પર જઈને બેઠુ અને પ્યાલીઓ અદશ્ય થઈ ગઈ. એ જોઈને આપે પણ તે જ દિવસથી તવક્કલ માટે તૈયારી કરી લીધી અને યક઼ીન કરી લીધું કે અલ્લાહ પર તવક્કુલ કરનારાને કદી તકલીફ નથી પડતી.

ત્યાર બાદ આપે જંગલનો માર્ગ પકડયો જ્યાં આપના કેટલાક પૂરાણા સાથી મળી ગયા. અને સંજાગોવસાત ત્યાં એક ખજાનો મળી આવ્યો, જેમાં એક એવો તખ્ત હતો જેના પર અલ્લાહ તઆલાનાં મુબારક નામો કોતેરેલાં હતાં. અને જે વખતે ખજાનો વહેંચાવા લાગ્યો તો આપે પોતાના હિસ્સામાં કેવળ તે તખ્ત લઈ લીધો. અને એક રાતે ખ્વાબમાં જોયું કે કોઈ એવું કહી રહ્યો છે, હે ઝુન્નૂન ! સૌએ દૌલતની વહેંચણી કરી અને તેં અમારા નામને પસંદ કરી લીધું જેના બદલામાં અમે તારા ઉપર ઈલ્મો હિકમતના દરવાજાઓ વિશાળ કરી આપ્યા. આ સાંભળીને આપ શહેર પરત આવી ગયા.

**ખૂબસૂરત સ્ત્રી જોવાનો બનાવ** : આપ ફર્માવ્યા કરતા કે એક દિવસ નદી કિનારે વુઝૂ કરી રહ્યો હતો એવામાં સામેના મહેલ પર એક ખૂબસૂરત સ્ત્રી જોવા મળી. અને જ્યારે મેં તેણી સાથે વાતચીત કરવા કહ્યું તો તેણીએ કહ્યું કે દૂરથી હું તમને પાગલ ધારી રહી હતી અને જ્યારે થોડાક નજીક આવી ગયા તો મેં આલિમ સમજ્યા અને જ્યારે તદ્દન નજીક આવી ગયા તો મઅરેફતવાળા સમજ્યા. પરંતું હવે જણાયું કે તમે આ ત્રણેવમાંથી કાંઈ પણ નથી. અને જ્યારે મેં એનું કારણ પૂછયું તો તેણીએ જવાબ આપ્યો કે **આલિમ નામરહમ પર નજર નથી નાખતા,** અને દીવાના વુઝૂ નથી કરતા. અને **મારેફતવાળા અલ્લાહ સિવાય કોઈને નથી જોતા.** આટલુ કહીને અદશ્ય થઈ ગઈ, અને મેં સમજી લીધું કે આ ગયબના તરફથી એક ચેતવણી છે.

**હજારો માછલીઓ મોંમાં મોતી સાથે જાહેર થઈ !** : એકવાર આપ નાવડીમાં સફર કરી રહ્યા હતા એવામાં કોઈ વેપારીનું મોતી ખોવાય ગયું અને સૌએ આપના પર શંકા કરીને મારપીટ કરવાનું શરૂ કરી આપ્યું. આપે આસ્માનની તરફ નજર ઉઠાવીને કહ્યું કે હે અલ્લાહ ! તું અલીમ છે કે મેં કદી ચોરી નથી કરી. આવું કહેતાં જ દરિયામાંથી હજારો માછલીઓ મોંમા એક એક મોતી દબાવીને જાહેર થઈ અને આપે એક માછલીના મોંમાથી મોતી કાઢીને એ વેપારીને આપી દીધું. આ કરામત જોયા પછી સર્વ મુસાફરોએ માફી માગી. એના જ કારણે આપનો લક઼બ ઝુન્નૂન પડી ગયો.

**આપનાં બહેનનો મર્તબો** : આપની બહેન પર આપની સોહબતની એ અસર થઈ કે એક દિવસે આ આયત તિલાવત કરી રહી હતી :

وَظَلَّلْنَا عَلَيْكُمُ الْغَمَامَ وَاَنْزَلْنَا عَلَيْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى ط

"અને અમે વાદળને તમારો સાયો કર્યું અને તમારા પર મન્ન તથા સલ્વા ઉતાર્યું." *(સૂ. બક઼રહ, ૨/૫૭)*

તો અલ્લાહ તઆલાથી અર્ઝ કર્યું કે જ્યારે તેં બની ઈસ્રાઈલ પર મન તથા સલ્વા નાઝિલ કરી

આપ્યું તો મોમિનો એનાથી વંચિત શા માટે છે ? જેથી એ જ વખતે મન્ન તથા સલ્વા ઉતર્યું અને આપ રણની તરફ એવી જગાએ ચાલ્યા ગયાં કે કોઈ પતો ન લાગ્યો.

**એક ફૂંકમાં સર્વ બીમારો સાજા થઈ ગયા ! :** આપે ફર્માવ્યા કરતા કે મેં એક પહાડ પર ઘણા બીમારોની ભીડ જોઈ અને જ્યારે કારણ પૂછયું તો એમણે બતાવ્યું કે અહીં એક ઈબાદતગુઝાર વરસમાં એક વખત નીકળીને બીમારો પર કાંઈક દમ કરે છે જેના બાદ સૌ સાજા થઈ જાય છે, જેથી કેટલોક સમય મેં પણ તે બુઝુર્ગની રાહ જોઈ અને જ્યારે બહાર આવ્યા તો આંખોની આસપાસ કુંડાળાં વળી ગયાં હતાં અને ઘણા જ કમજોર તથા ઝઈફ હતા. પછી આસ્માનની તરફ નજરો ઉઠાવીને સર્વ બીમારો પર કાંઈક દમ કરી આપ્યું અને તેઓ સૌ તરત જ સાજા થઈ ગયાં. અને તે જ્યારે ઈબાદતગાહમાં પ્રવેશવા લાગ્યા તો મેં હાથ પકડીને અર્ઝ કરી કે જાહેરી બીમારીવાળાઓને તો શિફા મળી ગઈ પરંતું મારી બાતિની બીમારી પણ દફેઅ કરી આપો. આ સાંભળીને ફર્માવ્યું કે હે ઝુન્નૂન ! મારો હાથ છોડી આપ ! કેમ કે અલ્લાહ તઆલા નિગરાની કરી રહ્યો છે કે તેં એનો દસ્તે કરમ છોડીને બીજાનો હાથ પકડી લીધો છે. આમ કહીને તેમણે હાથ છોડાવ્યો અને ઈબાદતગાહમાં દાખલ થઈ ગયા.

લોકોએ જ્યારે આપનાથી ગિર્યાઓઝારી (રૂદન)નું કારણ પૂછયું તો ફર્માવ્યું કે રાતે સજદાની હાલતમાં ઊંઘ આવી ગઈ તો ખ્વાબમાં જોયું કે અલ્લાહ તઆલા ફર્માવી રહ્યો છે, મેં મખ્લૂક઼ને દસ હિસ્સાઓમાં પેદા કરી અને જ્યારે એમની સામે દુનિયા પેશ કરવામાં આવી તો દસમાંથી નવ હિસ્સા દુનિયાની મખ્લૂક઼ પર આશિક઼ થઈ ગયા. પછી મેં એક હિસ્સો બચેલી મખ્લૂક઼ને દસ ભાગોમાં વહેંચી કાઢી અને તેમની સામે જન્નત પેશ કરવામાં આવી તો નવ હિસ્સા તેના દીવાના થઈ ગયા પણ એક એના પર પણ ધ્યાનિત ન થઈ શક્યો. પછી મેં તે એક હિસ્સાના પણ દસ હિસ્સા કર્યા અને જ્યારે મેં તેમને એ સવાલ કર્યો કે ન તમો જન્નતના તલબગાર બન્યા ન જહન્નમથી ભયભીત થયા, તો પછી છેવટે તમો શું ચાહો છો ? તેમણે અર્ઝ કર્યું કે જે કાંઈ અમે ચાહીયે છીએ તેનાથી તું બખૂબી વાકેફ છે.

**ફક઼ીરી કોને કહેવાય ? :** કોઈ બાળકે આપને અર્ઝ કરી કે મને વારસા રૂપે એક લાખ દીનાર હાંસલ થયા છે અને મારી તમન્ના છે કે એ સૌ આપની જ ઝાતે ગિરામી પાછળ ખર્ચી કાઢું. આપે ફર્માવ્યું કે બાલિગ થવાની હદ સુધી પહોંચતા પહેલાં તમારા માટે એને ખર્ચ કરવું જાઈઝ નથી. અને જ્યારે એ બાળક પુખ્ત બન્યો તો જાયદાદ ફક઼ીરોમાં વહેંચી કાઢીને આપના મુરીદોમાં સામેલ થઈ ગયો. પછી એ જ નવજવાન એક દિવસે આપની ખિદમતમાં હાજર થયો તો માલૂમ થયું કે આપ આજકાલ કાંઈક જરૂરતમંદ છે. તેણે અફસોસ વ્યક્ત કરતાં કહ્યું કે કાશ ! મારી પાસે જો આજે દોલત હોત તો હું આપની ખિદમતમાં પેશ કરી આપતો. આપે તેની નિય્યતને ભાંપીને યક઼ીન કરી લીધું કે એ હજી ફક઼ીરીના ભાવાર્થથી વાકેફ નથી. જેથી તેને ફર્માવ્યું કે ફલાણા દવાખાનેથી આ દવા લાવીને ઘસી લો અને તેલમાં મિલાવીને ત્રણ ગોળીઓ તૈયાર કરીને તેમાં સોઈ વડે કાણુ કરીને મારી પાસે લઈ આવો. જેથી આપે એ ત્રણેવ ગોળીઓ પર કાંઈક દમ કર્યું તો એ યાકૂતમાં ફેરવાઈ ગઈ ને આપે ફર્માવ્યું કે કોઈ ઝવેરીની પાસે લઈ જઈને કિંમત માલૂમ કરો. જેથી ઝવેરીએ એક હજાર દીનાર કિંમત લગાડી. પછી એ નવયુવાને આખો બનાવ વર્ણવ્યો તો ફર્માવ્યું કે એને પાણીમાં ઓગાળી દો અને એ સારી રીતે દિમાગમાં બેસાડી લો કે ફક઼ીરોને માલ દૌલતની જરૂરત નથી હોતી. આ સાંભળીને તે હમેશાં માટે તારીકુદુનિયા થઈ ગયો. *(ક્રમશઃ)*

# મુસલમાનોની બુઝદિલીના સબબો

**હપ્તો : પ્રથમ**

**અઝ : દાઈએ કબીર મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

"વહન" અરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ છે "અમલની કમજોરી." આ એવી કમજોરી છે જે માનવના અમલી જઝબાને નષ્ટ કરી દે છે અને તેને આગળ વધવાથી રોકે છે. જે ક઼ૌમના દિલમાં "વહન" પેદા થઈ જાય તો તેમની સંખ્યા ભલે ગમે તેટલી હોય પણ તે ક઼ૌમ પોતે પોતાને પ્રતિ સ્પર્ધીની સામે કમતર તથા તુચ્છ સમજવા લાગે છે.

આપણે ભૂતકાળના દૌરના ઈતિહાસનો અભ્યાસ કરીએ તો જાણવા મળશે કે અલ્લાહની રાહમાં નીકળનારા અને ખુદાના દીનના માટે લડનારા "વહન"થી ખૂબ જ દૂર રહેતા હતા. એ જ કારણે સંખ્યા ઓછી હોવા છતાં તથા જંગી શસ્ત્ર સરંજામ અપૂરતો હોવા છતાં મહાન મહાન શક્તિઓ તેમની સામે ઝુકી જતી હતી. ખુદ કુર્આને મુક઼દ્દસ ઈર્શાદ ફર્માવે છે :–

وَ كَاَيِّنْ مِّنْ نَّبِيٍّ قٰتَلَ ۙ مَعَهٗ رِبِّيُّوْنَ كَثِيْرٌ ۚ فَمَا وَ هَنُوْا لِمَآ اَصَابَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ وَ مَا ضَعُفُوْا وَ مَا اسْتَكَانُوْا ؕ وَ اللّٰهُ يُحِبُّ الصّٰبِرِيْنَ ۝

"અને કેટલાયે અંબિયાએ જેહાદ કર્યો તેમના સાથે ઘણા ખુદાવાળા હતા, તો ન સુસ્ત પડયા એ મુસીબતોથી જે અલ્લાહની રાહમાં તેમને પહોંચી અને ન કમજોર થયા અને ન દબાયા. અને **સબ્રવાળા અલ્લાહના મહબૂબ** છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૪૬)*

આ આયતે મુક઼દ્દસામાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો કે અંબિયાએ કિરામની સાથે રાહે હક્ક઼માં જેહાદ કરનારાઓ પર મુસીબતો તથા તકલીફોના પહાડ તૂટયા તેમ છતાં તેઓ "વહન"ના શિકાર ન થયા બલ્કે રાહે હક્ક઼માં જામેલા રહ્યા.

ગઝવએ ઓહદમાં જ્યારે મુસલમાનોને જાની તથા માલી ઘણુ જ મોટુ નુકસાન ઉપસ્થિત થયું તે વખતે આગળ વધવા અને અધિક દોડધૂપ કરવાની શક્તિ માણસમાં નથી રહી જતી પણ તેમ છતાં અલ્લાહ તબારક વ તઆલાએ મુસલમાનોની હોસલા અફઝાઈ ફર્માવતાં (પ્રોત્સાહિત કરતાં) ફર્માવ્યું :

وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۝

"અને ન સુસ્તી કરો અને ન ગમ ખાવ, તમે જ ગાલિબ થશો જો ઈમાન ધરાવો છો."

*–(સૂ. આલે ઈમરાન, આ. ૧૩૯)*

એટલે કે તમારો ઈમાની જઝબો સલામત છે, ઈસ્લામના માટે તમારા દિલોમાં ઈખ્લાસ છે અને દીને હક્ક઼ના માટે જેહાદ કરવાનો તમારા દિલમાં જઝબો છે તો તમારે "વહન"નો શિકાર થવાની જરૂરત નથી. ઈમાનની શર્તની સાથે ગલબો (સરસાઈ) તથા બુલંદી તમારી જ સાથે છે.

## ★ આજે આપણે ''વહનના શિકાર શાથી છીએ ?'' ★

આજે ભલે દુનિયાની દરેક ચોથી વ્યક્તિ મુસલમાન કહેવાય છે, પરંતું આંતર રાષ્ટ્રીય કક્ષાએ માનવજાતને પ્રભાવિત કરવાની પોલીસીઓ તથા ફેંસલાઓમાં મુસલમાનોની કોઈ અસર જોવા નથી મળતી. આજે આપણે જો ઈસ્લામના નામ પર ચાલી રહેલી ગવર્નમેન્ટોની શક્તિ તથા તાકતનું નિરીક્ષણ કરીએ તો અંદાઝો થશે :

| દેશો | પાયદળ | ટૅંક | હવાઈ શક્તિ | દરિયાઈ શક્તિ |
|---|---|---|---|---|
| યમન | ૪,૧૦,૦૦૦ | ૧૩૯૧ | ૮૫ જંગી વિમાન / ૯૪ હેલીકોપ્ટર | ૬૫ દરિયાઈ જહાઝ |
| લીબિયા | ૧,૧૦,૦૦૦ | ૫૩૦ | ૪૮૦ જંગી વિમાન / ૧૦૬ હેલીકોપ્ટર | ૨૧ દરિયાઈ જહાઝ / ૨ સબમરીન |
| ઓમાન | ૧૦૦,૦૦૦ | ૧૨૨૦ | ૭૧૧ જંગી વિમાન / ૧૩૮ હેલીકોપ્ટર | ૨૬ દરિયાઈ જહાઝ |
| મલેશિયા | ૧,૨૪,૦૦૦ | ૭૪ | ૨૫૮ જંગી વિમાન / ૧૩૮ હેલીકોપ્ટર | ૬૫ દરિયાઈ જહાઝ / ૨ સબમરીન |
| અલ જઝાઈર | ૪૩૫૦૦૦ | ૧૧૦૫ | ૪૪૦ જંગી વિમાન / ૧૯૧ હેલીકોપ્ટર | ૪૧ દરિયાઈ જહાઝ / ૪ સબમરીન |
| સઊદી અરબ | ૨૩૩૫૦૦ | ૧૧૦૫ | ૧૨૦૦ જંગી વિમાન / ૩૧૪ હેલીકોપ્ટર | ૭૭ દરિયાઈ જહાઝ |
| ઈન્ડોનેશિયા | ૪૩૮૪૧૦ | ૩૩૫ | ૫૧૦ જંગી વિમાન / ૧૬૮ હેલીકોપ્ટર | ૧૩૬ દરિયાઈ જહાઝ / ૨ સબમરીન |
| મિસર | ૪૬૮૫૦૦ | ૩૯૮૦ | ૮૮૪ જંગી વિમાન / ૩૦૬ હેલીકોપ્ટર | ૨૨૧ દરિયાઈ જહાઝ / ૪ સબમરીન |
| ઈરાન | ૩૫૦૦૦૦ | ૧૬૧૩ | ૬૪૭ જંગી વિમાન / ૧૩૪ હેલીકોપ્ટર | ૫૬ દરિયાઈ જહાઝ |
| પાકિસ્તાન | ૬૧૭૦૦ | ૨૬૪૦ | ૧૪૧૪ જંગી વિમાન / ૫૩૫ હેલીકોપ્ટર | ૧૧દરિયાઈ જહાઝ / ૫ સબમરીન |
| તુર્કસ્તાન | ૬૧૨૭૦૦ | ૪૨૪૬ | ૧૯૪૦ જંગી વિમાન / ૮૭૪ હેલીકોપ્ટર | ૧૬૫ દરિયાઈ જહાઝ /૧૬ સબમરીન |

આ મશહૂર મુસ્લિમ દેશોની ફાઈટર તથા ડિફેન્સ શક્તિઓની સમીક્ષા છે. આટલા પ્રમાણમાં શક્તિ તથા પાવર હોવા છતાં તેમની સ્થિતિ એ છે કે યહૂદી તથા ઈસાઈ જે દેશને ચાહે છે પોતાની બર્બરિયતનો નિશાનો બનાવે છે. અને મુસ્લિમ જગત હાથ પર હાથ ધરીને જોતુ રહે છે. હદ તો એ છે મુસ્લિમ દેશો પણ પોતાના આંત્રિક મામલાઓ પર સ્વતંત્રપણે નિર્ણય નથી લઈ શકતા. ક્યાંક કોઈના પર આર્થિક પાબંદી લાગુ કરી દેવામાં આવે છે તો ક્યાંક કોઈ બહાને જંગ છેડી દેવામાં આવે છે.

## ★ ''વહન'' શાથી પેદા થયું ? ★

સંખ્યાના એતબારથી દુનિયાની બીજી મહાન જાતી તથા ડિફેન્સ પાવરોમાં મજબૂત હોવા છતાં મુસ્લિમ કૌમ આટલા પ્રમાણમાં લાચાર તથા મજબૂર કેમ છે ? તેમની આ લાચારી તથા મજબૂરીના બારામાં હદીષે પાકમાં ચૌદસો વરસો પહેલેથી જ ખબર આપી દેવામાં આવી હતી.

''હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે હુઝૂર સૈયદે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, નજીક છે કે (ગુમરાહ) કૌમો તમારી વિરૂધ્ધ (લડવા માટે) બીજી કૌમોને બોલાવે જેવી રીતે ખાવાવાળા ખાવાના વાસણની તરફ એકબીજાને બોલાવે છે. કોઈએ અર્ઝ કરી, શું એ વખતે અમારી સંખ્યા ઓછી હોવાને કારણે એવું થશે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, નહીં ! બલ્કે એ વખતે તમો વધુ હશો, પરંતું તમે પુરના ફીણની જેમ હશો. અલ્લાહ તઆલા

તમારા દુશ્મનોના દિલોએથી તમારી ધાક કાઢી નાખશે અને તમારા દિલમાં "વહન" નાખી દેશે. કોઈએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ "વહન" શું છે ? આપે ફર્માવ્યું, **દુનિયાથી મહોબ્બત અને મૌતથી નફરત."** *(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૭૪)*

હદીષે પાકમાં જે ખબર આપવામાં આવી હતી તે આજે આબેહૂબ રીતે થતુ જોવા મળી રહ્યું છે. આ રિવાયતના એકે એક વાક્યને ધ્યાનપૂર્વક વાંચો અને પછી વર્તમાન સ્થિતિનું નિરીક્ષણ કરો.

**નજીક છે કે (ગુમરાહ) કોમો તમારી વિરૂધ્ધ (લડવા માટે) બીજી કૌમોને બોલાવશે, જેવી રીતે ખાવાવાળા ખાવા માટે વાસણની તરફ એકબીજાને બોલાવે છે.**

આજે દુનિયામાં ચારેવ બાજુ એનાં દશ્યો જોવા મળે છે.

જર્મન ગવર્નમેન્ટના પ્રમાણે ઈ.સ. ૨૦૧૭માં જર્મનીમાં મુસલમાનો પર ૯૫૦થી અધિક હુમ્લા થયા, જેમાંથી લગભગ ૬૦ હુમ્લા મસ્જિદો તથા અન્ય ઈસ્લામિક સેન્ટરો પર થયા. સ્ત્રીઓને હિજાબ પહેરવા પર પણ હુમ્લાનુ નિશાન બનાવવામાં આવી. જર્મનીની કુલ વસ્તી ૮૨ મિલિયન (૮ કરોડ વીસ લાખ)થી વધુ છે. જેમાં ૪૭ લાખની નજીક મુસલમાનોની સાથે જર્મની ફ્રાંસના પછી પશ્ચિમી યૂરોપનો બીજો મોટો દેશ છે. જર્મનીમાં વસનારા મુસલમાનોમાં લગભગ ૩૦ લાખ તુર્ક વંશી છે શામ (સીરિયા)ના આંતર વિગ્રહ બાદ જર્મની સહિત યૂરોપમાં વસનારા મુસલમાનોની વિરૂધ્ધ નફરત અંગેઝ વર્તાવોમાં વધારો થયો છે. એ જ કારણે માનવ અધિકારના નામ માત્રના ઝંડાધારી યૂરોપી દેશો પણ શામી (સીરિયા)ના હિજરતીઓને શરણ નથી આપી રહ્યા. અને મુસ્લિમ વંશ નાબૂદી તથા ઈસ્લામો ફોબિયા (Islamphobia)માં માનવ અધિકાર સુધ્ધાંને ભૂલી ગયા છે.

એ જ સ્થિતિ સ્પેનની છે. ત્યાં ઈ.સ. ૨૦૧૭માં લગભગ ૫૪૦ ઈસ્લામો ફોબિયાના કેસો નોંધાયા.

જર્મની તથા સ્પેન બાદ એ જ સ્થિતિ બ્રિટન, ફ્રાંસ, ઈટાલી, હોલેન્ડ, નેધરલેન્ડ જેવા અન્ય યૂરોપી દેશોની છે. જ્યાં વિવિધ રાજકીય પાર્ટીઓના લીડરો પબ્લિકને ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ ભડકાવીને વોટના માટે ઝુંબેશ (Campaign) ચલાવી રહ્યા છે. મીડિયાના થકી સરેઆમ મુસલમાનોની વિરૂધ્ધ પબ્લિકની ભાવનાઓને ભડકાવવામાં આવી રહી છે.

યૂરોપમાં હાલની ઈસ્લામ દુશ્મનીની લહેર ઈ.સ. ૨૦૧૫થી વધવી શરૂ થઈ. પ્રથમવાર યૂરોપી દેશ જમ્હુરિયહ ચેકના પ્રમુખ અને માજી ઈંગ્લિશ ડિફેન્સ લીગના લીડરે યૂરોપમાં ઈસ્લામ દુશ્મનીમાં તકરીરો કરી. ત્યાર બાદ જર્મનીમાં પેગીડા (Pegida) નામની ઈસ્લામ દુશ્મન ચળવળ ચલાવવામાં આવી. યૂરોપી દેશ સ્લોવાકિયા (Slovakia)ના વડા પ્રધાને યૂરોપથી માગ કરી કે તે યૂરોપમાં મુસલમાનોની ધાર્મિક સ્વતંત્રતા પર પાબંદી લગાડે. ઈસ્લામ દુશ્મનીમાં આગળ વધીને હિસ્સો લેવા પર હંગેરિયા (Hungaria)ના વડાપ્રધાન અર્બનને યૂરોપમાં હીરો ઠરાવવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૪૮માં બ્રિટને બર્માને આઝાદ તો કરી આપ્યું છતાં મુસલમાનો પર જુલ્મો સિતમનો ક્રમ આજ સુધી ચાલુ છે, ત્યાં સુધી કે "શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ" પ્રાપ્ત કરનારી આંગસાન સૂચી બર્માની સત્તાધારી બનવા છતાં ગરીબ તથા કમજોર મુસલમાનોની કત્લે આમ ચાલુ છે. ઈ.સ. ૧૯૪૮થી લઈને આજ સુધી બૌધ્ધોએ ન તો આંતર

રાષ્ટ્રીય કાનૂનનો લેહાઝ રાખ્યો છે અને ન તો માનવતાનું કોઈ તત્વ તેમનામાં મૌજૂદ છે, બલ્કે તેઓ ફાડી ખાનાર જાનવરોની જેમ સમયે સમયે હજારો ગરીબ મુસલમાનોને એ રીતે કત્લ કરે છે કે માનવતા પણ શરમાઈ રહી હોય છે. સોશિયલ મીડિયાના થકી તેમના જંગલીપણાનાં દશ્યો જોઈને માનવોની આંખોએથી આંસુઓ વહી જાય છે.

આપણા પડોશી દેશમાં જ અયગૂર મુસલમાન ચીનના સંકયાનુકમાં વસી રહ્યા છે. તેમના પર તોડવામાં આવતા જુલ્મો વિશે સાંભળીને કલેજુ મોઢે આવવા લાગે છે. ચીની ગવર્નમેન્ટે તેમને કોન્સન્ટ્રેશન કેમ્પ (Concentration Camp)માં રાખેલા છે. તેઓ ગુલામોની જેમ જિંદગી પસાર કરી રહ્યા છે. તેમના પર દરેક રીતની ધાર્મિક પાબંદી છે. તેઓ પોતાની પાસે કુર્આન પણ નથી રાખી શકતા. માતૃભાષા બોલવા સુધ્ધાંની પાબંદી છે. તેઓ કોઈ ધંધો કારોબાર પોતાની મરજીથી નથી કરી શકતા. બીમારી તથા સખતીના કારણે અયગૂર મુસલમાનોનાં મૃત્યુ પણ થઈ જાય છે, પરંતું કોઈને ખબર પણ નથી થતી. કોઈ પત્રકારને પણ એ કોન્સન્ટ્રેશન કેમ્પનો દૌરો કરવાની ઈજાઝત નથી હોતી. જો કોઈ પત્રકાર કે સમાચાર સંસ્થાને અયગૂર મુસલમાનોને મળવાની રજા આપવામાં પણ આવે તો તેમને મજબૂર કરવામાં આવે છે કે તે ચીની ગવર્નમેન્ટના હુકમોના પ્રમાણે નિવેદન આપે કે અયગૂર મુસલમાન પોતાની મરજીથી કોન્સન્ટ્રેશન કેમ્પમાં રહીને કાંઈક જ્ઞાન શીખી રહ્યા છે, જ્યારે કે તેમને બળપૂર્વક કોમ્યુનિઝમ તથા ચીની સંસ્કૃતિ અપનાવવા મજબૂર કરવામાં આવી રહ્યા હોય છે.

અમેરિકાની ઈસ્લામ દુશ્મની તો વર્ષોથી મશહૂર છે. બિલ ક્લિન્ટન હોય કે જ્યોર્જ ડબ્લ્યૂ બુશ, સૌ ઈસ્લામ દુશ્મનીમાં અગ્રેસર જોવા મળે છે. ઈ.સ. ૨૦૧૬માં ડોલાન્ડ ટ્રમ્પે પણ ઈલેકશનની ચળવળમાં ઈસ્લામ દુશ્મનીનું ઉઘાડે છોગે પ્રદર્શન કર્યું. પ્રમુખ ચૂંટાવા છતાં બાયકાયદા ઈસ્લામને આતંકવાદી ધર્મ ઠરાવ્યો અને કેટલાક ઈસ્લામી દેશોના માટે અમેરિકામાં પ્રવેશ પર પણ પ્રતિબંધ લગાડયો.

અનુમાન કરી શકાય છે કે યૂરોપ તથા અમેરિકા સહિત દુનિયાભરમાં જેવી રીતે એક આયોજનપૂર્વકની યોજના હેઠળ ઈસ્લામ તથા મુસલમાનો વિરૂદ્ધ નફરતઅંગેઝ ચળવળો ચલાવવામાં આવી રહી છે જેનો પાયાનો હેતુ ઈસ્લામ તથા મુસલમાનોને દુનિયાભરમાં કમજોર કરવું છે.

હવે હદીષે પાકના આ હિસ્સાનો અભ્યાસ કરો :

**"કોઈએ અર્ઝ કરી, શું એ સમયે અમારી સંખ્યા ઓછી હોવાને કારણે એવું થશે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, નહીં ! બલ્કે એ વખતે તમો અધિક હશો પરંતું તમો પુરના ફીણની જેમ હશો."**

હાલમાં દુનિયાની વસ્તી સાત અબજની નજીક પહોંચી ચૂકી છે જેમાંથી એક અબજ સાઈઠ કરોડથી અધિક વસ્તી મુસલમાનોની છે. દરેક ચોથી વ્યક્તિ મુસલમાન છે. દુનિયાની વસ્તીનો 25% ભાગ મુસલમાનો પર આધારિત છે અને નિષ્ણાતોનું કહેવું છે કે દુનિયામાં ભવિષ્યના થોડાક વરસોમાં આ વસ્તીમાં 35% વધારો થઈ જશે અને ૨૦૩૦ સુધીમાં મુસલમાનોની આબાદી ૨ અબજ ૨૦ કરોડથી ઉપર નીકળી જશે. અત્યારે દુનિયાના ૨૦૦ દેશોમાંથી ૫૫ જેટલા મુસ્લિમ દેશો છે, તદ્ ઉપરાંત દુનિયાના ૫૫ થી અધિક દેશોમાં મુસલમાનોની સારી એવી આબાદી છે. દુનિયાના બાકીના દેશોમાં પણ મુસલમાનોની વસ્તી

લઘુમતીના રૂપે જોવા મળે છે. એક બ્રિટનની સમાચાર સંસ્થાએ વોશિંગ્ટનના એક રિસર્ચ સેન્ટરની તેહક઼ીકના હવાલાથી લખ્યું કે ઈ.સ. ૨૦૭૦ સુધીમાં દુનિયાનો સૌથી મોટો ધર્મ બની જશે.

આપણે દુનિયાભરમાં મુસલમાનોની હાલતનું નિરીક્ષણ કરીએ તો સારી રીતે અનુમાન કરી શકીએ છીએ કે હદીષ પાકના શબ્દો **''તમે પુરના ફીણની જેમ હશો''** એ હૂબહૂ સાચુ સાબિત થઈ રહ્યું છે અને અત્યારે મુસલમાનોનો દુનિયાના કોઈ પણ સ્તરે કોઈ પ્રભાવ (ક઼દર) તથા કોઈ પકડ બાકી નથી રહી. આ બેક઼દરીનું કારણ પણ હદીષે પાકમાં વર્ણવવામાં આવ્યું છે કે :

**''અલ્લાહ તઆલા તમારા દુશ્મનોના દિલોએથી તમારી ધાક કાઢી નાખશે અને તમારા દિલોમાં ''વહન'' નાખી દેશે.**

આજે દુનિયામાં મુસલમાનો પર જ્યાં ક્યાંક જુલ્મ થઈ રહ્યો છે એ એના જ પરિણામે છે. પહેલાંના મુસલમાનોમાં અને હાલના મુસલમાનોમાં એક ઘણો જ મોટો ફરક છે કે પહેલાંના મુસલમાન ''વહન''થી દૂર હતા જેથી ઓછી સંખ્યામાં હોવા છતાં આખા જગત પર તેમનો દબદબો હતો. હાલના જમાનામાં મુસલમાન ''વહન''ના શિકાર થઈ ગયા છે જેના કારણે તેમનો દબદબો ખત્મ થઈ ચૂક્યો છે.

**''કોઈએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ''વહન'' શું છે ? આપે ફર્માવ્યું, દુનિયાથી મહોબ્બત અને મૌતથી નફરત.**

આજે આપણે આપણી આસપાસનું નિરીક્ષણ કરીએ તો સારી રીતે અનુમાન થઈ જશે કે દરેક બાજુ મુસલમાનોમાં આ બે ચીજો જોવા મળે છે : (૧) સામાન્યતઃ લોકો દુનિયાની મહોબ્બતના શિકાર છે. (૨) મૌત કે જે એક હક઼ીક઼ત છે અને જેનાથી છૂટકારો શક્ય નથી, તેનાથી લોકો નફરત કરતા જોવા મળે છે. એ જ કારણે આજે ચો તરફ મુસલમાન ''અમલોમાં કમજોરી''નો શિકાર છે.

આ હદીષે પાકને ધ્યાનપૂર્વક વાંચો અને તેના બાદ દુનિયાના હાલાતનું નિરીક્ષણ કરો તો સારી રીતે અનુમાન થશે કે હદીષે પાકનો એક એક શબ્દ આબેહૂબ રીતે સાબિત થયો. દુનિયામાં મુસલમાનો પર કેટલા પ્રમાણમાં જુલ્મો તોડવામાં આવી રહ્યા છે એ ઢાંકી છુપાયેલી વાત નથી. બાતિલ શક્તિઓ કેવી રીતે આપણને ચુંથી નાખવા માટે તૈયાર છે, એ કોઈ છુપાયેલી બાબત નથી, જ્યારે કે સંખ્યાની વાત કરવામાં આવે તો દુનિયામાં વસનારો દરેક ચોથો શખ્સ મુસલમાન છે.

આવા સંજોગો કેમ ઉપસ્થિત થઈ ગયા છે તેના સબબો જે હદીષે પાકમાં વર્ણવવામાં આવ્યા છે તે સબબો આજે આપણી ક઼ૌમમાં ખૂબ જ પ્રમાણમાં જોવામાં આવી રહ્યા છે. દુનિયાની મહોબ્બત આપણા દિલોમાં એટલા પ્રમાણમાં ઘર કરી ચૂકી છે કે આપણે એના કારણે આખેરતને તદ્દન ભૂલાવી ચૂક્યા છીએ. અને મૌતથી નફરતનો આલમ એ છે કે આપણે કલ્પના કરવાનું પણ પસંદ નથી કરતા કે એક દિવસે આપણે આ દુનિયાથી જવાનું છે અને આપણે મૌતનો જામ પીવાનો છે.

એટલા માટે આવનારાં પૃષ્ઠો (લખાણો)માં અમે કુર્આની આયતો અને મુબારક હદીષોની રોશનીમાં દુનિયાની હક઼ીક઼ત, તેનાથી દિલ લગાડવાનાં નુકસાનો, અને તેનાથી દૂરી અપનાવવાના ફાયદા પર પ્રકાશ વેરીશું અને સાથોસાથ મૌતની હક઼ીક઼ત અને તેનાથી દૂર ભાગવાનાં નુકસાનો વિશે મહત્વની તથા જરૂરી વાતો પણ રજૂ કરીશું. ઈન્શાઅલ્લાહ ! *(ક્રમશઃ)*

# દીનની દા'વત સંબંધે અમુક અપીલો

લેખક : સાદિક઼ રઝા મિસ્બાહી

અનુવાદક : આલિમા અનીસા આપા (હલદરવા)

સાત અબજ મનુષ્યોને મસીહી (ઈસાઈ) બનાવવા માટે દુનિયાભરમાં ઈસાઈ મિશનરીઓ અબજો ડોલરનું બજેટ બનાવી કામ કરી રહી છે. પરંતુ ઈસ્લામના નામ લેવાવાળા સાત અબજ તો ઘણા દૂરની વાત, પોતાના શહેરના ગેરમુસ્લિમોને ઈસ્લામની દા'વત આપવા માટે શું પ્લાનિંગ કરી રહ્યા છે ?

**પ્રથમ અપીલ** : દા,વત અને તબ્લીગના સંદ્દર્ભમાં ત્રણ, ચાર ખાસ વાતો તરફ હું ધ્યાન ખેંચવા માગુ છું. પ્રથમ એ કે હાલમાં દુનિયામાં માનવ આબાદી લગભગ સાત અબજ થઈ ગઈ છે. ગયા અઠવાડીયે એક છાપામાં એક નવ જન્મેલ બાળક અને તેની માતાની તસ્વીર દષ્ટિ હેઠળ ગુજરી જેની નીચે લખ્યું હતું કે સાત અબજમું બાળક તેની માતા સાથે હોસ્પિટલમાં છે. તેનો મતલબ એ છે કે જાહેરી ગણતરી મુજબ દુનિયામાં વસવાવાળા માનવીઓની સંખ્યા સાત અબજ થઈ ગઈ છે. અને આ સાત અબજ મનુષ્ય આકાએ કરીમ علیہ الصلوۃ والسلام ની ઉમ્મતે દા'વત છે અને એ સૌ સુધી ઈસ્લામની દા'વત અને રસૂલુલ્લાહ ﷺની ઓળખ અને પૈગામ (ઈસ્લામનો સંદેશ) પહોંચાડવો અનિવાર્ય છે. અને સ્પષ્ટ છે કે મુસલમાનોએ જ પહોંચાડવાનો છે. આસમાનથી ફરિશ્તા તો આ કામ માટે નથી આવવાના અને ન કોઈ અન્ય મખ્લૂક઼ને આ કામ કરવાનું છે. આ દરેક પરિસ્થિતિમાં આપણો જ ફર્ઝ છે. અને ઉમ્મતમાં સૌથી વધુ આ જિમ્મેદારી ઉલમાએ કિરામ પર લાડવામાં આવે છે.

હું આ સંદર્ભમાં દુનિયાના વર્તમાન ઉદ્દેશના માત્ર એક પાસા તરફ આપ હઝરાતનું ધ્યાન દોરવા માગુ છું કે આ સાત અબજ મનુષ્યોને પોત પોતાના ધર્મમાં સામેલ કરવા માટે વૈશ્વિક સ્તરે બે મોટા ધર્મોમાં સ્પર્ધા છે. એક તરફ આપણો આ ઈરાદો છે કે આખી દુનિયાને ઈસ્લામના વર્તુળમાં લાવવી છે અને એ માટે વિવિધ લોકો, વર્ગો અને જમાઅતો પ્રયત્નશીલ છે. જ્યારે કે બીજી તરફ મસીહી સંસ્થાઓ આ જ ઈરાદો લઈને વિવિધ દેશોમાં કામ કરી રહી છે કે સર્વ ઈન્સાની નસલને ઈસાઈયતના વર્તુળમાં લાવવી એમની જિમ્મેદારી છે. બંનેવનો મકસદ સાત અબજ ઈન્સાનો પર છે અને ઈન્સાની પેઢી તેમની દા'વતનું વર્તુળ છે. આ બંનેવના સિવાય કોઈ અન્ય ધર્મના લોકોનો આ હેતુથી આટલી હદે કાર્યરત નથી એટલા માટે સાત અબજ ઈન્સાનોને પોત પોતાના ધર્મમાં સામેલ કરવા માટે અસલ મુક઼ાબલો (સ્પર્ધા) ઈસ્લામ અને મસીહિયતમાં જારી છે.

આ મુક઼ાબલાની એક તાજી ઝલક એ છે કે સુદાન જે મુસ્લિમ બહુમતિનો દેશ ચાલી આવ્યો છે તેની વહેંચણી કરવા માટે અને તેના એક ભાગને મસીહિયતના નામ પર અલગ દેશ બનાવવાનો આજથી પોણી સદી પૂર્વે પ્લાન બનાવવામાં આવ્યો હતો. ત્યાં મસીહીઓની એક ઘણી મોટી સંખ્યામાં વસ્તી છે, પરંતુ તેમની એ એરિયામાં બહુમતિ ન હતી. આ બહુમતિ પ્રાપ્ત કરવા માટે મસીહી સંસ્થાઓએ

તે ક્ષેત્રમાં સ્થાયી મૂર્તિપૂજક કબીલાઓને મસીહી બનાવવાનો ફેંસલો કર્યો અને મસીહી સંસ્થાઓ અને પાદરીઓએ લગભગ અડધી સદીની લગાતાર અને સખ્ત મહેનતની સાથે તે મૂર્તિપૂજક ખાનદાનોને મસીહિયતના વર્તુળમાં સામેલ કરવામાં કામયાબી હાસંલ કરી લીધી અને આ પ્રમાણે તે ઈલાકાઓમાં મસીહી આબાદી બહુમતિમાં ફેરવાય ગઈ. ત્યાર બાદ ત્યાં સંયુક્ત રાષ્ટ્રને વચ્ચે લાવી લોકમત કરાવવામાં આવ્યા અને સુદાનને વિતરણ કરી એક અલગ મસીહી હુકૂમત કાયમ કરવામાં આવી. ત્યાર બાદ ઈન્ડોનેશિયામાં પણ આ જ અમલ થયો છે અને મશ્રિકી તૈમૂરના નામથી એક અલગ ઈસાઈ રાજ્ય કાયમ થઈ ચૂક્યું છે.

આ બધી મહેનત મિશનરીઓ અને પાદરીઓની છે. એટલા માટે હું ઉલમાએ કિરામને આ અપીલ કરવા માગુ છું કે આપણે પણ વિચારવું જોઈએ અને આનું ગંભીરતાથી અવલોકન કરવું જોઈએ કે શું આ પ્રમાણેની કોઈ મહેનત આપણી દીની જમાઅતો અને ઉલમાએ કિરામના તબકામાં પણ જોવા મળે છે ? અને જો નહીં તો આપણે આ વિષયમાં પોતાની જિમ્મેદારી અને તેના વિશે જવાબદારીના પાસા પર જરૂર વિચારણા કરવી જોઈએ.

**બીજી અપીલ :** બીજી અપીલ એ છે કે દા'વત તથા તબ્લીગનું બીજુ વર્તુળ ઉમ્મતે મુસ્લિમની સુધારણા અને મુસલમાનોને દીનના માહોલ તરફ પરત લાવવું છે. આમ મુસલમાનોનો દીન સાથે સંબંધ કાયમ થાય, મસ્જિદ સાથે તેને લગાવ થાય અને મસ્જિદની આબાદી અને સામાજિક ભૂમિકા ભૂતકાળની જેમ આપણા સંયુક્ત માહોલનો હિસ્સો બને. આ પણ આપણા સૌની જવાબદારી છે. એટલા માટે કે આમ મુસલમાનનો જ્યાં સુધી દીન સાથે વ્યવહારિક સંબંધ કાયમ નહીં થાય અને મસ્જિદની રોનક અને આબાદીની સાથે સાથે તેની વાસ્તવિક સામાજિક ભૂમિકા કાયમ નહીં ત્યાં સુધી ઉમ્મતે મુસ્લિમા અને મુસ્લિમ દેશોને અને તેમની સોસાયટીઓને વર્તમાન સંકટથી મુક્તિ નહીં મળે. ફક્ત આપણા ઈમાન અને લાગણીઓની વાત નથી, બલ્કે પડતીના દૌરના કડવા અનુભવો અને અવલોકનો પણ તેની સાક્ષી આપી રહ્યા છે. પરંતુ પ્રશ્ન એ છે કે આપણામાંથી દરેક વ્યક્તિ ઝબાનથી તો કહી રહી છે કે દીન તરફ વાપસી વગર મુસલમાનોની મુશ્કેલીઓ દૂર નહીં, અને તેઓની સમસ્યાઓનો હલ નહીં થાય, પરંતુ આ જ વિચારધારાને અમલમાં મૂકવા માટે પ્રેક્ટિકલી આપણે શું કરી રહ્યા છીએ ?!

ઈસ્લાહ અને તબ્લીગ કરનારી જમાઅતોને હું ઉમ્મતે મુસ્લિમાની સુધારણા, આમ મુસલમાનોને દીનની તરફ પરત લાવવા અને મસ્જિદની રોનક તથા વ્યહારને કાયમ કરવાની કોશિશ કરવાની સાથે સરખાવું છું જે પોતાના વર્તુળમાં સતત આગળ વધી રહી છે અને તેની અસરો અને લાભ પણ આપણે અનુભવી રહ્યા છીએ. મારી દૃષ્ટિએ તે જમાઅતોના મૂળભૂત કામનુ વર્તુળ આ જ છે કે તે એક આમ મુસલમાનને જેનો મસ્જિદ સાથે કોઈ સંબંધ નથી તેને દોરીને મસ્જિદમાં લઈ આવે છે. તે આમ મુસલમાન જે મોલ્વી વિશે મોટાભાગે બદ્ગુમાનીનો શિકાર હોય છે તેને બહેલાવી ફોસલાવીને મોલ્વીની પાછળ નમાઝ માટે ઉભો કરી દે છે. અને તે આમ મુસલમાન જે દીનના બુનિયાદી અકીદા તથા આમાલથી માહિતગાર નથી તેઓને કલમા, નમાઝ, હલાલ તથા હરામ, અખ્લાકિયાત અને અન્ય જરૂરિયાતે દીનની કાંઈ ન કાંઈ તા'લીમ આપી દે છે, આનાથી અધિક હું તે જમાઅતોથી અન્ય કોઈ કામની અપેક્ષા નથી રાખતો, અને ન દીનના કોઈ અન્ય ક્ષેત્રનું કામ ન કરવાથી તે દોસ્તોથી મને કોઈ ફરિયાદ છે.

આનાથી આગળનું કામ આપણુ એટલે કે ઉલમાનું છે, પરંતુ આ કામ આપણે તે જમાઅતો અને તેહરીકો સાથે અંતર રાખી કાયમ નથી રાખી શકતા, એટલા માટે આપણે તે જમાઅતોની સફોમાં સામેલ થવુ જ પડશે અને આપસી મહોબ્બત તથા મદદ સાથે આગલી ઈસ્લાહી (સુધારણા) અને શૈક્ષણિક તબક્કાઓને આકાર આપવો પડશે. મારી આલિમોને હમેશાં અપીલ રહી છે કે તેઓ તે જમાઅતો સાથે સંબંધ કાયમ રાખે, થોડો ઘણો સમય આપ્યા કરે, એનાથી તે જમાઅતો અને તેહરીકો સાથે સંબંધ કાયમ રહે છે. તેમની પ્રવૃત્તિઓની જાણકારી રહે છે અને દીની કામોમાં પરસ્પર મદદના રસ્તા ખુલે છે. ફારિગ થનાર ઉલમાએ કિરામને પણ મારો મશવરો છે કે તેઓ ફારિગ થયા બાદ એ તેહરીકો સાથે સમય પસાર કરે અથવા કોઈ કામિલ શેખ સાથે રૂહાની તથા ઈસ્લાહી તર્બિયતનો વ્યવહારિક સંબંધ કાયમ કરે, તેના વિના તેઓ એ ઈલ્મની ખિદમત અને કદર નથી કરી શકતા જે તેમણે આઠ, દસ વર્ષની મહેનતથી હાંસલ કર્યુ છે. એ જમાઅતો અને તહેરીકોના જિમ્મેદારોને પણ એક નમ્ર વિનંતિ છે કે તેઓ પોતાના હેઠળ ચાલનારા મદ્રસાઓમાં તા'લીમ પ્રાપ્ત કરનારા દર્સે નિઝામીના ફાઝિલોને એક વર્ષ ઈજતેમા અને જલ્સાઓમાં મોકલે અને એને પણ નિસાબનો હિસ્સો માનવમાં આવે. હું તેને તેમની "હાઉસ જોબ" (પ્રેક્ટિસ વર્ક) કહું છું જે રીતે ડોકટર સાહેબો શિક્ષણથી ફારિગ થયા બાદ ખાસ હોસ્પિટલના માહોલમાં નિષ્ણાત ડોકટરોની નિગરાનીમાં એક વર્ષ હાઉસ જોબ કરે છે અને શીખેલી વિદ્યાને અમલમાં લાવવાનો પ્રયત્ન કરે છે, એ જ પ્રમાણે ફારિગ થયેલ ઉલમાએ કિરામ માટે પણ અનિવાર્ય છે કે તેઓ તા'લીમી અને ઈસ્લાહી માહોલમાં કમસે કમ એક વર્ષ અનુભવી હઝરાતની રેહનુમાઈ (માર્ગદર્શન)માં પસાર કરે.

**ત્રીજી અપીલ** : ઉલમાએ કિરામને ત્રીજી અપીલ એ કરવા માગુ છું કે આપણે પોતાના તા'લીમી કામની નિશાનીઓ અને વર્તુળ પર પણ એક નજર નાખવી જોઈએ. ફુકહાએ કિરામે દીની તા'લીમના બે દરજ્જા કાયમ કર્યા છે : એક ફર્ઝે દીન અને બીજો ફર્ઝે કિફાયા. સમાજને આલિમો, હાફિઝો, કારીઓ, મુફતીઓ, ઈમામો, ખતીબો, મુદર્રિસો પ્રદાન કરવું ફર્ઝે કિફાયાના વર્તુળની વસ્તુ છે જેને આપણા દીની મદ્રસાઓ ખૂબ જ સારી પેઠે પૂર્ણ કરી રહ્યા છે. તદ્ઉપરાંત એક અગ્રેસર હસ્તીએ થોડા સમયગાળા પૂર્વે કહ્યું કે આપણે મુસલમાન વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ખૂબ પાછળ રહી ગયા છીએ અને દીની મદ્રસા તેમાં કોઈ ભૂમિકા ભજવી નથી રહ્યા. તો મેં એ સંદર્ભમાં લખ્યું કે જનાબ ! આની ફરિયાદ અમારાથી ન કરો બલ્કે યુનિવર્સિટીઓ અને કોલેજોને કરો, એટલા માટે કે અમે કદાપિ એની જિમ્મેદારી સ્વીકારી નથી. અમો સાઈન્સ અને ટેક્નોલોજીની વિરુદ્ધ નથી બલ્કે તેને ખૂબ જ જરૂરી સમજીએ છીએ, પરંતુ અમે સોસાયટીને ડોકટર, એન્જીનિયર, વૈજ્ઞાનિક, વકીલ, ટેક્નોકેટ, બ્યૂરોકેટ (અમલદાર) પ્રદાન કરવાની જિમ્મેદારી કદાપિ પોતાના માથે નથી લીધી. આ જિમ્મેદારી જે સંસ્થાઓએ સંભાળી અને તેના માટે તેઓને ભારી બજેટ મળતુ રહ્યું એના વિશે તેમને પૂછો.

અમે એટલે કે દીની મદ્રસાઓએ ફકત આ જિમ્મેદારી ઉઠાવી હતી કે સોસાયટીમાં મસ્જિદ અને મદ્રસાની વ્યવસ્થા કાયમ રહેશે અને અમે એના કામ કરનારા માટે માણસો પૂરા પાડતા રહીશું, જેમ કે સોસાયટીને આલિમો, ઈમામ, ખતીબ, કારી, હાફિઝ, મુદર્રિસ, મુફતી અને મુઅઝ્ઝિન આ જ મદ્રસાઓ પ્રદાન કરી રહ્યા છીએ, એમાં જો કોઈ ઉણપ હોય તો અમને પૂછો એના જિમ્મેદાર અમે હોઈશું. જો કોઈ

સ્થળે મસ્જિદ બની છે અને ખતીબો ઈમામ નથી મળી રહ્યા, મદ્રસો બન્યો છે અને મુદર્રિસ નથી મળી રહ્યા, હાફિઝો કારીની જરૂરત છે અને તેઓ નથી મળી રહ્યા, દારુલ ઈફતા કાયમ થઈ અને મુફતી નથી મળી રહ્યા, તો એની ફરિયાદ અમને કરો અને તેના દોષી અમને ઠરાવો. આ બાબતે અમે અલ્હમ્દુલિલ્લાહ ! ન ફકત પોતે પ્રાયોજક છીએ તદ્ઉપરાંત નિકાસકાર પણ છીએ કે દુનિયાના કોઈ પણ ખૂણામાં હાફિઝ તથા કારીની જરૂર હોય તો અમે પૂરી કરીએ છીએ અને દુનિયાના લગભગ દરેક વિસ્તારમાં હિંદુસ્તાન, પાકિસ્તાન બાંગલા દેશના દીની મદ્રસામાં પઢેલ લોકો તમને દીની તા'લીમની ખિદમત આપતા જોવા મળશે. એટલા માટે આ બાબતે તો અલ્હમ્દુલિલ્લાહ ! દીની મદ્રસાઓની ભૂમિકા ખૂબ જ શાનદાર અને ગર્વને પાત્ર છે, પરંતુ હું તેના બીજા પાંસાનું વર્ણન પણ અનિવાર્ય સમજુ છું.

દીની તા'લીમનો જે ફરજે ઐનનો દરજ્જો છે કે દરેક મુસલમાન જરૂરિયાતે દીનથી વાકેફ હોય અને તેને અકીદા, ઈબાદતો, ફર્ઝો, મા'મૂલાત અખ્લાકિયાત અને હલાલ તથા હરામની તે જરૂરી તા'લીમ પ્રદાન કરવામાં આવે જે તેના માટે હર હાલમાં જરૂરી છે. તેના માટે આપણી ભૂમિકા શું છે ? અને આપણે આ સંદર્ભમાં શું કરી રહ્યા છીએ ? સ્પષ્ટ વાત છે કે આ જિમ્મેદારી પણ ઉલમાએ કિરામની જ બને છે કે તેઓ આમ મુસલમાનો માટે જરૂરીયાતે દીનની આ તા'લીમની જે ફર્ઝે ઐનનો દરજ્જો ધરાવે છે તેની વ્યવસ્થા કરે અને તેના માટે પણ એ જ રીતની કોઈ સારી સિસ્ટમ ચાલુ કરે જેમ કે ફર્ઝે કિફાયાના વર્તુળની તા'લીમ માટે કાયમ અને મૌજૂદ છે. આપણે ખરેખર એ વાતને પૂરતી સમજી રહ્યા છીએ કે જે લોકો મસ્જિદમાં આપની પાસે આવી જાય છે, જુમ્આ પઢી લે છે, દર્સ સાંભળી લે છે, મસ્અલો પૂછી લે છે, તેમના સુધી દીની વાત અને તા'લીમ પહોંચાડીને આપણે પોતાની જિમ્મેદારીથી મુક્ત થઈ જઈએ છીએ ! પરંતુ આ પૂરતુ નથી. તે લોકો જે કોઈ પણ હવાલાથી મસ્જિદમાં આવી જાય છે તે એ લોકો કરતાં ખૂબ જ ઓછા છે જેઓ મસ્જિદમાં કોઈ કારણસર પણ નથી આવતા અને જેમને આપણી સાથે તદ્દન કોઈ મેળ મેળાપ નથી. એ લોકોને પોતાના વર્તુળથી બહાર સમજી મસ્જિદમાં આવવાવાળાઓ સુધી મર્યાદિત રાખી છે જે યોગ્ય પ્રક્રિયા નથી અને હું આ વિષયમાં એક હદીષે નબવીનું વર્ણન જરૂરી સમજુ છું.

ઈમામ બુખારીએ પોતાનાં રિસાલા 'અલ વહદાન'માં એ સહાબાએ કિરામનું વર્ણન કર્યું છે જેમનાથી માત્ર એક રિવાયત નકલ થયેલ છે. તેમાં હઝરત અબઝા ખુઝરઈ رضی اللہ عنہનો આ પ્રસંગ વર્ણવેલ છે કે નબી અકરમ علیہ الصلوٰۃ والسلامએ એક વાર જુમ્આના ખુત્બામાં ઈર્શાદ ફર્માવ્યો કે તે લોકોનો શું હાલ થશે જે પોતાના પાડોશીઓ પાસેથી દીનની સમજ હાંસલ નથી કરતા, ઈલ્મ નથી શીખતા અને દીનની સમજ પ્રાપ્ત નથી કરતા. અને તે લોકોનો શું હાલ થશે જેઓ પોતાના પાડોશીઓને દીનની તા'લીમ નથી આપતા, મસ્અલાઓ અને એહકામો નથી સમજાવતા અને ભલાઈનો હુકમ નથી આપતા અને બુરાઈથી નથી રોકતા ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આ બંને વર્ગો પોતાનું વર્તન સુધારી લે નહિતર હું આ દુનિયામાં તેમને સજા આપીશ. આ બનાવથી ફુકહાએ આ દલીલ કાયમ કરી કે હુકૂમતને બળજબરીથી તા'લીમ આપવાનો હક્ક હાંસલ છે. હુઝૂરે અકરમ ﷺનો આ ઈર્શાદ સાંભળીને મદીના મુનવ્વરાના આમ લોકોમાં ટીકાઓ શરૂ થઈ ગઈ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ આ વાત સામાન્ય રીતે કરી છે કે કોઈ ખાસ જમાઅતને તેનું નિશાન બનાવ્યું છે. જેથી લોકોએ અનુભવ્યું કે અશઅરીઓનાં મોહલ્લામાં આ સ્થિતિ જોવા મળે છે

કે હઝરત અબૂ મૂસા અશઅરી અને તેમનું કુટુંબ પોતાનો એક અલગ મોહલ્લો વસાવીને તેમાં વસ્યા છે જ્યારે કે તેમની આસપાસ ખેડૂતો અને માળીઓની વસ્તી છે. જેમનો શિક્ષણ સાથે કોઈ સંબંધ નથી. અશઅરીઓનું કુટુંબ ક઼ારીઓ અને ફક઼ીહોનું કુટુંબ કહેવાતુ હતુ. ત્યારે આસપાસનાં આમ લોકો દીની તા'લીમથી બે ખબર હતા અને તેમનો એકબીજા સાથે તા'લીમ લેવા અને તા'લીમ આપવાનો કોઈ સંબંધ ન હતો. આ વાત મદીના મુનવ્વરામાં આમ થવા લાગી કે રસૂલે અક઼રમ ﷺએ આ વાત અશ્અરીઓ વિશે ફર્માવી છે. આ વાત અશ્અરીઓ સુધી પહોંચી તો તેમને ચિંતા થઈ અને તેમનું એક પ્રતિનિધિમંડળ સત્ય જાણવા માટે આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થયું, આપે તેમની વાત સાંભળીને ન કેવળ તે આમ લોકોના ખયાલનું સમર્થન કર્યું બલ્કે અશ્અરીઓના પ્રતિનિધિમંડળ સમક્ષ તે જુમ્આવાળી વાત એક વાર ફરી દોહરાવી. એના પર અશ્અરીઓએ પૂછયું કે શું અન્યોના કુસૂર પર અમારી પકડ કરવામાં આવશે ? હુઝૂર નબીએ અકરમ ﷺએ આના પર હા ફર્માવીને તેમની પુષ્ટિ કરી. જેનાથી ફુકહાએ આ સિદ્ધાંત તારવ્યો કે પઢવું અને પઢાવવું સંયુક્ત જિમ્મેદારી છે, જે રીતે અભણ લોકોની જિમ્મેદારી છે કે તે ભણેલા ગણેલા લોકોને શોધી તેમની પાસે તા'લીમ હાંસલ કરે તે જ રીતે ભણેલા ગણેલા લોકોની જિમ્મેદારી છે કે તેઓ અભણો સાથે સંપર્ક સાધી તેમને દીની તા'લીમથી શણગારે અને ઈલ્મે દીનને આમ કરવામાં ભૂમિકા ભજવે. જેમ કે અશઅરીઓએ અરજ કરી કે અમને એક વર્ષનો સમય આપો, જેથી હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ એક વર્ષનો સમય આપ્યો, અને અશ્અરીઓએ આખુ વરસ ખર્ચીને એમની ઉણપને દૂર કરી દીધી.

## ★ ભલાઈનો હુકમ આપવો અને બુરાઈથી રોકવુ ★

આની સાથે જ એક અન્ય પ્રસંગ પણ આ વિશેનો વર્ણવવા ઈચ્છુ છું કે આશરે ઈ.સ. ૧૯૮૮માં અમેરિકાના શહેર એટલાન્ટામાં બાપ્ટિસ્ટ ફિરકાનાં એક પાદરી સાહબ સાથે એક બહુ મોટા આલિમ તથા મુબલ્લિગની વાતચીત થઈ. આલિમ સાહબે તેમને પૂછયું કે તમારા સમાજમાં ઝિના (વ્યભિચારી), સૂદ (વ્યાજ), શરાબ, નગ્નતા અને સમલૈંગિકતાનો જે માહોલ બનેલો છે તો આપ તેને શું સમજો છો ? તેમણે કહ્યું કે આ ગુન્હો છે અને હઝરત ઈસા علیہ السلامની તા'લીમાતનું ઉલ્લંઘન છે. આલિમ સાહબે અરજ કરી કે તમે આ સંદર્ભમાં શું કરી રહ્યા છો ? કહેવા લાગ્યા કે રવિવારે ચર્ચમાં બાઈબલનો દર્સ આપુ છું અને લોકોને સમજાવું છું. આલિમ સાહબે પૂછયું કે દર્સમાં કેટલા લોકો આવે છે. કહ્યું કે દોઢસો વ્યક્તિ હોય છે. પછી પૂછયું કે એટલાન્ટાની એક મિલિયન આબાદીમાં અઠવાડિયામાં એકવાર સો બસો વ્યક્તિ સમક્ષ દર્સ દઈને શું તમે પોતાની ફરજથી મુક્ત થઈ જાવ છો ? અને શું તમે ક઼યામતના દિવસે હઝરત ઈસા علیہ السلام સમક્ષ રૂબરૂ થઈ તમારી આ કારકિર્દીથી તેમને સંતુષ્ઠ કરી શકશો ? પાદરી સાહબે ફર્માવ્યું, કે ના ! પરંતુ હું આનાથી વધુ શું કરી પણ શકુ છું ?!

આ પ્રસંગ આપ હઝરાતની ખિદમતમાં વર્ણવવાનો હેતુ એ છે કે પાદરી સાહબને તો તેમણે સવાલ કરી દીધો પરંતુ વાત એ છે કે આ જ પ્રશ્ન દરેક આલિમ પોતાને કરે તો તેનો તેમની પાસે શું જવાબ હશે ? એટલા માટે આ પ્રશ્ન હવે આપ હઝરાતની ખિદમતમાં રજૂ કરી રહ્યો છું કે આપણે સૌએ મળીને આ જટીલ સમસ્યાનો ઉત્તર શોધવો જોઈએ.

પાદરી સાહબની વાત ચાલી છે તો એક અન્ય પાદરી સાહબ સાથે મુલાકાતનો પ્રસંગ પણ વર્ણન કરી દઉં છું. ચૌદ, પંદર વર્ષની વાત છે કે યુ.કે.ના શહેર નોટિંગહામમાં ત્યાંના ત્રણ મૂળ ભારતીય આલિમોએ નોટિંગહામના એક પાદરી સાહબ સાથે મુલાક઼ાત કરી. પ્રશ્ન તેમને પણ આ જ હતો કે પશ્ચિમી સમાજમાં વ્યભિચાર, દારૂ, વ્યજખોરી, બેહયાઈ અને સમલૈંગિકતાનું જે આક્રમણ છે તેને ક્યાંક બ્રેક લગાવવાની કોઈ શક્યતા છે ? તેનો જવાબ નકારમાં હતો. પાદરી સાહબને પૂછવામાં આવ્યું કે આપ આ વિષયમાં શું કરી રહ્યા છો ? તેમણે ઉત્તર આપ્યો કે અમે તો આ સંદર્ભમાં કાંઈ કરી નથી શકતા બલ્કે અમે આપ લોકો તરફ જોઈ રહ્યા છીએ, એટલા માટે કે એને રોકવા માટે જે રોશનીની જરૂરત છે તેની ચમક અમે આપ લોકોની આંખોમાં જોઈ રહ્યા છીએ.

આ ઘટના જ્યારથી વાંચી છે. ત્યારથી હું આ વિચારમાં છું કે લોકોની આપણાથી શું અપેક્ષાઓ છે અને આપણે કયા કામોમાં પડેલા છીએ ?! હું ઉલમાએ કિરામને અરજ કરવા ઈચ્છુ છું કે દુનિયા આપણને કઈ નજરથી જોઈ રહી છે અને આપણાથી શું અપેક્ષાઓ ધરાવે છે પરંતુ આપણે કઈ દુનિયા અને વાતાવરણમાં તલ્લીન છીએ કે આપણને જરા પણ તે સમસ્યાઓ અને તેના પ્રત્યે પોતાની જવાબદારીનું ભાન સુધ્ધાં નથી. અલ્લાહ તઆલા આપણા હાલ પર રહમ ફર્માવે. આમીન યા રબ્બુલ આલમીન.

### ★ દા'વત અને તબ્લીગ સાથે જોડાઈ રહેવાના લાભ ★

મેં જે કાંઈ પણ વર્ણન કર્યું છે. અને જે બાબતો તરફ આપનું ધ્યાન દોરવાની કોશિશ કરી છે તેનું એક મહત્વપૂર્ણ વર્તુળ અને વિભાગ તબ્લીગ તથા ઈસ્લાહ (સુધારણા)નું કામ અંજામ દેવાવાળી તેહરીકોનું વર્તુળ પણ છે. અને હું ઉલમાએ કિરામને આ કાર્ય સાથે જોડાઈ રહેવાની દરખાસ્ત કરતો રહું છુ. મેં આ કામ સાથે જોડાવાના જે લાભ અનુભવ્યા છે તેમાંથી અમુકનું વર્ણન કરવું યોગ્ય જણાય છે.

- નેકી અને ભલાઈના એક સામાન્યકાળમાં અમુક અંશે હાજરી થઈ જાય છે જે ખૈર અને સવાબનો સબબ છે.
- સારા કામોની પાબંદીની આદત પડે છે, જેમ કે ઝિક્રો અઝકાર, નવાફિલ, તિલાવત અને અમુક અન્ય નેક આમાલનો મામૂલ અને આદત બની જાય છે. ભલાઈનાં કામોની આદત બનાવી લો તેને ઈબાદતની શકલ અલ્લાહ તઆલા પોતે જ આપી દેશે. મારા વિચારમાં આ આદત કોઈ કામિલ શૈખની (પીર) વ્યવહારિક સોહબત અથવા તેહરીક વિના નથી બનતી.
- શિસ્ત પૈદા થાય છે અને સમયની ક઼દર દિમાગમાં જગા બનાવે છે. ડરતાં ડરતાં અરજ કરું છું કે સૌથી વધુ વ્યસ્ત વર્ગ (આપણે) ઉલમાનો હોય છે અને સૌથી વધુ ફારિગ (નવરાશ) પણ આપણે જ હોય છે. આપણી નવરાશ સામાન્ય રીતે આપણી સૌથી મોટી વ્યસ્તતા હોય છે, અને અમુક વ્યક્તિઓને છોડીને સમયની ક઼દર તથા મુલ્યનો આપણને કોઈ એહસાસ નથી હોતો. પ્રત્યેક કામ સમય પર કરવું અને દરેક સમયને કોઈ ન કોઈ રીતે ઉપયોગમાં લાવવો હોય તો તેના માટે આ દા'વતી તેહરીકો સાથે સમય પસાર કરવો ખૂબ લાભકારક છે.

આપણને આપણા મોભામાં આ રીતે તબ્લીગનાં કામો કરવામાં નાનમ મહેસૂસ થાય છે, જે આપણા ઘણા બધા કાર્યોમાં વિક્ષેપ બની રહે છે.

પોત પોતાની જગ્યાએ તો આપણે પોતે જ અમીર હોઈએ છીએ અને પોતે જ ફૈંસલો કરીએ છીએ. અહીંયા આપણે હુકમના પાબંદ હોઈએ છીએ, ચટાઈઓ પર સૂવાનુ હોય છે, બધા મિત્રો સાથે બેસીને નેક કાર્યોમાં સામેલ થઈએ છીએ અને અમીરના ફૈંસલાનાં પાબંદ હોએ છીએ. હું સાચી વાત કહું છુ કે હુકમનું પાલન કરીને અત્યંત ખુશી થાય છે જ્યારે કોઈ મિત્ર એ દરમ્યાન કોઈ કામ માટે કહે છે અને હું પોતે ફૈંસલો કરવાના બદલે આમ કહું છું કે અમીર સાહેબને પૂછી લો, તો અત્યંત રૂહાની સુકૂન મળે છે.

જનસંપર્ક અને જન વ્યવહારની કલા કાંઈક ને કાંઈક શીખવી જ દે છે. કયા વાતાવરણમાં અને કયા સ્તરના વ્યક્તિ સાથે કેવી રીતે વાત કરવાની છે અને અજાણ્યા વ્યક્તિઓને કેવી રીતે સમજાવીને પોતાના માર્ગ પર લાવવાના તેની પદ્ધતિ જાણવા મળે છે, તદ્ઉપરાંત તેનો પ્રાયોગિક અનુભવ પણ થાય છે. આપણે ઉલમાએ કિરામ સામાન્ય રીતે આ કલાથી બેખબર હોઈએ છીએ. આપણી વાતચીત એક જ સ્તરની હોય છે અને આપણે હમેશાં એક નિશ્ચિત ફ્રિકવન્સીથી વાત કરતા હોઈએ છીએ જે એવા લોકોનાં માથા ઉપરથી ગુજરી જાય છે જેમની ફ્રિકવન્સી આપણી સાથે સેટ નથી થતી. મારી નમ્ર અપીલ એ છે કે આ કલાથી સામાન્ય રીતે આપણે અપરિચિત હોઈએ છીએ જ્યારે કે એ આપણી ખૂબ જ અગત્યની દીની જરૂરત છે. હું માનુ છું કે આ જમાઅતો અને તેહરીકો (ચળવળો) સાથે સમય કાઢીને ગામે ગામ ફરીને અને જાત જાતના લોકો સાથે વાતચીત કરવાથી આ કલામાં પણ કાંઈ ને કાંઈ સમજદાર થઈ જવાય છે અને જનસંપર્કની કલા થોડી ઘણી આવડી જાય છે.

એકબીજા સાથે હળવા મળવાથી ઘણી બધી ગેરસમજ દૂર થઈ જાય છે. આપણા દરમ્યાન ઘણા બધા મામલામાં ગેરસમજો જોવામાં આવે છે. દા'વતી (નેકીની દા'વત) તથા તેહરીકી જમાઅતોમાં ઉલમાએ કિરામ વિશે બદ્ગુમાનીઓ વિચારધારા જોવા તથા સાંભળવામાં આવતી રહે છે, અને ઉલમાએ કિરામના વર્તુળોમાં એ જમાઅતો તથા તેહરીકોના બારામાં બદ્ગુમાનીઓ જોવા તથા સાંભળવામાં આવતી રહે છે. એનું સોલ્યુશન પણ એ છે કે મુલાકાતો વધારવામાં આવે. એકબીજાની કમજોરીઓ અને મજબૂરીઓને સમજવામાં આવે અને સમજદારી સાથે પરસ્પરની બદ્ગુમાનીઓ અને ગેરસમજોને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે. એટલા માટે કે ન ઉલમાએ કિરામ ફરિશ્તાઓમાંથી છે અને ન આ ચળવળો ફરિશ્તાઓની જમાઅત છે. કમજોરીઓ બંનેવ તરફ મૌજૂદ છે. આ સ્વભાવિક વાત છે કે કોઈ કામ જેમ જેમ ફેલાય છે અને તેના વર્તુળમાં વિસ્તરણ પૈદા થાય છે એ જ હિસાબથી ભૂલોની શક્યતા પણ વધતી જાય છે. ભૂલો તે જ કરશે જે કામ કરશે અને જેટલું વધારે કામ કરશે ભૂલો પણ એ જ પ્રમાણે વધારે જ કરશે. તેનો ઈલાજ ભૂલોને વિના જરૂરત જગ જાહેર કરવી અને મિશનને રોકવું યોગ્ય નથી, બલ્કે સમજદારી સાથે તેના પ્રતિ ધ્યાન દોરવું છે, અને તે એકબીજા સાથે હળવા મળવા થકી જ થઈ શકે છે.

મેં આપ હઝરાતની ખિદમતમાં જે ખયાલો રજૂ કર્યા છે તેના પર ગંભીરતાથી ધ્યાન આપશો. અલ્લાહ કરે કે આપણે વર્તમાન પરિસ્થિતિઓમાં આપણી દીની કોશિશોને વધુથી વધુ લાભદાયક અને સાર્થક બનાવવા તરફ ધ્યાન આપી શકીએ. આમીન યા રબ્બલ આલમીન.

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, એપ્રિલ.–૨૦૨૦, મુંબઈ)*

(ઉર્સ : ૧૪ મુહર્રમ શરીફ)

# હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ અને શરીઅતની પાબંદી

ફાઝીલ્ય

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, મુજદ્દિદ ઈબ્ને મુજદ્દિદ, વલીએ બાકમાલ મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃاللہ علیہની જાત કોઈ ઓળખની મોહતાજ નથી. આપ બાકરામત વલી છે. આપની અનેક કરામતો જાહેર થયેલી છે પણ વલીની સૌથી મોટી કરામત તેની શરીઅત પર પાબંદી છે. આ બાબતે પણ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ પોતાના સમયની અજોડ હસ્તી જણાય છે. જ્યારે આપણે આપની જિંદગીનો અભ્યાસ કરીએ છીએ તો દિલ બાગ બાગ થઈ જાય છે. સાથોસાથ રંજ થાય છે કે આવા તક્વા તથા પરહેઝગારીવાળા તથા શરીઅતની બાબતમાં પહાડ જેમ અડગ બુઝુર્ગો હવે ક્યાંથી જોવા મળશે ?! આજ કાલ તો પોતાની નામના વાહવાહ તથા મુરીદોને આકર્ષવા માટે અને પોતાનું વર્તુળ વિસ્તારવા માટે કેટલાક કહેવાતા પીરો પોતાની સામે અવામ શરીઅત વિરૂધ્ધ વર્તે છતાં ક્યાંક તેઓ નારાજ થઈ દૂર ન થઈ જાય એટલા માટે તેમનાં શરીઅત વિરૂધ્ધ કૃત્યોથી આંખ આડા કાન કરતા જોવા મળે છે, બલ્કે ખુદ ગૈર શરઈ કામોમાં પડતા પીરોની પણ હાલ કમી નથી. કૌમ ગુમરાહ થવાનું કારણ પણ એ જ છે કે ઉમ્મતની ગાડીનાં એંજીનો જ અવળા પાટે દોડી રહ્યાં છે ! ઈલ્લા માશા અલ્લાહ !

## ★ કઈ સ્ત્રીની મજાલ કે ખુલ્લા મોઢે આપની સામે આવે ?! ★

આજકાલ એવા જાહિલ પીરો જોવા મળ્યા કે તેમને સ્ત્રીઓ સાથે જ અધિક વહેવાર રહે છે. બેપર્દા સામે બેસાડવી બલ્કે હાથ ચૂમાડવા બલ્કે અમે તો એવી પણ સ્ત્રીઓ જોયી જે કવ્વાલીમાં વાજિત્રોના તાલે પીર સાથે નાચતી તથા પીરના ગળે મળીને કેટલીય વાર સુધી ફયઝ ! ઉઠાવતી અને પીર તેની પીઠ વગેરે પર હાથ ફેરવી રહેલા જોવા મળ્યા. અફસોસ ! આ જ તે કુકર્મી પીરો તથા જાહિલ સ્ત્રીઓ છે જેમણે સુન્નિયતને ઘણુ જ મોટુ નુકસાન પહોંચાડયું છે. પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ આ વાતોથી સખત નફરત કરતા હતા અને ખૂબ જ નારાજ થતા હતા. કેમ કે શરીઅતમાં ગૈર મેહરમ સ્ત્રી પુરૂષ સાથે નયન મિલન કે હાથ મિલન કે શરીરનું મિલન સખ્ત હરામ છે, બલ્કે ઝિનાનો માર્ગ ખુલ્લો થવાની આજ મંઝિલો છે. કુર્આનમાં છે : وَلَا تَقْرَبُوا الزِّنٰٓی "ઝિનાની નજીક પણ ન જાવ !" (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૩૨) જેથી જ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ એને સહન કરતા ન હતા.

એકવારનો બનાવ છે કે ઝનાનખાનામાં સ્ત્રીઓ મુરીદ થવા કે તાવીઝ તથા ઝિયારત માટે હાજર હતી. જ્યારે આપ તશરીફ લાવ્યા તો અમુક સ્ત્રીઓએ નક઼ાબ ઉલ્ટાવેલ હતા અને મોઢાં ખુલ્લાં હતાં તો આપે તરત જ આંખો બંધ કરી લીધી અને ફર્માવ્યું, નક઼ાબ નાખો ! નક઼ાબ નાખો ! તો સ્ત્રીઓએ નક઼ાબ ઢાંકી લીધા. પછી ઘણીવાર સુધી તેવી સ્ત્રીઓને ધમકાવતા રહ્યા અને છેવટે પ્રેમથી સમજાવતા રહ્યા. કોઈ સ્ત્રીની મજાલ ન હતી કે પોતાના હાથ પણ ત્યાં ખુલ્લા કરે, જ્યારે આજે ?! પીર બાપુઓ અનેક એવા છે કે બેપર્દા સ્ત્રીઓના ટોળા વચ્ચે બેસીને ગપાટા મારતા જોવા મળે છે. ઈલ્લા માશા અલ્લાહ !

**★ દરેક સમયે શરીઅત તથા સુન્નતની પાબંદી ★**

બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલ મન્નાન સાહબ આઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : મેં મુફતીએ આ'ઝમને જિંદગીના સર્વ ક્ષેત્રે જોયા છે પણ દરેક જગાએ દરેક સમયે સુન્નતે મુસ્તફા صلی اللہ علیہ وسلم પ્રમાણે પામ્યા. મુબારકપુરનો એક બનાવ વર્ણવે છે કે "જુમ્આનો દિવસ હતો. રાજા મુબારકશાહની મસ્જિદ નમાઝીઓથી ખીચોખીચ ભરેલી હતી. બહાર સખત તાપ હતો. મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ એક સાહબની સાથે અંદર તશરીફ લાવ્યા અને લોકોની પાછળ સફમાં બેસી ગયા. આ હતો મુફતીએ આ'ઝમનો અમલ ! આજે આપણે તડકાની સખ્તી ન વેઠીને લોકોની ગરદનો ઓળંગતા ઓળંગતા જગાની શોધમાં આગળ વધી જઈએ છીએ અને ગમે ત્યાં ગુંજાઈશ કાઢીને બેસી જઈએ છીએ. જ્યારે કે શરીઅતના મુજબ કોઈની ગરદન ઓળંગીને આગળ વધવું કેવળ અયોગ્ય કૃત્ય જ નહીં બલ્કે જુર્મમાં પડવું પણ છે. મસ્અલો તો સૌ પઢે છે પણ પઢવાની હદ સુધી ! અમલ કેટલા કરે છે ?!

**★ તમારુ મકાન સનમખાના (મૂર્તિઓનું ઘર) બનેલું છે ! ★**

મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ઝાતેગિરામી એ લોકોમાંથી હતી જેઓ શરીઅત પર પોતે પણ અમલ કરતા હતા અને બીજાઓને પણ એના પર અમલ કરાવતા હતા. બીજા શબ્દોમાં, તેમની ઝાતે ગિરામી બીજાઓ માટે મીનારએ હિદાયત (દીવાદાંડી) હતી. તે પણ એ રીતે કે ફોટો પાડવો, પડાવવો તો દૂર રહ્યું, જે ઘરમાં ફોટો ટીંગાડેલ હોય તેમાં બેસવાનુ પણ દૂર રહ્યું તેમાં દાખલ થવાનું પણ પસંદ કરતા ન હતા.

અહમદાબાદ પોતાના એક અક઼ીદતમંદને ત્યાં જમવાની દાવત માટે તશરીફ લઈ ગયા. સાહિબે ખાનાના દરવાજા સુધી પહોંચીને આપના ક઼દમ રોકાય ગયા. મકાન માલિક આશ્ચર્યમાં પડી ગયા કે છેવટે શું વાત છે ! અને આપની નજીક પહોંચીને ઘરની અંદર તશરીફ લઈ જવાની દરખાસ્ત કરી. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, "તમારુ મકાન સનમખાના બનેલુ છે !" આ સાંભળતાં જ તે તેજીની સાથે ઘરમાં ગયા અને દીવાલ પર લાગેલી સર્વ તસ્વીરો હટાવી, ત્યારે હુઝૂર મુફતીએ આ'ઝમ ઘરમાં પ્રવેશ્યા. ઝુહદ તથા પારસાઈનું આનાથી વધીને અન્ય કયુ દૃષ્ટાંત હોય શકે છે ?! હજી મકાનમાં દાખલ પણ નથી થયા પણ મિન જાનિ બિલ્લાહ તેમને એ એહસાસ પહેલાં જ થઈ ગયો. તેમના આ જ ઝુહદો તક઼વાને જોઈને મુહદ્દિષે આ'ઝમે હિંદ કછોછવી رحمۃ اللہ علیہએ મુંબઈમાં ફર્માવ્યું હતું :

"આજ કાલ દુનિયામાં જેમનો ફતવાથી વધીને તક઼વો છે તે એક શખ્સિયત મુજદ્દિદે મિઅતે હાઝરાના ફરઝંદે દિલબંદનું પ્યારુ નામ "મુસ્તફા રઝા" છે જે આપોઆપ ઝબાન પર આવે છે અને ઝબાનથી અગણિત બરકતો જનમ લે છે. નૂર ચશ્મે આ'લા હઝરત, રાહતે દિલખસ્તગાં, મુફતીએ આ'ઝમ બનામે મુસ્તફા શાહે ઝમન. અને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદના એક શરઈ ફત્વા પર આપ મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ લખ્યું હતું. هٰذا القول العالم المطاع وما علینا الا الاتباع "આ એક એવા આલિમનો ક઼ૌલ છે જેમની ઈતાઅત લાઝમી (અનિવાર્ય) છે."

*(ઈસ્તેક઼ામતકા મુફતીએ આ'ઝમ નંબર, ૧૯૮૩)*

આપે તો હજ્જ પણ વિના ફોટોવાળી પાસપોર્ટથી કરી છે ! એ એક અલગ કિસ્સો છે. આજકાલ તો અજબનો માહોલ જોવા મળે છે. ફિલ્મી સિતારાઓના

પોસ્ટરોની જેમ કોઈ પ્રોગ્રામ હોય તો હિરો હિરોઈનના ફોટાઓની જેમ જ નઅતખ્વાનો, મૌલાનાઓ, પીરોના ફોટા, વળી કવ્વાલીના પોસ્ટરોમાં કવ્વાલ કવ્વાલણના પણ ફોટાઓ સજાવી ધજાવીને આમ કરવામાં આવે છે ?! તો વળી ક્યાંક પીર જ પોતાના ફોટા મુરીદને ઘરમાં શોભા કરવા આપે છે ! અલ્લાહની પનાહ ! ફોટો જાણે હરામ જ નથી તેવો માહોલ ખડો થઈ ગયો છે. અસ્તગફિરુલ્લાહ ! એવા સમયે આવા બુઝુર્ગોની યાદ આવે છે કે કયાં આ સાચા બુઝુર્ગો અને કયાં હવેના નકલી પીરો ! નકલી સૂફીઓ !

## ★ ગાડી જાય તો ભલે પણ નમાઝ ન જાય!★

એકવારનું વર્ણન છે કે આપ નાગપુરથી જઈ રહ્યા હતા. રસ્તામાં કોઈ સ્ટેશન પર ગાડી રોકાયી. મગરિબની નમાઝનો સમય થઈ ગયો. સાથમાં મોઅતકિ઼દોની એક જમાઅત હતી. નમાઝની અદાયગીના માટે સર્વ લોકો ગાડીમાંથી ઉતરી પડયા. ટ્રેન પોતાના સમયે ચાલી નીકળી. કેટલાક બદ અકી઼દા લોકોએ હંસી ઉડાવી, કેમ કે ગાડીમાં આપનો તથા સાથીઓનો સામાન રાખેલો હતો. નમાઝથી ફરાગત બાદ જોયું તો પ્લેટફોર્મથી ટ્રેન નીકળી ચૂકી હતી. લોકોનો સામાન એ ગાડીમાં હોવાથી સર્વ લોકો ખૂબ જ બેચેન હતા, પણ મુફતીએ આ'ઝમે હિંદ મુત્મઈન હતા ! હજી સૌ લોકો વિચારી જ રહ્યા હતા કે સામાનનું શું થશે ? એટલામાં જોયું કે ગાર્ડ સાહબ દોડતા દોડતા આવી રહ્યા છે. ગાર્ડે કહ્યું, હુઝૂર ! ગાડી રોકાય ગઈ છે ! હઝરતે ફર્માવ્યું, શું એંજીન ખરાબ થઈ ગયું છે ?! છેવટે ડબ્બામાં બેઠા, એંજીન બદલવામાં આવ્યું અને આ રીતે ૪૫ મિનિટ બાદ ગાડી ચાલી.

*(મૌલાના અબ્દુલ મુજતબા, મશાઈખે કા઼દરિયા, પેજ–૫૧, દિલ્હી, ઈ.સ. ૧૯૮૯)*

## ★ રાજકરણીઓ સત્તાધારીઓ પ્રત્યે બેપરવાઈનો નઝારો ★

આજકાલ તો રાજકરણીઓની ચાપલૂસી તથા પગચંપી કરનારા લોકો કહેવાતા સૂફી બનેલા છે. લાલ જાજમ પાથરીને ભ્રષ્ટાચારી તથા કાફિર મુર્તદ પ્રકારના નેતાઓનું સ્વાગત કરવામાં આવે છે. પણ આ'લા હઝરતની જેમ હુઝૂર મુફતીએ આ'ઝમ પણ તેમની મુલાકાતથી કટરાતા હતા. કહેતા કે, "ફકી઼રને બાદશાહો સાથે શું લેવા દેવા ?!"

ડો. ફખ્રુદ્દીન અલી અહમદ જ્યારે હિંદુસ્તાનના રાષ્ટ્રપતિ હતા તે સમયે તેમણે મુફતીએ આ'ઝમે હિંદની મક઼બૂલિયત અને આપના ઝોહદો તક઼વાના બારામાં સાંભળ્યું તો મુલાકાતનો ઈરાદો કર્યો અને બરેલી શરીફ આવ્યા. સાથમાં ઘણી જ બધી સિક્યૂરીટી ફોર્સ હતી. મુફતીએ આ'ઝમને જ્યારે એની ખબર પડી તો આપ તરત જ મકાન છોડીને કોઈ પડોશીના મકાનમાં જતા રહ્યા. રાષ્ટ્રપતિ જ્યારે આપના મકાન પર પહોંચ્યા તો મુફતીએ આ'ઝમે હિંદ ત્યાં મૌજૂદ ન હતા. ઘણી કોશિશ કરી પણ મુલાકાત ન થઈ શકી. લોકોએ જણાવ્યું કે હઝરત ગવર્નમેન્ટના સત્તાધારીઓ તથા રાજકરણીઓને નથી મળતા, અને આવા ઠાઠમાઠ સાથે આવનારથી તો ઔર નારાજ થાય છે, જેથી રાષ્ટ્રપતિ પરત થઈ ગયા. પણ કેમ કે તેમણે મળવાનો નિશ્ચય કરી લીધો એટલા માટે કેટલાક દિવસો બાદ કોઈ સિક્યૂરીટી વિના તદ્દન એકલા ખબર કર્યા વિના હાજર થયા અને સામાન્ય લોકો જેમ આવીને બેઠા. હુઝૂર મુફતીએ આ'ઝમથી મુલાકાત થઈ તો પોતાની ઓળખ આપી કે હું આથી પહેલાં પણ હાજર થયો હતો પણ આપનાથી મુલાકાત ન થઈ. એના પર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, કેમ કે ત્યારે આપ ફોજની હિફાઝતમાં આવ્યા હતા એટલા માટે મુલાકાત ન થઈ,

અને હવે ખુદાની હિફાઝતમાં આવ્યા છો જેથી મુલાકાત થઈ ગઈ ! (પછી કેટલીક નસીહતો કરી હતી) જેનાથી રાષ્ટ્રપતિ ખૂબ જ પ્રભાવિત થયા.

એ જ પ્રમાણે એકવાર મિસિસ ઈંદિરા ગાંધી માજી વડાપ્રધાને દીદારની ઈજાઝત ચાહી તો આપે મળવાની ના પાડી દીધી. જ્યારે આગ્રહ ખૂબ વધ્યો તો આપે ફર્માવ્યું, એ શર્ત પર મુલાકાત થઈ શકે છે કે મિસિસ ઈંદિરા ગાંધી બુર્ખો લગાડીને આવે અને તદન ખામોશ રહે, એક વાક્ય પણ ન બોલે. કેવળ હું બોલીશ કેમ કે ગૈર સ્ત્રીને જોવી તથા તેનો અવાજ સાંભળવો શરીઅતની રૂએ જાઈઝ નથી. આ શર્તો સાથે માજી વડાપ્રધાનને આપની મુલાકાત ફાયદાકારક ન જણાયી જેથી તેણી મુલાકાતથી દૂર રહી.

*(મૌલાના અબ્દુર્રહમાન સાહબ, જામિઆ અમજદિયા રઝવિય્યહ–ઘોસી, બ હવાલા ફૈઝાને મુફતીએ આ'ઝમ)*

## ★ સફર દરમ્યાન અમ્ર બિલ્મઅરૂફના અજીબ બનાવો ★

હઝરતના પૂરાના ખાદિમ નાસિર મિયાં સાહબ એકવારનો બનાવ વર્ણવે છે કે હું હઝરતની સાથે ટ્રેનમાં સફર કરી રહ્યો હતો. સંજોગોવસાત એ ડબ્બામાં કેટલાક મિલિટ્રીના લોકો હતા જેઓ શરાબ પી રહ્યા હતા. હઝરત પોતાના બર્થ પર સૂઈને ઉઠયા તો એ જોયું અને તેમને મના કર્યું. તેઓ ન માન્યા તો જે એમનો હેડ હતો તેને ઘણા જોરથી ધમકાવ્યો અને એવી જોરદાર થપ્પડ મારી કે શરાબની બોટલ દૂર જઈને પડી, અને તેનું મોં ઉતરી ગયું. હું ગભરાય ગયો કે યા અલ્લાહ ! એવું ન બને કે એઓ હઝરતની ગુસ્તાખી પર ઉતરી આવે ! પરંતું વાહ ! અલ્લાહના શેર ! એ સર્વ ગીધ (ગીદળ) ખામોશ થઈ ગયા અને પછી તેમણે હઝરતથી માફી માગી. *(તઝકેરએ મશાઈખે કાદરિયા રઝવિય્યહ, પેજ–૫૧૭, ફયઝાને મુફતીએ આ'ઝમ)*

એ જ રીતે એકવાર હઝરત શાહગંજ સ્ટેશન પર ટ્રેનની રાહ જાઈને બેઠા હતા. નજીકમાં જ હોટલમાં એક શખ્સ બેસીને ડાબા હાથ વડે ખાય રહ્યો હતો. અચાનક એના પર હઝરતની નજર પડી ગઈ તો આપ તરત જ પોતાની જગાએથી ઉઠીને હોટલની તરફ ચાલી નીકળ્યા. સાથેવાળા લોકો કાંઈ સમજી ન શક્યા જેથી ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા કે કાંઈ જણાવ્યા વિના હઝરત ક્યાં જવા લાગ્યા ?! પછી લોકોએ જોયું કે આપ હોટલમાં એક શખ્સને કહી રહ્યા છે, "તમને તમીઝ ન આવી કે ડાબા હાથે ખાવ છો !" તેણે કહ્યું, "હું હિંદુ છું !" હઝરતે ધમકીભર્યા સ્વરે કહ્યું, "અરે ! ઈન્સાન તો છો !" એટલુ સાંભળતાં જ તે જમણા હાથે ખાવા લાગ્યો. *(ઈસ્તિકામતકા મુફતીએ આ'ઝમ નંબર)*

અહીં ઈન્સાન શબ્દનો ઉપયોગ કેટલો અર્થપૂર્ણ છે ! સરકાર ﷺએ ડાબા હાથે ખાવા પીવાને મના ફર્માવ્યું કે એ શૈતાનનો તરીકો છે. જેથી ડાબા હાથથી ખાવુ ઈસ્લામી તેહઝીબની વિરૂધ્ધ છે.

આ ટૂંકા લેખમાં સૌના માટે હિદાયતના સમંદરો ભરેલા છે. એ આજકાલના અવામ હોય, ઉલમા, પીરો મશાઈખ હઝરાત સૌના માટે આપની જાત મિનારએ નૂર છે. હે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના ચાહકો ! એને વારંવાર વાંચો અને ફક્ત ઝબાની દાવા અને નારા મારવાનુ છોડો અને આપના આદેશો પર અમલ કરવાનું શરૂ કરી દો તો જ તમે આપની મહોબ્બતનો ખરેખર હક્ક અદા કર્યો ગણાશે. આજે એ કહીશ તો ખોટુ ન હશે કે સૌથી વધુ ગુનાહો નજરોથી થઈ રહ્યા છે. બદનઝરી તથા મોબાઈલ થકી ગંદા દશ્યો તથા ગૈર સ્ત્રીઓને જોવાનું આમ થતુ જઈ રહ્યું છે. તો હુઝૂર મુફતીએ આ'ઝમના ચાહકો આપની શરીઅત પર પાબંદી જુઓ એના પર ચાલશો તો જ તમે સાચા ચાહક તથા મુરીદ ગણાશો. એ ઉપરાંત દરેક બાબતોમાં શરીઅતની પાબંદી કરતાં શીખો એ જ આ લેખની નસીહત છે અને એ જ "ફયઝાને મુફતીએ આ'ઝમ" છે. (સંપૂર્ણ)

# સોશિયલ ડિસ્ટન્સ કે સાથ નમાઝ પળ્હને કા હુકમ

**રજૂકર્તા : હઝરત મુફ્તી સાબિર મિસ્બાહી**

*(સદર મુફ્તી દારુલ ઈફતા આમોદ વ સદર ઈદારા શરઈય્યહ–ભરૂચ)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

ઉમૂમી હાલત કે એતેબાર સે અસ્લ હુકમે શરઅ યહી હૈ કે બાજમાઅત નમાઝ કે દૌરાન સફોં કો મુત્તસિલ (ગેપ વિનાની) રખના વાજિબ હૈ ઔર સફોં મેં જગહ છોળના મકરૂહે તેહરીમી હૈ. લેકિન અભી કે માહોલ કે એતેબારસે જબ હુકૂમત કી જાનિબસે સફોં મેં ડિસ્ટન્સ (બે મુકતદી વચ્ચે ગેપ) રખને કે હવાલે સે હુકમ જારી કિયા ગયા તો ઐસે હાલાત મેં શરીઅત કા હુકમ યે હૈ કે જહાં હુકૂમત કી જાનિબસે સે ઈસ કાનૂન પર સખ્તી કે સાથ અમલ કરવાયા જા રહા હૈ ઔર ઉસકે કારકુનાન નઝર રખતે હૈં ઔર મુસલમાનોં કો ઈસ બાત કા કવી અંદેશા હૈ કે હુકૂમત કે કારકુનાન કભી ભી આકર ખિલાફ વર્ઝી કરને કી વજહ સે સખ્ત કારવાઈ કર સકતે હૈં, ઐસે મકામાત મેં ઈકામતે શિઆરે મુસ્લિમીન બાકી રખને કે લિયે ઔર ફિત્ના ઔર ફસાદ સે બચને કે લિયે બવજહે મજબૂરી સોશિયલ ડિસ્ટન્સ કે સાથ નમાઝ અદા કરને કી ઈજાઝત હૈ ઔર જહાં ઐસી હાલત નહીં વહાં ઈસ કી ઈજાઝત ભી નહીં.

ઈર્શાદે ઈલાહી હૈ : لَا يُكَلِّفُ اللّٰهُ نَفۡسًا اِلَّا وُسۡعَهَا "યા'ની અલ્લાહ કિસી જાન પર બોજ નહીં ડાલતા મગર ઉસકી તાકત ભર." *(સૂ. બકરહ, આ. ૨૮૬)*

"અસ્બાહ" મેં હૈ : جاز ترک الواجب دفعاللمشقة

*(અલ અશ્બાહુ વન્નઝાઈર, ૧/૨૬૪)*

"યા'ની : મશક્કત દૂર કરને કે લિયે વાજિબ કો તર્ક કરના જાઈઝ હૈ. ઔર અલ્લાહ (تعالیٰ) બેહતર ઈલ્મવાલા હૈ.

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાનાં

## ગુજરાતીમાં નવાં પ્રકાશનો મંગાવો !

اَلْحَمْدُ لِلّٰه અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતની રક્ષા તથા પ્રચાર પ્રસાર માટે, ઈલ્મે દીનનો પ્રચાર કરતી આપણી આ સંસ્થા ઈ.સ. ૧૯૮૮થી કિતાબો પ્રકાશિત કરી રહી છે. અત્યાર સુધીમાં નાનાં મોટાં થઈને કુલ ૨૫૩ પ્રકાશનો પ્રસિધ્ધ થઈ ચૂક્યાં છે. હાલ આગામી પ્રકાશનો :

- **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ (ભાગ-૨)** (મિશ્કાત શરીફની શરહ)
  પેજીસ : ૬૪૮, **હદિયો : ૩૫૦/-**
  ❐ **લેખક** : હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ
  ❐ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
- **શરહે હદાઈકે બખ્શિશ (ભાગ-૨)**
  *(આલા હઝરતની નઅતો સમજૂતી સાથે)*
  પેજીસ : ૩૨૦, **હદિયો : ૨૫૦/-**
  ❐ **સંપાદક** : મોલાના મુફ્તી ગુલામ હસન કાદરી (પાક.)
  ❐ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
- **ઈસાલે સવાબ અને તેના પ્રકાર** (પેજીસ : ૨૦૦)
  **લેખક** : મલિકુલ ઉલમા હઝરત અલ્લામા ઝફરૂદ્દીન બિહારી رحمۃ اللہ علیہ *(ખલીફએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા)*
  ❐ **અનુવાદક** : મોહતરમા આલિમા અનીસા આપા–હલદરવા (તા. કરજણ, જિ. વડોદરા)
- **મુસલમાનોની બુઝદિલીના સબબો**
  ❐ **લેખક** : મૌલાના મુહમ્મદશાકિર નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
  ❐ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

ઉપરાંત અન્ય કિતાબો પ્રકાશિત થતી રહેશે ઈન્શા અલ્લાહ ! અને મોટાભાગની કિતાબો ફ્રી વહેંચાય છે.

**નોંધ : અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૬૦૦** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.

## અલ્લાહ તઆલા જઝાએ ખૈર અતા કરે !

હાજી ઘોરી સુલ્તાન મુહમ્મદ ફકીરમુહમ્મદના પુત્ર મુઈનઅતીકને ત્યાં એટલાન્ટા (યુ.એસ.એ.) ખાતે પુત્રનો જન્મ થયો તેની ખુશીમાં "બરકાતે ખ્વાજા" (માસિક)માં રૂા. ૫૦૦/–ની ઈમ્દાદ મળી છે. (હસ્તે : હનીફભાઈ તિલકવાડા) જઝાકલ્લાહ ! રબ્બે કરીમ નવાંગતુકને નેક નસીબદાર બનાવે, બંને દુનિયાની નેઅમતોથી નવાઝે. કુટુંબીજનોને મુબારક બાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **મૌતુલ આલિમ મૌતુલ આલમ** : દયાદરા ખાતે દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદીમાં ૨૦ વરસ સુધી મુદર્રિસ તરીકે ખિદમત કરનાર હઝરત મૌલાના વાષિક અલી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُનો પોતાના વતન બિહાર (જિ. સીતામઢી) ખાતે તા. ૧૪–૭–૨૦૨૦, ૨૨–ઝીલ કઅદ, હિ.સ. ૧૪૪૧ મંગળવારના રોજ કીડનીની તકલીફના કારણે ઈન્તેકાલ થઈ ગયો છે. મર્હૂમ મૌલાના ખૂબ જ નેક, બાઅખ્લાક અને સૂફી તબીઅતવાળા હતા. મર્હૂમ મૌલાના પોતાની પાછળ ચાર પુત્રીઓ તથા પત્નીને છોડી ગયા છે. બે પુત્રીઓની શાદી થઈ ચૂકી છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, તેમની ખિદમતોને કબૂલ ફર્માવે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)
- **બ્લેકબર્ન** : (યુ.કે.) દારૂલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામના આદ્ય સ્થાપક મર્હૂમ હાજી વલીભાઈ ગોરજીના નેક ફરઝંદ, દારૂલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ– થામના આજીવન સભ્ય અને સક્રિય કાર્યકર તથા મસ્જિદે ગૌષિયા, બ્લેકબર્ન (યુ.કે.)ના સદર મુદર્રિસ અને સંચાલકની અનેક જવાબદારી સંભાળતા **હાફેઝ નિષાર હાજી વલીભાઈ ગોરજી** ટૂંકી માંદગી બાદ અંદાજે ૬૨ વર્ષની વયે તા. ૧૨–૪–૨૦૨૦ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા છે... اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَيۡهِ رٰجِعُوۡنَ
- **બોલ્ટન** : (યુ.કે.) ખાતે બશીરભાઈ ચોખાવાલા (ઝંઘારવાલા) તા. ૧૫–૪–૨૦૨૦, ૨૧–શાબાન હિ.સ. ૧૪૪૧, બુધવારના રોજ ઈન્તેકાલ કરી ગયા છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે નઝમાબહેન અલીભાઈ ચીનાનો તા. ૧૦–૦૭–૨૦૨૦, મુ. ચાંદ ૧૯ ઝિલ કઅદહ, હિ.સ. ૧૪૪૧, જુમ્આનાના રોજ ઈન્તેકાલ થયો છે.
- **ભરૂચ** : (મદીના પાર્ક)થી ઈબ્રાહીમભાઈ સુતરેલવાળા જણાવે છે કે તેમનાં માસી હજીયાણી આઈશાબેન વલી ગટી (કરમાડવાળા)નો તા. ૧૩–૭–૨૦૨૦, ૨૧–ઝીલ કઅદ હિ.સ. ૧૪૪૧ સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ભૂલ સુધારો

**'બરકાતે ખ્વાજા'** (માસિક) જુન–જુલાઈ : ૨૦૨૦ના અંકમાં પેજ નં. ૪૩ જમણી કોલમ, નીચેથી ઉપર લીટી નંબર ૬માં 'رَضِیَ اللّٰهُ عَنۡهُ' કાઢી નાખવું. **નોંધ** : કોમ્પ્યુટર કોડ આપવામાં ભૂલ થવાથી આ ભૂલ રહી ગઈ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*